
# 'દેવદ્રવ્ય અને જિનપૂજા' સમીક્ષા



મુનિ પ્રશમપ્રભ વિજય

શ્રીદાન-પ્રેમ-રામચન્દ્ર-ભદ્રંકર-મહોદય-જિનપ્રભ-પુણ્યપાલ-હેમભૂષણસૂરીશ્વરેભ્યો નમઃ

# 'દેવદ્રવ્ય અને જિનપૂજા'

# સમીક્ષા


: લેખક :

માર્મિક પ્રવચનકાર પ.પૂ.પંન્યાસ શ્રીયુગપ્રભવિજયજી મ.સા.ના શિષ્યરત્ન

તાત્ત્વિક પ્રવચનકાર પ.પૂ.ગણી શ્રીસંયમપ્રભવિજયજી મ.સા.ના શિષ્યાણુ

મુનિ પ્રશમપ્રભવિજય



: પ્રકાશક :

સ્યાદ્વાદ પ્રકાશન

પ્રકાશન - વિ.સં. ૨૦૭૨

મૂલ્ય : પુસ્તિકાનો વધુને વધુ પ્રચાર

**પત્ર સંપર્ક : આશિષભાઈ પ્રવીણચંદ્ર કોઠારી**
સાંઈધારા એન્ટરપ્રાઈઝ, શોપ નં.૯,
મુનિસુવ્રત એપાર્ટમેન્ટ, નાલાસોપારા સ્ટેશનની સામે,
અલકાપુરી રોડ, નાલાસોપારા (ઈસ્ટ), થાણા-૪૦૧૨૦૯

**: પ્રાપ્તિસ્થાન :**

**મુંબઈ : ૧) વિજયભાઈ ભેમાણી**
જે-ઈ, ૧૩૪૦, પહેલો માળ, ભારત ડાયમંડ બુર્સ,
બી. કે. સી., બાન્દ્રા (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૧

**૨) સમીરભાઈ મસાલીઆ**
૧, ડાયમંડ પ્લાઝા, લક્ષ્મીનારાયણ શોપીંગ સેન્ટર,
પોદ્દાર રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૭.
ફોન : ૦૨૨-૨૮૮૮ ૮૩૫૬

**સુરત : નરેશભાઈ શાંતિલાલ શાહ**
૫-ડી, સી-બિલ્ડીંગ, સિદ્ધચક્ર કોમ્પ્લેક્સ,
સરગમ શોપિંગ સેન્ટર પાસે, ઉમરા, સુરત

**અમદાવાદ : રશ્મી બી. શાહ**
૪૦૪, જય એપાર્ટમેન્ટ, ન્યુ શારદામંદીર રોડ,
સુખીપુરા બસ સ્ટોપ પાસે, વસંતકુંજ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.

**આવૃત્તિ :** પ્રથમ
**નકલ :** ૧૦૦૦

**પુસ્તક વાંચ્યા પછી જો તે ન રાખવું હોય તો પ્રાપ્તિસ્થાનના એડ્રેસ પર પરત કરી શકાશે.**

# ...લાભાર્થી પરિવારો...

...શુભેચ્છક...

યતીનભાઈ અમૃતલાલ શાહ પરિવાર

જેશીંગલાલ ચોથાલાલ મેપાણી પરિવાર

વિજયભાઈ અમૃતલાલ ભેમાણી પરિવાર

સરેમલજી ભેરાજી પરિવાર-મુંબઈ

...સહાયક...

કાંતીલાલ સાકળચંદજી પરિવાર

જેઠીદેવી માણેકચંદજી સિંઘવી પરિવાર

# કિંચિત્ વક્તવ્ય

વિ.સં. ૨૦૪૪ની સાલમાં અમુક ગીતાર્થ આચાર્ય ભગવંતોને ઈરાદાપૂર્વક ટાળી રાજનગરમાં સીમિત શ્રમણ સંમેલન ગોઠવાયું. તેમાં અનેક અશાસ્ત્રીય નિર્ણયો કરાયા, જે પૈકીના દ્રવ્યવ્યવસ્થા અંગેના કુનિર્ણયોને 'તે શાસ્ત્રીય છે' તેમ સિદ્ધ કરવા પંન્યાસ **શ્રીચંદ્રશેખર વિ.મ.સા.** એ **'ધાર્મિક વહીવટ વિચાર'** નામનું અધાર્મિક પુસ્તક લખ્યું. તે પુસ્તકની ખોટી વાતોને સાચી પુરવાર કરવા આ.**શ્રીઅભયશેખરસૂરિજી** (તે કાળે ગણિવર્ય) એ તેમાં **પરિશિષ્ટ નં. ૨** લખ્યું, જેમાં ક્યાંક અધૂરા શાસ્ત્રપાઠ રજૂ કરી, તો ક્યાંક પૂરા શાસ્ત્રપાઠો રજૂ કરવા છતાં તેનું અવળું અર્થઘટન કરી સ્વપક્ષને શાસ્ત્રીયતાનું મહોરું પહેરાવી જન સમક્ષ મૂકવાનું કામ કર્યું. તેમના પક્ષને અશાસ્ત્રીય ઠરાવતી અનેક પુસ્તિકાઓ વગેરે અમારા પક્ષ તરફથી જાહેરમાં મૂકાઈ હોવા છતાં આ.શ્રીઅભયશેખરસૂરિજી પોતાની **'દેવદ્રવ્ય અને જિનપૂજા'** પુસ્તકમાં એવો જૂઠો ઢંઢેરો પીટી રહ્યાં છે કે '' 'દેવદ્રવ્યથી પૂજા કરનારને દેવદ્રવ્યભક્ષણનો કે વિનાશનો દોષ લાગે' એવું ખુદ સ્વ.પૂ.આ.**શ્રીરામચંદ્રસૂરિ મ.સા.** પણ સિદ્ધ કરી નથી શક્યા. હજું પણ તેઓને જાહેર આહ્વાન છે કે આવું જણાવનાર કોઈપણ શાસ્ત્રપાઠ હોય તો તેઓ એના સ્પષ્ટ સરળ અનુવાદ સાથે જાહેર કરી એનો પ્રચાર કરે...'' અમારા પક્ષ તરફથી સપાઠ પ્રચાર થયો છે, છતાં આ કેવો કૂડો અપપ્રચાર! કે અમે શાસ્ત્રપાઠ નથી આપી શકતા. ખરેખર સામોપક્ષ શું કહે છે, તે કદાગ્રહી માણસ વિચારી સુદ્ધા નથી શકતો. આ.શ્રીઅભયશેખરસૂરિજી સમજે કે ન સમજે, પરંતુ લાયક જીવો તેમની ભ્રામક વાક્જાળમાં સપડાઈ ન જાય અને 'દેવદ્રવ્યથી જિનપૂજા કરનારને કઈ રીતે દેવદ્રવ્યના વિનાશનો દોષ લાગે છે' એ વાત શાસ્ત્રાધારે સમજી શકે તે માટે આ પુસ્તિકા પ્રસ્તુત કરવામાં આવે છે.

આ પુસ્તિકામાં આ.શ્રીઅભયશેખરસૂરિજીએ લખેલ **'દેવદ્રવ્ય અને જિનપૂજા'** પુસ્તક ઉપર તથા **'ધાર્મિક વહીવટ વિચાર'** પુસ્તકના પરિશિષ્ટ-૨માં

**'દેવદ્રવ્ય અંગેના ઠરાવ પર ચિંતન'** શીર્ષક હેઠળ લખાયેલ  તેમના જ કેટલાક લખાણ ઉપર સમીક્ષા કરવામાં આવશે. પુસ્તિકામાં પદાર્થનું નિરૂપણ કરતા મેં ક્યાંક ક્યાંક શબ્દપ્રહારો પણ કર્યાં છે, તે આ.શ્રીઅભયશેખરસૂરિજી દ્વારા કરાયેલા શબ્દપ્રહારોના પ્રતિપ્રહારરૂપ છે. આ લખાણ વાંચી જિજ્ઞાસુઓને આ.શ્રીઅભયશેખરસૂરિજીની વાતોમાં છુપાયેલી અશાસ્ત્રીયતા અને શાસ્ત્રકારોનો વાસ્તવિક આશય શું છે તે સ્પષ્ટ થશે એવી શ્રદ્ધા સાથે...

વિ.સં.૨૦૭૨,                                                                    **- મુનિ પ્રશમપ્રભવિજય**

પોષ સુદ-૧૩

ભીવંડી

# ઉપકાર સ્મૃતિ

★ પરમારાધ્યપાદ સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**, નમસ્કાર મહામંત્રસ્મારક પ.પૂ.પં.શ્રી **ભદ્રંકરવિજયજી** ગણિવર્ય તથા મધુરભાષી પ.પૂ.આ.ભ.શ્રી **જિનપ્રભસૂરીશ્વરજી મહારાજા** જેવા સિદ્ધાંતનિષ્ઠ અને પ્રભાવક મહાપુરુષોની પરંપરા મળવાના કારણે સન્માર્ગની પ્રાપ્તિ થઈ શકી એ બદલ એ ઉપકારી શ્રેણીના ચરણોમાં નતમસ્તક વંદન કરું છું.

★ ત્યાગી-તપસ્વી પ.પૂ.મુનિરાજ **શ્રીવારિષેણવિજયજી મ.સા.**નું ઉત્તમ ચારિત્ર અને નિર્દોષ ચર્યાએ અમને ઉત્તમ ચારિત્રનું પ્રેરણા પાથેય પૂરું પાડ્યું એ બદલ તેમના ઉપકારને આ ક્ષણે સ્મરણ કરું છું.

★ જેમની કૃપાવૃષ્ટિ અમારા ઉપર નિરંતર વરસતી રહે છે, જેઓ સદાને માટે અમારું હિત ચિંતવે છે, જેઓશ્રી અમારા છત્રછાયારૂપ છે એવા મોટા ગુરુમહારાજ પ.પૂ.પં.**શ્રીયુગપ્રભવિજયજી મ.સા.**ના ચરણારવિંદે કોટી વંદન.

★ જેમની નિગરાણી હેઠળ મારું જીવન ઘડતર થયું છે, અદ્યાવધિ મારો શાસ્ત્રાભ્યાસ જેમની નિશ્રાએ થયો છે, જેઓશ્રી સદાને માટે મારા ગુણવિકાસની ચિંતા કરનારા છે તથા આ પુસ્તિકાના લખાણમાં મને જેમની સતત સહાય પ્રાપ્ત થઈ છે એવા અનેક શિષ્યોના યોગક્ષેમકર્તા પ.પૂ. ગુરુદેવ ગણિવર્ય **શ્રીસંયમપ્રભવિજયજી મ.સા.**ના ચરણ કમલમાં શત શત વંદન.

**नमोऽस्तु वर्धमानाय**

**नमो नमः श्रीरामचन्द्रसूरये**

**ऐं नमः**

# 'દેવદ્રવ્ય અને જિનપૂજા' સમીક્ષા

તારક તીર્થંકર પરમાત્માનો ધર્મ આજ્ઞાપ્રધાન છે. પરમાત્માની આજ્ઞાને આરાધીને અદ્યાવધિ અનંતા આત્માઓ સુખમય પરમપદને પામ્યા છે, તો વળી તેમની આજ્ઞાને વિરાધીને અગણિત આત્માઓ અનંત સંસારના દુઃખમય વમળમાં અટવાઈ પડ્યા છે. જો સુખી થવાની ઈચ્છા હોય તો પરમાત્માની આજ્ઞાને આરાધવી જ રહી, પરંતુ આજ્ઞાને આરાધવા માટે પ્રથમ તેની સમજ પ્રાપ્ત કરવી પડે. જેમ સમજણ વિના આજ્ઞાની આરાધના નિષ્ફળ નિવડે છે, તેમ વિપરીત વાતને પ્રભુની આજ્ઞા સમજી આરાધીએ તો તે વિફળ અર્થાત્ કલ્પનાતીત સંસારવૃદ્ધિરૂપ વિપરીત ફળ આપનારી બને છે. આપણે સંસારવૃદ્ધિના ભાગી ન બની જઈએ અને પરમાત્માની આજ્ઞાને યથાર્થ સમજીને આરાધી શકીએ તે માટે આ લખાણનો પ્રયાસ છે.

આચાર્ય **શ્રીઅભયશેખરસૂરિજી**એ ઈષ્ટફલસિદ્ધિ, તિથિ, નવાંગી ગુરુપૂજન, ગુરુદ્રવ્ય, દેવદ્રવ્ય આદિ અનેક વિષયોમાં ઘણી વિપરીત વાતોને પ્રભુની આજ્ઞારૂપે સ્વીકારી પોતાનો સંસાર તો વધાર્યો જ છે, ઉપરાંત તે વિપરીત વાતોને પુસ્તકોમાં લખી કેટલાય અજ્ઞાન આરાધકોને ઉન્માર્ગે ચડાવવાનો કૂટ પ્રયાસ કર્યો છે. તેમની વાતોમાં ભરમાઈને લાયક જીવો સંસારના રવાડે ચડી ન જાય તે માટે એ દરેક વિષયોની શાસ્ત્રપાઠો સાથે વિસ્તારથી સમીક્ષા કરવી પડે એમ છે. પ્રસ્તુતમાં એ વિષયો પૈકી **'દેવદ્રવ્ય'** વિષયની સમીક્ષા કરવામાં આવી રહી છે.

આચાર્ય શ્રીઅભયશેખરસૂરિજીએ પોતાના ગણિપર્યાયમાં લખેલ **'દેવદ્રવ્ય અને જિનપૂજા'** પુસ્તકની તથા યત્કિંચિત્ **'ધાર્મિક વહીવટ વિચાર'** પુસ્તકના

પરિશિષ્ટ-૨ની અશાસ્ત્રીય વાતો ઉપર આપણે હવે શાસ્ત્રીય સમીક્ષા કરીએ.

'દેવદ્રવ્ય અને જિનપૂજા' પુસ્તકના પૃ.૧ ઉપર તેમણે **'શું દેવદ્રવ્યનો ઉપયોગ જિનપૂજા વગેરેમાં થઈ શકે? અને તેમ કરનારને દેવદ્રવ્યભક્ષણનું પાપ લાગે?'** આવો પ્રશ્ન ઊભો કરી તેના સમાધાનમાં નિમ્નોક્ત શાસ્ત્રપાઠો રજૂ કર્યાં છે.

(i) सति हि देवद्रव्ये प्रत्यहं चैत्यसमारचन-महापूजा-सत्कारसम्भवः।

(શ્રાદ્ધવિધિ પૃ.૫૮)[a]

**અર્થ :** *દેવદ્રવ્ય હોય તો દરરોજ ચૈત્યસમારચન (સમારકામ), મહાપૂજા-સત્કાર વગેરે શક્ય બને.*

(ii) तथा तेन पूजामहोत्सवादिषु श्रावकैः क्रियमाणेषु ज्ञानदर्शनचारित्रगुणाश्च दीप्यन्ते। (દર્શનશુદ્ધિપ્રકરણ પૃ.૨૫૨)

**અર્થ :** *તથા તેના વડે (દેવદ્રવ્ય વડે) શ્રાવકોથી કરાતા પૂજા, મહોત્સવ વગેરેથી જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણો દીપી ઉઠે છે.*

(iii) चैत्यद्रव्यस्य जिनभवनबिम्बयात्रास्नात्रादिप्रवृत्तिहेतोर्हिरण्यादेर्वृद्धिः कर्तुमुचिता। (શ્રાદ્ધદિનકૃત્ય પૃ.૨૬૯)

**અર્થ :** *જિનભવન, જિનબિંબની (અષ્ટાહ્નિકાદિ) યાત્રા-સ્નાત્ર વગેરે પ્રવૃત્તિઓમાં કારણભૂત સુવર્ણ વગેરેરૂપ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી ઉચિત છે.*

ઉપરોક્ત અર્થને જણાવનારા પાઠો દ્રવ્યસપ્તતિકા, શ્રાદ્ધદિનકૃત્ય, ધર્મસંગ્રહ વગેરે ગ્રન્થોમાં પણ આવે છે. જે તેમણે 'ધા.વ.વિ. પરિશિષ્ટ-૨'માં બતાવ્યા છે.

ઉપરોક્ત પાઠોમાં દેવદ્રવ્યથી જેમ ચૈત્યના સમારકામ (જીર્ણોદ્ધાર) થઈ શકે, તેમ પૂજા, મહાપૂજા, મહોત્સવ, સ્નાત્ર, સત્કાર આદિ પણ થઈ શકે છે તેમ બતાવ્યું છે. વળી ત્યાં દેવદ્રવ્યના કોઈ પણ વિભાગની વિવક્ષા વગર સામાન્યથી જ દેવદ્રવ્યના ઉપયોગનું નિરુપણ કર્યું છે, આથી આ.શ્રીઅભયશેખરસૂરિજી 'દરેક પ્રકારના દેવદ્રવ્યથી જિનપૂજા આદિ થઈ શકે છે.' તેમ માને છે.

હવે ઉપર બતાવેલા શાસ્ત્રપાઠોનું વાસ્તવિક તાત્પર્ય શું છે? આ.શ્રી

a. શ્રાદ્ધવિધિપ્રકરણના પાઠોના પેજ નંબર પૂ.આ.શ્રીજયદર્શનસૂ.મ.સા. દ્વારા સંપાદિત 'જિનાજ્ઞા પ્રકાશન'ના પુસ્તક પ્રમાણેના છે.

અભયશેખરસૂરિજી એનું અર્થઘટન કેટલું ખોટું કરી રહ્યાં છે? એ સમજતા પૂર્વે 'સંબોધ પ્રકરણ'[a] ગ્રન્થમાં દેવદ્રવ્યના જે ત્રણ વિભાગો બતાવ્યા છે તે અને તેમનું કાર્ય જોઈ લઈએ.

(A) **પૂજા દેવદ્રવ્ય :** જિનેશ્વર દેવના દેહની ભક્તિ માટે શ્રાવકોએ આપેલ રકમ 'પૂજા દેવદ્રવ્ય' (જિનમૂર્તિ સાધારણ) કહેવાય છે. તેનો ઉપયોગ જિનમૂર્તિની કેસર, સુખડ, પુષ્પ, દૂધ વગેરેથી ભક્તિ કરવામાં થાય છે.

(B) **કલ્પિત દેવદ્રવ્ય :** ધનવાન શ્રાવકોએ અથવા જિનાલય બંધાવનાર શ્રાવકે દેરાસર અંગેના તમામ કાર્ય કરવા માટે જે રકમ મૂકી હોય તે 'કલ્પિત દેવદ્રવ્ય' (જિનમંદિર સાધારણ) છે. તેમાંથી કેસરાદિ લાવવા, પૂજારીનો પગાર, દીવા બત્તીનો ખર્ચ વગેરે જિનમંદિર સંબંધી બધા કાર્યો થાય.

(C) **નિર્માલ્ય દેવદ્રવ્ય :** પ્રભુ આગળ ચડાવેલા અક્ષત, નૈવેદ્ય, ફળ, વસ્ત્ર વગેરેના વેચાણથી જે રકમ પ્રાપ્ત થાય તે 'નિર્માલ્ય દેવદ્રવ્ય' કહેવાય છે. તે દ્રવ્ય જિનમંદિરના કાર્યમાં (એટલે કે જીર્ણોદ્ધારાદિમાં) તથા પ્રભુ માટે સુવર્ણાદિના આભૂષણો બનાવવા વાપરી શકાય. તેમાંથી પૂજારીનો પગાર કે કેસર, સુખડ વગેરે લાવીને પ્રભુભક્તિ ન કરી શકાય.

અહીં 'સંબોધ પ્રકરણ' ગ્રન્થ અનુસાર દેવદ્રવ્યના વિભાગો તથા તેમનો વિનિયોગ ક્યાં થાય અને ક્યાં ન થાય એ બધું સ્પષ્ટ હોવા છતાં પણ 'सति हि देवद्रव्ये प्रत्यहं०' વગેરે પાઠોથી પૂજા, મહાપૂજા, મહોત્સવાદિ કાર્યોમાં વિભાગની વિવક્ષા વગર જ કોઈપણ પ્રકારનું દેવદ્રવ્ય વાપરી શકાય એવી વાત પકડી રાખનાર આ. શ્રીઅભયશેખરસૂરિજીને આટલી વસ્તુ અસંગત રહેશે.

(i) સંબોધ પ્રકરણકારે ત્રણ પ્રકારના દેવદ્રવ્યથી ચોક્કસ કયાં કાર્યો થઈ શકે અને કયાં કાર્યો નહીં એ બતાવેલું છે, તે નિરર્થક ઠરે.

a. चेइअदव्वं तिविहं, पूआ-निम्मल-कप्पियं तत्थ। आयाणमाइ पूआदव्वं जिणदेहपरिभोगं।।१६३।। अक्खयफलबलिवत्थाइसंतिअं जं पुणो दविणजायं। तं निम्मलं वुच्चइ, जिणगिहकम्मंमि उवओगं ।।१६४।। दव्वंतरनिम्मवियं निम्मलं पि हु विभुषणाइहिं। तं पुण जिणसंसग्गि, ठविज्ज णण्णत्थ तं भयणा।।१६५।। रिद्धिजुअसम्मएहिं सद्धेहिं अहव अप्पणा चेव। जिणभत्तीइ निमित्तं जं चरियं सव्वमुवओगि ।।१६६।।

(ii) નિર્માલ્ય દેવદ્રવ્યમાંથી પણ જિનપૂજા થઈ શકે એવું માનવાની આપત્તિ આવે.

(iii) પૂજા દેવદ્રવ્યથી મહોત્સવ, પૂજારીનો પગાર, દીવાબત્તી વગેરે કાર્યો પણ થઈ શકે, એવું માનવું પડે.

આથી આ.શ્રીઅભયશેખરસૂરિજીનું 'सति हि देवद्रव्ये प्रत्यहं0' વગેરે પાઠોનું અર્થઘટન ખોટું છે.

**શંકા :** તો પછી 'सति हि देवद्रव्ये प्रत्यहं0' વગેરે પાઠોનું અર્થઘટન શું કરવું?

**સમાધાન :** એ પાઠો દરેક પ્રકારના દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી કેટલી જરૂરી છે, એ સૂચવતા કહે છે કે 'તે તે પ્રકારના દેવદ્રવ્યનો નિધિ જો તમે કરેલો હશે તો તેમાંથી જે જે પ્રકારના કાર્યો કરવાના શાસ્ત્રમાં કહ્યાં છે, તે બધા કાર્યો સારી રીતે થઈ શકશે.' મતલબ કે પૂજા દેવદ્રવ્ય (જિનમૂર્તિસાધારણ)નું ભંડોળ હશે તો પૂજાના કાર્યો તથા કલ્પિત દેવદ્રવ્ય (જિનમંદિર સાધારણ)નું ભંડોળ હશે તો પૂજા, મહાપૂજા, મંદિરનો વહીવટી ખર્ચ વગેરે કાર્યો સારી રીતે થઈ શકશે. નિર્માલ્ય અને સ્વપ્નાદિની ઉછામણીનું દ્રવ્ય પૂરતા પ્રમાણમાં હશે તો જિનાલયનું સમારકામ, નવ્ય જિનાલય બનાવવું વગેરે કાર્યો સંભવિત બનશે. આથી બધા પ્રકારનું દેવદ્રવ્ય ખૂબ જ જરૂરી હોવાથી તેની વૃદ્ધિ કરવી અને એનો વિનાશ ન થઈ જાય એની કાળજી રાખવી. આ બધા દેવદ્રવ્યો હશે તો જૂના જિનાલયો ઊભા રહેશે. જરૂર હશે ત્યાં નવા જિનાલયો બનતા રહેશે. તેમાં જિનપૂજા, મહાપૂજા ને મહોત્સવો થતા રહેશે. મહાત્માઓ જિનાલયના દર્શનાર્થે પધારશે. વ્યાખ્યાનાદિ કરશે. તેનાથી લોકો પ્રતિબોધ પામશે. જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણો દીપી ઉઠશે. આ રીતે જૈન ધર્મ પુષ્ટ બનતો જશે. આમ સકલ કલ્યાણનું મૂળ આ દેવદ્રવ્ય છે, એમ એ પાઠો જણાવે છે.

**શંકા :** તમે નિર્માલ્ય દેવદ્રવ્યના કાર્ય ભેગું સ્વપ્નાદિની ઉછામણીના દેવદ્રવ્યનું કાર્ય પણ જિનાલયનું સમારકામ, નૂતન જિનાલય નિર્માણ વગેરે બતાવ્યું. તો શું સ્વપ્નાદિની ઉછામણીનું દ્રવ્ય કલ્પિત દેવદ્રવ્ય નથી? કારણ શું?

**સમાધાન :** ના. સ્વપ્નાદિની ઉછામણીનું દ્રવ્ય કલ્પિત દેવદ્રવ્ય નથી. આનું કારણ આપણે વિગતવાર સમજીએ. ઉપર બતાવેલા પૂજા, કલ્પિત અને નિર્માલ્ય દેવદ્રવ્ય પૈકી પહેલા બે દેવદ્રવ્ય એવા છે કે જે પ્રભુભક્તિ વગેરે રૂપે અર્પણ *નથી* કરાયેલાં, પરંતુ તેનાથી પ્રભુભક્તિ વગેરે કાર્ય હવે પછી કરવાનું છે. જ્યારે નિર્માલ્ય દેવદ્રવ્ય પ્રભુભક્તિરૂપે અર્પણ કરાયેલું દ્રવ્ય છે. આથી સમજી શકાય છે કે પહેલાં બે પ્રકારમાં શ્રાવકે પ્રભુભક્તિ નિમિત્તે કે મંદિરના વહીવટ નિમિત્તે રકમ ખર્ચવાનો સંકલ્પ કરેલો હોવાથી એ 'સંકલ્પિત દેવદ્રવ્ય' છે. જ્યારે નિર્માલ્ય દેવદ્રવ્ય પ્રભુને સમર્પિત થઈ ચૂકેલું હોવાથી એ 'સમર્પિત દેવદ્રવ્ય' છે.

સ્વપ્ન-ઉપધાન-સંઘમાળ-અંજનશલાકા-પ્રતિષ્ઠા-આરતી મંગળદીવાની ઉછામણીનું દ્રવ્ય, પ્રભુને પ્રથમ પૂજા કરવાના કે મંદિર દ્વારોદ્‌ઘાટનના ચડાવાનું દ્રવ્ય વગેરેમાં પ્રભુચરણે તેટલી રકમનું સમર્પણ કરાય છે ને પછી સ્વપ્ન ઝુલાવવા, માળ પહેરવી, પ્રતિષ્ઠા કરવી વગેરે તે તે લાભ લેવાય છે. આમ આ 'સમર્પિત દેવદ્રવ્ય' છે.

પ્રશ્ન એ છે કે સ્વપ્ન-ઉપધાન-સંઘમાળ વગેરે ઉપર જણાવેલ ઉછામણીની આવક શેમાં વપરાય? તો સમજી શકાય છે કે પૂજા દેવદ્રવ્ય અને કલ્પિત દેવદ્રવ્ય 'સંકલ્પિત' હોવાથી દાતાના સંકલ્પ મુજબ તેની રકમ પ્રભુભક્તિ, પૂજારીનો પગાર વગેરેમાં વપરાય છે. જ્યારે નિર્માલ્ય દેવદ્રવ્ય 'સમર્પિત' હોવાથી તેની રકમ કેસરાદિથી પ્રભુભક્તિ કે પૂજારીના પગાર વગેરેમાં નહીં, પરંતુ જીર્ણોદ્ધાર, નૂતન જિનમંદિર નિર્માણ તથા પ્રભુને સુવર્ણાદિના આભૂષણો વગેરે રૂપે વપરાય છે, તેમ સ્વપ્નાદિની ઉછામણીની આવક પણ 'સમર્પિત દેવદ્રવ્ય' હોવાથી જીર્ણોદ્ધારાદિમાં વપરાય, કેસરાદિથી પ્રભુભક્તિ કે પૂજારીનો પગાર વગેરેમાં નહીં.

વળી સંબોધ પ્રકરણકારે કરેલ કલ્પિત દેવદ્રવ્યની વ્યાખ્યા આપણે જોઈ ગયા. એમાં ક્યાંય સ્વપ્નાદિની ઉછામણીના દ્રવ્યને 'કલ્પિત' નથી કહ્યું. કારણ કલ્પિત દેવદ્રવ્ય 'સંકલ્પિત' છે. જ્યારે ઉછામણીનું દેવદ્રવ્ય

'સમર્પિત' છે. એ સિવાય પણ એ બન્ને વચ્ચે અનેક તફાવત જોવા મળે છે કે જેથી ઉછામણીનું દ્રવ્ય 'કલ્પિત' કહી જ ના શકાય. એ તફાવતોને આપણે ક્રમસર જોઈએ.

(૧) કલ્પિત દેવદ્રવ્યના દાતાને માળ પહેરવી, સ્વપ્ન ઉતારવું, પહેલી પૂજા કરવી વગેરે કોઈ હક્ક નથી મળતો. જ્યારે ઉછામણી લેનાર દાતાને તે તે હક્ક મળે છે.

(૨) કલ્પિત દેવદ્રવ્યની રકમ દાતાની ઈચ્છા મુજબ જ વાપરવી પડે. જેમ કે કોઈક દાતાએ ૧ વર્ષના પૂજારીના પગાર માટે રકમ આપી હોય તો તે રકમ પૂજારીને પગાર આપવામાં ખર્ચવી પડે. જ્યારે ઉછામણીની રકમ દાતાની ઈચ્છા મુજબ વપરાતી નથી, અર્થાત્ તે રકમ જીર્ણોદ્ધાર, નૂતન મંદિર-રચના, જિનપ્રતિમા કે તેના આભૂષણ બનાવવા વગેરેમાંથી ક્યાં ખર્ચવી, એ દાતાના અધિકારક્ષેત્રની બહારની વસ્તુ છે.

(૩) કલ્પિત દેવદ્રવ્યની રકમ આપનાર દાતા તેમાંથી પૂજા, પક્ષાલ વગેરે કરે તો એ સ્વદ્રવ્યથી પૂજા કરેલી કહેવાય, કારણ કલ્પિત દેવદ્રવ્ય દાતા માટે અપેક્ષાએ 'સ્વદ્રવ્ય'[a] પણ છે. જ્યારે ઉછામણીનું દ્રવ્ય સ્વદ્રવ્ય રહેતું નથી, દેવદ્રવ્ય જ હોય છે.

(૪) કલ્પિત દેવદ્રવ્ય શ્રાવક પોતાની પાસે પણ રાખી શકે ને સંઘને પણ વ્યવસ્થા કરવા આપી શકે. *જેમ કે શ્રાવક મનમાં નિર્ધાર કરે કે '૧ વર્ષ સુધી દરરોજ* મારે રૂા. ૫૦૦ના પુષ્પો દેરાસરમાં બધા ભક્તિ કરી શકે તે માટે લાવીને મૂકવા.' તો એ વ્યક્તિ રકમ પોતાની પાસે રાખીને પણ સંકલ્પ પૂરો કરી શકે ને સંઘને પણ રકમ સોંપી શકે. જ્યારે ઉછામણીની રકમ સંઘને સોંપી દેવાની હોય.

આમ કલ્પિત દેવદ્રવ્ય અને સ્વપ્નાદિની ઉછામણીના દ્રવ્ય વચ્ચે

a. પિતાએ દીકરીને દાયજામાં આપવા માટેની પૂર્વેથી નિર્ધારીને રાખેલી રકમને જેમ અપેક્ષાએ દીકરીનું દ્રવ્ય અને અપેક્ષાએ પિતાનું દ્રવ્ય કહેવાય છે, તેમ કલ્પિત દેવદ્રવ્ય શ્રાવકે જિનભક્તિ નિમિત્તે નિર્ધારેલું દ્રવ્ય હોવાથી તેને અપેક્ષાએ દેવદ્રવ્ય અને અપેક્ષાએ સ્વદ્રવ્ય કહી શકાય છે.

જમીન આસમાનનો તફાવત હોવાથી ઉછામણીનું દ્રવ્ય કલ્પિતમાં સમાવેશ પામતું નથી. જ્યારે ઉપરોક્ત ચારેય મુદ્દામાં ઉછામણીનું દ્રવ્ય અને નિર્માલ્ય દેવદ્રવ્ય બિલકુલ સામ્ય ધરાવે છે. તેથી સમજી શકાય છે કે નિર્માલ્ય દેવદ્રવ્યની જે ગતિ થાય, તેવી જ ગતિ ઉછામણીના દેવદ્રવ્યની પણ થાય. આમ ઉછામણીનું દ્રવ્ય જીર્ણોદ્ધારાદિમાં જાય, કેસરાદિથી પૂજા કરવા વગેરેમાં નહીં.

**શંકા :** ઉપરોક્ત યુક્તિઓથી તમે 'ઉપધાન-સ્વપ્ન વગેરેની ઉછામણીની રકમ કલ્પિત દેવદ્રવ્ય ન કહેવાય' એ સાબિત કર્યું. એ સિવાય તમારી પાસે બીજી કોઈ યુક્તિઓ કે પુરાવા ખરા કે જે એ વાતને વધુ પુષ્ટ કરે ?

**સમાધાન :** ઘણા જ છે. જેનાથી એકદમ સ્પષ્ટ થશે કે ઉપધાન-સ્વપ્નાદિની ઉછામણીનું દ્રવ્ય 'કલ્પિત દેવદ્રવ્ય' નથી. આપણે એને એક પછી એક વિચારીએ.

(A) સામો પક્ષ એવું માને છે કે ''યતિઓના કાળમાં દેરાસરના નિભાવની રકમ આવવાની બંધ થઈ ગઈ, તેથી સ્વપ્ન-ઉપધાન વગેરેની ઉછામણી બોલાવવી ચાલું થઈ કે જે 'કલ્પિત દેવદ્રવ્ય' હોવાથી એમાંથી દેરાસરનો કેસર-સુખડ-પૂજારી વગેરે નિભાવનો ખર્ચ કાઢી શકાય.'' પ્રશ્ન એ થાય કે જો દેરાસરના નિભાવ માટે એ ઉછામણીઓ ચાલું થયેલી, તો અત્યાર સુધી પ્રાયઃ બધા સંઘોમાં એ આવક જીર્ણોદ્ધારાદિમાં લઈ જવાય છે, 'કલ્પિત' માં નહીં. એનું કારણ શું? કલ્પિત દેવદ્રવ્યની અત્યંત જરૂર તો કયા સંઘને નથી? છતાં એ ખાતામાં એ દ્રવ્ય ન લઈ જતા જીર્ણોદ્ધારાદિમાં લઈ જવાય છે, તો શેના આધારે સામો પક્ષ એમ બોલે છે કે 'સ્વપ્નાદિની ઉછામણીઓ દેરાસર નભાવવા ચાલું થઈ' આનાથી જણાય છે કે સ્વપ્નાદિની રકમ 'કલ્પિત દેવદ્રવ્ય' નથી.

(B) પરમાત્માની સન્મુખ જે ભંડાર રાખવામાં આવે છે, તેમાં આવેલ રકમને પૂર્વે કોઈ પણ પક્ષ 'કલ્પિત દેવદ્રવ્ય' માનતો નહોતો, પરંતુ સામો પક્ષ હવે તેને 'કલ્પિત દેવદ્રવ્ય' માનતો થયો છે. જો એ કલ્પિત દેવદ્રવ્ય હોય તો આ

ભંડાર સિવાય દેરાસરની બહારના ભાગમાં 'જિનભક્તિ સાધારણ'નો ભંડાર કેમ રાખવામાં આવે છે? કારણ એ 'કલ્પિત દેવદ્રવ્ય છે' એવું બધાને સંમત છે. એક જ પ્રકારની આવક માટે જુદું નામ આપી એક જ સ્થાનમાં અલગ ભંડાર ઊભો કરવાનું કોઈ પ્રયોજન જ નથી. આથી પણ સમજાય છે કે ભગવાન સન્મુખ રખાતા ભંડારની આવક કલ્પિત દેવદ્રવ્ય નથી, તેથી તેમાંથી કેસરાદિ ન લાવી શકાય. જ્યારે 'જિનભક્તિ સાધારણ'નો ભંડાર કલ્પિત દેવદ્રવ્ય છે, તેથી તે રકમથી કેસરાદિ લાવી પ્રભુ પૂજી શકાય. વળી લોકો ય ભગવાન સન્મુખના ભંડારમાં કેસરાદિ લાવવા નહીં, પણ પ્રભુ-ભક્તિરૂપે પૈસા નાંખે છે.

(C) **'સ્વપ્નદ્રવ્ય એ દેવદ્રવ્ય જ છે'** નામના પુસ્તકમાં અનેક પૂ.આચાર્ય ભ.ના પત્રો છાપવામાં આવ્યા છે. લગભગ દરેક સમુદાયના આચાર્ય ભગવંતોએ સ્વપ્નની ઉછામણીને કલ્પિત દેવદ્રવ્ય માનવાનો નિષેધ કર્યો છે. સચ્ચારિત્ર ચૂડામણિ પ.પૂ.આ.**શ્રીપ્રેમસૂ.મ.**નો પત્ર પણ એ પુસ્તકમાં છપાયો છે. એમાં તેઓ સ્વપ્નદ્રવ્યને કલ્પિત દેવદ્રવ્ય તરીકે માનવાની ના પાડીને તે રકમમાંથી કેસર, સુખડ, પૂજાનાં ધોતિયાં લાવવાનું નિષેધે છે. આના પરથી પણ નક્કી થાય છે કે સ્વપ્નાદિની ઉછામણી કલ્પિત દેવદ્રવ્ય નથી.

**શંકા :** 'પૂ.આ.ભ.શ્રીપ્રેમસૂ.મ. સ્વપ્નાદિની ઉછામણીના દેવદ્રવ્યથી જિનપૂજા, મહાપૂજા, મહોત્સવ તથા પૂજારીને પગાર આપવાનું માનતા હતા, એવું તેમના **મધ્યસ્થ** બોર્ડને લખેલા પત્રથી જણાય છે' એવું સામો પક્ષ કહે છે, શું એ સાચું નથી?

**સમાધાન :** પોતાના ગુરુના નામને પણ વટાવી ખાવાનો આ નિંદનીય પ્રયાસ છે. પૂ.આ.ભ.શ્રી સ્વપ્નની ઉછામણીના દ્રવ્યની બાબતમાં શું માનતા હતા એ 'સ્વપ્નદ્રવ્ય એ દેવદ્રવ્ય જ છે' પુસ્તકમાંના એમના પત્રથી સ્પષ્ટ હોવા છતાં મધ્યસ્થબોર્ડને ઉદ્દેશીને લખાયેલું તેમનું કાચું લખાણ (કે જે ક્યારેય મધ્યસ્થબોર્ડને મોકલવામાં આવ્યું નહોતું) રહી રહીને હવે પ્રગટ કરી 'આ જ તેઓશ્રીની માન્યતા હતી' એવું પ્રચારવું-આ કેવી કુટિલતા છે.

આમ છતાં આ કાચા લખાણને આધારભૂત માનવાનું વળગણ તેઓ છોડવા ન જ માંગતા હોય તો નીચેની કેટલીક વાતોના ખુલાસા સામા પક્ષે આપવા પડશે.

(i) સ્વ.પૂ.આ.ભ.શ્રીએ મધ્યસ્થબોર્ડને ઉદ્દેશીને કરેલું લખાણ વર્ષો પૂર્વે (તેઓ સં.૨૦૨૪માં કાળધર્મ પામ્યા તે પૂર્વે) લખાયેલું. તમે એને આટલાં વર્ષો સુધી છૂપાવીને કેમ રાખેલું? એ લખાણ તમને મંજૂર નહોતું માટે ને? સં.૨૦૪૪ પછી તમારી માન્યતા ફરી ગઈ, એટલે એ મિથ્યામાન્યતામાં આ લખાણ પૂરક બને એવું છે, માટે એને બહાર કાઢ્યું છે ને?

(ii) 'સ્વપ્નદ્રવ્ય એ દેવદ્રવ્ય જ છે' પુસ્તકમાં સ્વ. પૂ.આ.ભ.નો છપાયેલો પત્ર આટલાં વર્ષો સુધી તમે માનતા આવેલા. હવે તમને એ પત્ર મંજૂર છે કે નહીં? જો એ પત્ર મંજૂર છે, તો મધ્યસ્થબોર્ડને લખેલું કાચું લખાણ એનાથી વિરુદ્ધ હોવાથી એ તેઓશ્રીના નિર્ણયરૂપે નહીં પણ માત્ર વિચારણા કરવા માટે લખાયેલું તમારે સ્વીકારવું જ પડશે અને જો છપાયેલો પત્ર તમને મંજૂર નથી, તો સ્વ.પૂ.આ.ભ.ની માન્યતાને અમાન્ય ઠરાવનારા તમારામાં તેઓશ્રીનું નામ લેવાની પણ લાયકાત રહેતી નથી.

(iii) 'સ્વપ્નદ્રવ્ય એ દેવદ્રવ્ય જ છે' પુસ્તકના પત્રથી બિલકુલ વિરુદ્ધ એવું આ કાચું લખાણ પોતાના બચાવ ખાતર લોક વચ્ચે મૂકીને તમે સ્વ.પૂ.આ.ભ.શ્રીને અવિશ્વસનીય ઠરાવી બેઆબરું નથી કર્યા? 'પૂ.આ.ભ.શ્રી પરસ્પર વિરોધી વાતને પણ સમજી ન શકે એવા મુગ્ધ હતા' અથવા 'તેઓ સિદ્ધાંતમાં પવન વાય એમ સઢ ફેરવે એવા અસ્થિર હતા' આવું બધું લોક એમના માટે નહીં બોલે? એમના 'સિદ્ધાન્તમહોદધિ' બિરૂદને કલંક નહીં લાગે? વાહ! ધન્ય ગુરુભક્તિ! ને ગુરુ પ્રત્યેની શ્રદ્ધા! પોતાના કદાગ્રહને સાચો પૂરવાર કરવા પોતાના ગુરુનું નામ હોડમાં મૂકનારા તમને સદ્બુદ્ધિ મળે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

(iv) 'સ્વ. પૂ.આ.ભ.શ્રી મધ્યસ્થ બોર્ડને લખેલ લખાણ મુજબની જ માન્યતા ધરાવતા હતા' એવું જો તમે ખરેખર માનો છો, તો એ લખાણ લખાયા

પછીના કેટલાય દશકા સુધી આ.શ્રીભુવનભાનુસૂ.મ., પં.શ્રી **ચંદ્રશેખરવિ.મ., આ.શ્રીજયસુંદરસૂ.મ., આ.શ્રીહેમરત્નસૂ.મ.** કે આ.શ્રી **રત્નસુંદરસૂ.મ.**એ એ પત્રથી બરાબર વિરુદ્ધ એવા વિચારો (કે જે વસ્તુતઃ શાસ્ત્રીય હતા) પોતાના માસિક કે પુસ્તકોમાં અનેક વાર પ્રગટ કરવા પાછળનું કારણ શું?

ચાલો! એ લખાણો કયાં કયાં માસિક કે પુસ્તકમાં છપાયા છે એ જોઈએ.

'દિવ્યદર્શન' માસિક (તા.૫-૭-૧૯૭૭, પેજ-૫૩ લેખક : આ.શ્રી ભુવનભાનુ સૂ.મ.) :

★ **"અરે! કુબુદ્ધિ તો એટલી બધી થાય છે કે કેમ જાણે મંદિર અને પૂજાભક્તિ જાણે પ્રભુ માટે છે. તે એ સંભાળનાર પૂજારીનો ખર્ચ અને પૂજનના દ્રવ્યો દૂધ-કેસર-સુખડ-ઘી-લાઈટ વગેરેનો ખર્ચ દેવદ્રવ્યમાંથી. "લાવો પ્રભુ! આના નાણા તમારી કોથળીમાંથી. કેમ કે આ બધુ તમારી ખાતર, તમારા પૂજન માટે છે" એમ દેવદ્રવ્યમાંથી કરાય છે. અલ્યા ભાઈ! આમાં દેવદ્રવ્યને શું લાગે વળગે, તે દેવદ્રવ્યને માથે આ ખરચ નાંખે?.....ભગવાનની પૂજાભક્તિ સન્માન તમારે તમારા કલ્યાણાર્થે કરવા છે ને એના દૂધ-ઘી-કેસર-સુખડ-પૂજારી-ભૈયા વગેરેનો ખરચ દેવદ્રવ્યમાંથી ઉપાડાય છે?...આ કઈ અક્કલનું કામ છે? દેવદ્રવ્યનો માલિક અહીં કોઈ જીવંત વ્યક્તિ નથી, એટલે જ આ એના પર ધાડ પાડવાની ને?"**

★ તા.૫-૧૧-૧૯૭૭ (પેજ-૫૫) : **"દેરાસરના પૈસે કેસર-સુખડ-દૂધ-દીવા-પૂજારી ખપે, આવી આવી કંઈ નબળાઈઓ ઘૂસી. ત્યાં દેખાય કે ધર્મનું આલંબન પામીને પણ શુદ્ધ ધર્મભાવનાને બદલે મલિનવૃત્તિઓ કામ કરી રહી છે."**

આ સિવાય તા.૬-૨-૧૯૮૮, ૧૩-૨-૧૯૮૮ અને ૨૦-૨-૧૯૮૮ના 'દિવ્યદર્શન'ના અંકોમાં પણ આવી બધી વાતો આ.શ્રીભુવન-ભાનુસૂ.મ.ની નિશ્રામાં મુ.**શ્રીજયસુંદર** વિ.મ.એ વ્યાખ્યાનમાં કરેલી, તે

છપાઈ છે. એ વાતો શાસ્ત્રશુદ્ધ છે, પણ સ્વ.પૂ.આ.ભ.ના મધ્યસ્થ બોર્ડને ઉદ્દેશીને લખાયેલા કાચા લખાણથી વિરુદ્ધ છે. જો તમે પૂ.આ.શ્રી-પ્રેમસૂ.મ.ના પત્રને લઈને હવે આટલા કૂદો છો, તો એ પત્રની વાતોને તમે પૂર્વે વળગીને કેમ નહોતા રહ્યાં?

મુ.શ્રીચંદ્રશેખર વિ.મ. 'આંધી આવી રહી છે' પુસ્તકના પેજ-૧૨૭ ઉપર લખે છે કે **"પાંચ રૂપિયા દર વર્ષે તમે કેસર-લાગો ભરો છો એ વાત મારી જાણ બહાર નથી. પણ તેની સામે ધર્મસ્થાનોની ૪૦ રૂા.જેટલી વસ્તુઓ વાપરો તે શું જરાય ઉચિત છે? યાદ રાખજો કે જો આ રીતે મફતીયા ધર્મની વૃત્તિ વ્યાપક બનશે તો દરેક ખાતાઓમાં પડતા તોટા પૂરાં કરતાં જે વર્ષે થાકી જવાશે તે વખતે દેવદ્રવ્યોમાંથી પૂજારીના પગાર વગેરે ચાલું થઈ જશે. ધર્માદાનું મફત વાપરનારો આ રીતે અંતે તો દેવદ્રવ્યના ભક્ષણનો જ ભાગી બનશે."**

હવે પં.શ્રીહેમરત્નવિ.મ. 'ચાલો જિનાલયે જઈએ' પુસ્તકમાં પેજ-૧૦૬ ઉપર શું લખે છે તે જોઈએ. **"સવાલ ૯ : પૂજારીનો પગાર દેવદ્રવ્યમાંથી આપવામાં આવે તો શો વાંધો? જ.૯ : દેરાસરમાં શ્રાવકોને જે કાર્ય કરવાનું છે તે કાર્ય કરાવવા માટે પૂજારી રાખવામાં આવે છે. એટલે શ્રાવકનું કાર્ય કરનારા પૂજારીને મંદિરનો પગાર કેમ આપી શકાય? એમ કરવામાં દેરાસરના પૈસે શ્રાવકોએ પોતાનું કામ કરાવ્યાનો દોષ લાગે."**

**'મનવા! જીવન પંથ ઉજાળ'** પુસ્તકમાં મુ.શ્રીરત્નસુંદર વિ. મ. પણ સ્વપ્નની ઉછામણીના દ્રવ્યને દેવદ્રવ્યમાં (કલ્પિત દેવદ્રવ્યમાં નહીં) લઈ જવાનું ભારપૂર્વક જણાવે છે.

આ બધા લખાણ જોતા સમજાય છે કે સામો પક્ષ પહેલાં શાસ્ત્રને અનુસરીને ચાલતો હતો. અને પૂ.આ.શ્રીપ્રેમસૂ.મ.ના કાળધર્મ પછી ૨૦ વર્ષ સુધી ઉપરોક્ત શાસ્ત્રોક્ત વાતોને જ પ્રચારતો હતો. પરંતુ વિ.સં.૨૦૪૪ના મર્યાદિત મુનિ સંમેલન પછી મહાપાપના ઉદયથી સામા પક્ષની મતિ પલટાણી. ખોટી માન્યતામાં તે અત્યંત કદાગ્રહી બન્યો. એટલે વર્ષોથી

પટારામાં સંઘરી રાખેલો અને અત્યાર સુધી સાવ મૂલ્ય વગરનો પૂ.આ.શ્રી પ્રેમસૂ.મ.નો કાચા લખાણવાળો પત્ર બહાર કાઢી જગત સામે મૂક્યો. આનાથી પૂ.આ.શ્રીપ્રેમસૂ.મ. સિદ્ધાંતનિષ્ઠ હોવા છતાં બે વિરુદ્ધ વિચારધારાને ધરાવનારા તરીકે લોકમાં બદનામ થશે એવું વિચાર્યા વિના 'પોતે જ ગુરુની વિચારધારાને વળગીને ચાલનારા સુશિષ્યો છે' એવો અજ્ઞાની લોકોમાં દેખાડો કરવા આ પત્રને ઢાલ તરીકે મૂક્યો. આમ આ પત્ર ગુરુ પ્રત્યેના દ્રોહનું પ્રતીક બન્યો છે.

(D) વિ.સં. ૧૯૯૦ના શ્રમણ સંમેલને ઉપધાન, સ્વપ્ન વગેરેની ઉછામણીની રકમને દેવદ્રવ્યમાં લઈ જવાનું ઠરાવ્યું છે. અને તે રકમ જિનમંદિરનો જીર્ણોદ્ધાર કે નવીન મંદિરને બનાવવામાં વાપરવાનું જણાવ્યું છે. જ્યારે કેસરાદિથી થતી પૂજા વગેરેનો લાભ સ્વદ્રવ્યથી લેવા જણાવ્યું છે. જો સ્વપ્નાદિની ઉછામણીની રકમ કલ્પિત દેવદ્રવ્ય હોત તો એ સંમેલનમાં આવો નિર્ણય કેમ કરવામાં આવ્યો? દેવદ્રવ્યના કેસરાદિથી પૂજા કરવાનું કેમ ન કહ્યું?

(E) પ્રતિક્રમણના સૂત્રની બોલીની રકમ, કલ્પસૂત્ર વહોરાવવાની બોલી, જ્ઞાનપાંચમે ભક્તિ નિમિત્તે આવેલ દ્રવ્ય, જ્ઞાનપૂજનનું દ્રવ્ય, દીક્ષા વખતે નવકારવાળી-પોથી અર્પણ કરવાના ચડાવા આ બધી રકમ 'સમર્પિત જ્ઞાનદ્રવ્ય' છે. જ્યારે કોક શ્રાવક અમુક રકમ જ્ઞાનના ક્ષેત્રમાં ખર્ચવાનો નિર્ધાર કરે એ રકમ 'સંકલ્પિત જ્ઞાનદ્રવ્ય' છે. સમર્પિત જ્ઞાનદ્રવ્યમાંથી જ્ઞાનમંદિર બની શકે, તેનું રીપેરીંગ થઈ શકે, પરંતુ ગૃહસ્થોની પાઠશાળાના પુસ્તકો-સાપડા કે પંડિતજીનો પગાર તેમાંથી ન આપી શકાય. સંકલ્પિત જ્ઞાનદ્રવ્યમાંથી પાઠશાળાના પુસ્તકો વિ. લાવી શકાય. પંડિતજીને પગાર આપી શકાય. આ વ્યવસ્થા અમે અને સામો પક્ષ બધા માને છે.

જો જ્ઞાનદ્રવ્યમાં આ વ્યવસ્થા છે, તો સમાન રીતે દેવદ્રવ્યમાં પણ આવી જ વ્યવસ્થા છે. સ્વપ્ન વગેરેની ઉછામણીનું દ્રવ્ય 'સમર્પિત દેવદ્રવ્ય' હોવાથી તેમાંથી જિનમંદિર, જીર્ણોદ્ધાર થઈ શકે, જિનપૂજા-પૂજારીને પગાર

વગેરે નહીં. જ્યારે કલ્પિત (સંકલ્પિત) દેવદ્રવ્યમાંથી જિનપૂજા-પૂજારીને પગાર આ બધું થઈ શકે છે, આમ છતાં સામો પક્ષ એક સ્થળે આવી વ્યવસ્થા માને છે, બીજે નહીં. આવું કેમ?

આમ (A) થી (E) સુધીના તર્ક અને પુરાવાથી પણ સિદ્ધ થાય છે કે સ્વપ્નાદિની ઉછામણીનું દ્રવ્ય અને કલ્પિત દેવદ્રવ્ય સાવ ભિન્ન છે. આથી સ્વપ્નાદિની ઉછામણીનું દેવદ્રવ્ય નિર્માલ્ય દેવદ્રવ્યની જેમ જિનાલયના સમારકામ, નવ્ય જિનાલયનું નિર્માણ તથા પરમાત્માના સુવર્ણાદિના આભૂષણો બનાવવા વગેરે કાર્યમાં જ વાપરી શકાય, જિનપૂજાદિ કાર્યોમાં કે પૂજારીનો પગાર વગેરેમાં નહીં.

હવે આપણી મૂળ વાત મુજબ 'સંબોધ પ્રકરણ' ગ્રન્થમાં બતાવેલાં દેવદ્રવ્યના ભેદો તથા તેમના કાર્યોને જોયા પછી સ્પષ્ટ થાય છે કે 'सति हि देवद्रव्ये प्रत्यहं०' વગેરે પાઠો દરેક પ્રકારના દેવદ્રવ્યથી (કલ્પિત અને પૂજા દેવદ્રવ્ય સિવાયના દેવદ્રવ્યથી પણ) જિનપૂજાદિ કરવાનું સૂચવતા નથી, પરંતુ તે પાઠો તે તે પ્રકારના દેવદ્રવ્યથી જે જે કાર્યો કરવાના શાસ્ત્રમાં કહ્યાં છે તે બધા કાર્યો સારી રીતે થઈ શકે તે માટે દેવદ્રવ્યની વૃદ્ધિની આવશ્યકતાને સૂચવનારા છે. સામાન્ય બુદ્ધિથી પણ સમજી શકાય એમ છે કે કોઈ વ્યક્તિ એમ કહે કે "કર્મ હોતે છતે જીવને અજ્ઞાન, શાતા-અશાતા, શ્રીમંતાઈ-ગરીબી, રાગ-દ્વેષ, દેહનું વળગણ, સુરૂપતા-કુરૂપતા, ઉચ્ચ-નીચતા, અંતરાય વગેરે દોષો સંભવે છે." તો ત્યાં 'દરેક પ્રકારના કર્મથી આ બધા દોષો સંભવે છે' એવો અર્થ કોઈ નથી કરતું, પરંતુ 'જ્ઞાનાવરણીય વગેરે તે તે કર્મથી અજ્ઞાન વગેરે તે તે દોષ સંભવે છે' આવો અર્થ કરે છે. એવી રીતે પ્રસ્તુતમાં પણ 'सति हि देवद्रव्ये प्रत्यहं०' વગેરે પાઠો દરેક દેવદ્રવ્યથી જીર્ણોદ્ધાર, પૂજા, મહાપૂજા, મહોત્સવાદિ કરવાનું નથી સૂચવતા, પણ જ્યાં જે દેવદ્રવ્યથી જે કાર્ય કરવાનું ઘટતું હોય ત્યાં તેનાથી તે કાર્ય કરવાનું સૂચવે છે.

આટલી વાત ઉપરથી સ્પષ્ટ છે કે સ્વ. પ.પૂ.આ.ભ.-

**શ્રીરામચન્દ્રસૂ.મહારાજાના 'વિચાર સમીક્ષા' પુસ્તકના પૃ.૯૭ ઉપર "શ્રી જિનેશ્વરદેવના સ્થાપના નિક્ષેપાને (મૂર્તિને) માનનારને જિનચૈત્યની, તેની પૂજાની, તે માટે જરૂરી ઉપકરણોની અને તેમાં ખામી ન આવે તે ખાતર દેવદ્રવ્યની વૃદ્ધિની અને તેના સંરક્ષણની અનિવાર્ય આવશ્યકતા છે"** આવું જે લખાણ છે, તે પણ જિનપૂજાદિ માટે દરેક પ્રકારનું દેવદ્રવ્ય વાપરી શકાય એવું નથી સૂચવતું. પરંતુ તે આગળ જણાવ્યા મુજબ જિનચૈત્ય, જિનપૂજાદિ માટે ઉપયોગી તે તે પ્રકારના દેવદ્રવ્યની વૃદ્ધિ અને સંરક્ષણની આવશ્યકતાને સૂચવે છે. આમ શાસ્ત્રમાં ક્યાંય કલ્પિત કે પૂજા દેવદ્રવ્ય સિવાયના દેવદ્રવ્યથી ઉત્સર્ગ માર્ગે[a] જિનપૂજાદિ કાર્યો કરવાના કહેવામાં આવ્યાં જ નથી.

'દેવદ્રવ્ય અને જિનપૂજા' પુસ્તકના પૃ.૨ ઉપર લખ્યું છે કે *"શ્રી જૈન શાસ્ત્રોમાં પૂર્વાપર વિરોધ સંભવતો નથી. એટલે જ્યારે અનેક શાસ્ત્રકારોએ દેવદ્રવ્યનો ઉપયોગ જિનપૂજા વગેરેમાં થઈ શકવાનું જણાવ્યું છે ત્યારે એ જ શાસ્ત્રોમાં, દેવદ્રવ્યના ભક્ષણનો-દેવદ્રવ્યના નાશનો દોષ લાગે એવું જણાવનાર શાસ્ત્રપાઠ હોય જ નહીં એ નિશ્ચિત છે."* પરંતુ આપણે હમણાં જ જોઈ ગયા કે 'सति हि देवद्रव्ये प्रत्यहं०' વગેરે શાસ્ત્રપાઠોમાં કોઈ શાસ્ત્રકારોએ નિર્માલ્ય કે સ્વપ્નાદિ દેવદ્રવ્યનો જિનપૂજા વગેરેમાં ઉપયોગ થઈ શકવાનું જણાવ્યું જ નથી. વળી જૈન શાસ્ત્રોની પૂર્વાપર અવિરોધિતાની વાત જો આચાર્યશ્રી જાણે જ છે, તો આશ્ચર્ય ઉપજાવે તેવી વાત છે કે શા માટે તેઓ 'सति हि देवद्रव्ये प्रत्यहं०' વગેરે શાસ્ત્રપાઠોનું અર્થઘટન 'સંબોધ પ્રકરણ' ગ્રન્થમાં બતાવેલાં દેવદ્રવ્યના વિભાગ અને તેની ઉપયોગિતા સાથે વિરોધ આવે તેવું કરે છે?

આગળ તે પુસ્તકમાં જણાવ્યું છે કે *"વાલકેશ્વર, ચંદનબાળામાં સાડા ત્રણ કલાક ચાલેલી ચર્ચામાં પૂ.આ.**શ્રીજિનેન્દ્રસૂરિ મ.** વગેરે કોઈ 'દેવદ્રવ્યથી જિનપૂજા કરનારને દેવદ્રવ્યભક્ષણનો દોષ લાગે.'* એવું

---

a. અપવાદ માર્ગ અંગેની સ્પષ્ટતા આગળ પૃ.૨૬ થી ૩૧ ઉપર કરવામાં આવી છે જે ત્યાંથી જોવી.

*દર્શાવનાર શાસ્ત્રપાઠ આપી શક્યા ન હતા...વળી સ્વ.પૂ.આ.શ્રીરામ -ચન્દ્રસૂરિ મહારાજને પણ છેલ્લાં વર્ષોમાં કેટલીય વાર 'દેવદ્રવ્યથી પૂજા કરનારને દેવદ્રવ્યભક્ષણનો દોષ લાગે? એનો અને એવું કરનારને શું પ્રાયશ્ચિત્ત આપવું? કયા શાસ્ત્રપાઠના આધારે?' આ પૂછાયું હોવા છતાં તેઓ ક્યારેય આનો જવાબ આપી શક્યા નહોતા...હજું પણ તેઓને જાહેર આહ્વાન છે કે આવું જણાવનાર કોઈપણ શાસ્ત્રપાઠ હોય તો તેઓ એના સ્પષ્ટ સરળ અનુવાદ સાથે જાહેર કરી એનો પ્રચાર કરે...અનુવાદ સાથે પાઠ આપવાનું કહેવામાં આવે ત્યારે ગભરાઈને તેઓ એવો સવાલ કરે છે કે શું સાધુઓ સંસ્કૃત ભણેલા નથી? અનુવાદની શું જરૂર છે? પણ ભાઈ! શ્રાવકોને સત્યની જાણ થાય એ માટે જ મોકલેલા પાઠના ગુજરાતી અનુવાદ કરવાની જરૂર છે. પણ, તેઓ આમ કરતા નથી, કારણ કે મનમાં તેઓ પણ સમજે છે કે મોકલેલાં કોઈ પાઠમાં ભક્ષણના દોષની તો વાત જ નથી અને અનુવાદ કરવામાં ઘરનું કાંઈ ઉમેરવા જઈએ તો પકડાઈ જવાય. માટે જ તેઓ અનુવાદ સાથે શાસ્ત્રપાઠ જાહેરમાં મૂકતા નથી.''*

આ.શ્રીઅભયશેખરસૂરિજી 'સામો પક્ષ અમને શાસ્ત્રપાઠ નથી આપી શકતો' આવી જૂઠી વાતો કરવામાં તથા વજૂદ વગરના જાહેર આહ્વાનો આપવામાં માહેર છે, તેઓશ્રી અમને પૂછે છે કે ''દેવદ્રવ્યથી પૂજા કરનારને દેવદ્રવ્ય ભક્ષણનો દોષ લાગે? લાગે તો કયા શાસ્ત્રના આધારે? તેનું શું પ્રાયશ્ચિત્ત આપવું? તે પણ કયા શાસ્ત્રના આધારે?'' આવું તો અમેય તેમને પૂછીએ કે ''દેવદ્રવ્યની જગ્યામાં સાધર્મિકભક્તિનું આયોજન કરાય તો દેવદ્રવ્યના ભક્ષણનો દોષ લાગે? લાગે તો કયા શાસ્ત્રના આધારે? શું પ્રાયશ્ચિત આવે? તે પણ કયા શાસ્ત્રના આધારે?'' તો શું તેઓશ્રી જવાબ આપશે? આ સ્થળે દેવદ્રવ્યનું ભક્ષણ થયાનું તેમનું માનવું છે, અને પ્રાયશ્ચિત્ત રૂપે દેવદ્રવ્યમાં ભાડા પેટે ઉચિત રકમ પણ ભરવાનું તેમનો પક્ષ જણાવે છે. અમારું એમને જાહેર આહ્વાન છે કે આવું જણાવનાર કોઈ પણ શાસ્ત્રપાઠ હોય તો તેઓ એના સ્પષ્ટ સરળ અનુવાદ સાથે એને જાહેરમાં મૂકે.

ખરું કહું તો તેમણે શાસ્ત્રપાઠને ઉપરછલ્લી રીતે ન જોતા ધ્યાન આપીને જોવાની જરૂર છે. સંસ્કૃત શાસ્ત્રપાઠની શ્રાવકવર્ગને ખબર ન પડે એ તો સમજ્યા, પરંતુ સ્વસમુદાયમાં વિદ્વાન કહેવાતા એમને શાસ્ત્રપાઠનું સુયોગ્ય અર્થઘટન કરતા કેમ ન આવડ્યું? તે મોટું આશ્ચર્ય છે. લો, આ રહ્યો 'દેવદ્રવ્યથી જિનપૂજા કરનારને દેવદ્રવ્યભક્ષણ/વિનાશનો દોષ લાગે' આવું બતાવતો ગુજરાતી અનુવાદ સાથેનો શાસ્ત્રપાઠ-

अत: उभयमपि श्राद्धेन यथासम्भवं स्वकार्यादौ न व्यापार्यम् उचितपदे च व्यापार्यमेव। तथा हि - स्वगृहचैत्यढौकितचोक्ष-पूगीफल-नैवेद्यादि-विक्रयोत्थं पुष्प-भोगादि स्वगृहचैत्ये न व्यापार्यम्, नाऽपि चैत्ये स्वयमारोप्यम्, किन्तु सम्यक्स्वरूपमुक्त्वाऽर्चकादे: पार्श्वाद्, तद्योगाभावे सर्वेषां स्फुटं स्वरूपमुक्त्वा स्वयमारोपयेत्, अन्यथा **मुधाजन-प्रशंसादिदोषः**। गृहचैत्यनैवेद्यादि चारामिकस्य प्रागुक्तमासदेयस्थाने नाऽर्प्यम्, स्वधनाऽर्पणसामर्थ्याऽभावे चाऽऽदावेव नैवेद्याऽर्पणेन मासदेयोक्तौ तु न दोष:। **मुख्यवृत्त्या** मासदेयं पृथगेव कार्यम्, गृहचैत्यनैवेद्य-चोक्षादिकं तु देवगृहे मोच्यम्, अन्यथा गृहचैत्यद्रव्येणैव गृहचैत्यं पूजितं स्यात्, न तु स्वद्रव्येण। **तथा चाऽनादराऽवज्ञा-ऽऽदिदोषः**, न चैवं युक्तम्, स्वदेह-गृह-कुटुम्बाद्यर्थं भूयसोऽपि व्ययस्य गृहस्थेन करणात्। **देवगृहे देवपूजाऽपि स्वद्रव्येणैव यथाशक्ति कार्या, न तु स्वगृहढौकितनैवेद्यादिविक्रयोत्थद्रव्येण देवसत्कपुष्पादिना वा, प्रागुक्तदोषात्।** तथा-देवगृहाऽऽगतं नैवेद्याऽक्षतादि स्ववस्तुवत् मूषकादे: सम्यग् रक्षणीयम्, सम्यग् मूल्यादियुक्त्या च विक्रेयम्, न तु यथा तथा मोच्यम्, देवद्रव्यविनाशादिदोषापत्ते:। तत्राऽपि स्वतश्चैत्यद्रव्योत्पत्त्य-ऽसम्भवे तत् पूजायां व्यापार्यम्, नान्यथा। तथा सति तद्व्यापृतौ अनादर अवज्ञाऽऽदिदोषापत्ते:। (દ્રવ્યસપ્તતિકા શ્લો.૧૨ પૃ.૪૨-૪૩[a])

a. દ્રવ્યસપ્તતિકાના પાઠોના પેજ નં.'સન્માર્ગ પ્રકાશન' તરફથી છપાયેલ પ્રથમ આવૃત્તિના પુસ્તક પ્રમાણેના છે.

અર્થ : 'આથી ભોગ અને ઉપભોગ બન્ને પ્રકારનું પણ દેવદ્રવ્ય શ્રાવકે સ્વકાર્ય વગેરેમાં ન વાપરવું અને ઉચિત સ્થાને વાપરવું જ જોઈએ. તે આ પ્રમાણે- પોતાના ગૃહમંદિરમાં ધરેલાં ચોખા, સોપારી, નૈવેદ્ય વગેરેના વેચાણથી પ્રાપ્ત થયેલા પુષ્પ-ભોગાદિને પોતાના ગૃહમંદિરમાં ન વાપરવા, તેમ જ સંઘના મંદિરે પણ પોતે ન ચડાવવા, પરંતુ ('આ પુષ્પાદિ મારા નથી પણ મારા ગૃહમંદિરે ચડાવેલાં ચોખા, સોપારી વગેરે દેવદ્રવ્યના વેચાણથી મેળવેલા છે' એમ) તેનું સાચું સ્વરૂપ જણાવીને પૂજકાદિ પાસે ચડાવરાવવા. જો તે પુષ્પાદિ ચડાવી આપે એવું કોઈ હોય નહીં તો બધાની આગળ પ્રગટપણે તેનું સ્વરૂપ કહીને જાતે ચડાવવા. નહીં તો લોકોમાં ('આ ભાઈએ સ્વદ્રવ્યથી પૂજા કરી છે' એવી) 'વૃથા પ્રશંસા' વગેરે થવાનો દોષ લાગે.

અને ગૃહમંદિરના નૈવેદ્ય વગેરે માળીને પૂર્વે નક્કી કરેલાં પગાર પેટે ન આપવા. જો પોતાનું ધન આપવાનું સામર્થ્ય ન હોય અને પહેલેથી જ પગાર પેટે (ફૂલના બદલામાં) નૈવેદ્ય આપવાનું નક્કી કર્યું હોય તો દોષ નથી.

મુખ્ય માર્ગે તો (ગૃહચૈત્યને પૂજવાના ફૂલ માટે) માળીને પગાર જુદો જ આપવો જોઈએ, અને ગૃહચૈત્યના નૈવેદ્ય, ચોખા વગેરે તો સંઘના મંદિરે મૂકવા જોઈએ. નહીં તો (=જો તે નૈવેદ્યાદિ સંઘમંદિરે ન મૂકતા માળીને ફૂલના પગાર પેટે આપવામાં આવે તો) ગૃહચૈત્યના દ્રવ્ય (દેવદ્રવ્ય) વડે જ ગૃહચૈત્ય પૂજાયેલું થાય, પણ સ્વદ્રવ્યથી પૂજાયેલું ન થાય. તેમ થતાં **અનાદર, અવજ્ઞા આદિ દોષ લાગે,** અને તે યુક્ત ન ગણાય. કેમકે ગૃહસ્થ પોતાના દેહ, કુટુંબ આદિ માટે ઘણો પણ ધનનો વ્યય કરતો હોય છે.

**સંઘના મંદિરે દેવપૂજા પણ સ્વદ્રવ્યથી જ યથાશક્તિ કરવી જોઈએ. પણ પોતાના ગૃહમંદિરે ચડાવેલા નૈવેદ્ય આદિ દેવદ્રવ્યના વેચાણથી પ્રાપ્ત થયેલા દ્રવ્યવડે કે દેવ સંબંધી પુષ્પાદિ (સંઘમંદિરના દેવદ્રવ્યના પુષ્પાદિ) વડે ન કરવી જોઈએ. કેમકે તેમ કરવાથી પૂર્વોક્ત અનાદર, અવજ્ઞાદિ દોષ લાગે છે.**

વળી સંઘના મંદિરે આવેલાં નૈવેદ્ય, ચોખા વગેરેની પોતાની વસ્તુની જેમ ઉંદર વગેરેથી સારી રીતે રક્ષા કરવી જોઈએ અને સારા

*મૂલ્યાદિ ઉપજે તેવી યુક્તિથી વેંચવું જોઈએ, પરંતુ જેમ તેમ ન મૂકવું, કેમકે દેવદ્રવ્યના વિનાશાદિ દોષની આપત્તિ આવે.*

*ત્યાં (સંઘના મંદિરે) પણ સ્વતઃ ચૈત્યદ્રવ્ય (જિનભક્તિ સાધારણરૂપ દેવદ્રવ્ય)ની ઉપજ શક્ય ન હોય તો તે [= ગૃહમંદિરે ચડાવેલા નૈવેદ્ય વગેરે દેવદ્રવ્યના વેચાણથી પ્રાપ્ત થયેલાં દ્રવ્ય તથા દેવ સંબંધી પુષ્પાદિ (સંઘમંદિરના દેવદ્રવ્યના પુષ્પાદિ)] પૂજામાં વાપરવા, અન્યથા નહીં. કેમકે ચૈત્યદ્રવ્ય (જિનભક્તિ સાધારણ)ની ઉપજ શક્ય હોવા છતાં તે પુષ્પાદિ પૂજામાં વાપરવામાં આવે તો અનાદર, અવજ્ઞાદિ દોષ લાગવાની આપત્તિ આવે.'*

ઉપરોક્ત શાસ્ત્રપાઠમાં 'સંઘના મંદિરે પ્રભુપૂજા યથાશક્તિ સ્વદ્રવ્યથી જ કરવી' આમ જકાર સાથે વાત કરી છે, અને જકાર દ્વારા દેવદ્રવ્યથી લાવેલા પુષ્પાદિથી પ્રભુપૂજા કરવાનો નિષેધ ફરમાવ્યો છે. તેથી સ્પષ્ટ છે કે દેવદ્રવ્યથી પ્રભુપૂજા ન થઈ શકે.

**શંકા:** પાઠમાં માત્ર 'પ્રભુપૂજા સ્વદ્રવ્યથી જ કરવી' આટલું કહ્યું છે, પણ દેવદ્રવ્યથી પ્રભુપૂજા કરવાનો નિષેધ ક્યાં ફરમાવ્યો છે?

**સમાધાન :** પાઠમાં 'न तु स्वगृहढौकितनैवेद्यादिविक्रयोत्थद्रव्येण देवसत्कपुष्पादिना वा' આવા જે શબ્દો લખ્યાં છે તેનાથી જણાય છે કે પોતાના ગૃહમંદિરે મૂકેલાં નૈવેદ્ય વગેરેને વેંચીને પ્રાપ્ત થયેલ પુષ્પાદિ દ્રવ્યથી કે દેવ સંબંધી પુષ્પાદિથી એટલે કે સંઘમંદિરના દેવદ્રવ્યથી લાવેલા પુષ્પાદિથી પ્રભુપૂજા કરવાનો નિષેધ છે.

**શંકા:** આ.શ્રીઅભયશેખરસૂરિજીએ 'ધા.વ.વિ.પૃ.૨૦૩[a]' ઉપર 'न तु स्वगृहढौकित0' પંક્તિનો અર્થ *'નહીં કે પોતાના ગૃહમંદિરે મૂકેલા નૈવેદ્ય વગેરેને વેંચીને પ્રાપ્ત થયેલ પૈસાથી કે* ***ભગવાનને ચડાવેલાં ફૂલ વગેરેથી'*** આવો કર્યો છે, જે તમે કરેલા અર્થથી જુદો પડે છે. તો શું તે બરાબર નથી?

**સમાધાન :** ના, બિલકુલ બરાબર નથી. કેમકે ત્યાં શાસ્ત્રપાઠમાં જ્યારે જિનપૂજા

a. 'ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તકના પેજ નં. તેની બીજી આવૃત્તિ પ્રમાણેના છે.

સ્વદ્રવ્યથી જ કરવાની વાત ચાલતી હોય ત્યારે વાતના સંદર્ભથી જકારના વ્યવચ્છેદ્ય તરીકે જે સ્વદ્રવ્ય નથી એવા દેવદ્રવ્ય કે પરદ્રવ્ય ઉપસ્થિત થાય , જે પૈકી ગ્રન્થકારને દેવદ્રવ્ય વ્યવચ્છેદ્ય તરીકે ઈષ્ટ હોવાથી તેમણે તે બતાવ્યું છે. પણ ચડાવેલા ફૂલ વગેરે ફરી પૂજા માટે ચડાવવાના નિષેધની વાત તો અહીં સાવ અપ્રસ્તુત જ બની રહે છે.

વળી આ શાસ્ત્રપાઠની શરુઆતમાં 'स्वगृहचैत्यढौकितचोक्ष-पूगीफल-नैवेद्यादिविक्रयोत्थं पुष्प-भोगादि...' આવી જે પંક્તિ લખી છે, તેમાં ગ્રન્થકારશ્રીએ ગૃહમંદિરમાં ચડાવેલાં ચોખા, સોપારી, નૈવેદ્ય વગેરેને વેંચીને લાવેલા પુષ્પ અને ભોગાદિ (નૈવેદ્યાદિ)ને ચડાવવાની વાત કરી છે, પણ ગૃહમંદિરમાં ચડાવેલાં ચોખા, સોપારી, નૈવેદ્ય વગેરેને વેંચ્યા વિના સીધા જ પાછા ચડાવવાની વાત નથી કરી. આના પરથી 'પૂજારૂપે ચડાવેલી વસ્તુ પૂજાનું કર્તવ્ય અદા કરવા ફરી ન ચડાવાય' આ વાત આનુષંગિક રીતે જણાઈ આવે છે. તેથી પ્રસ્તુતમાં ચડાવેલાં ફૂલ વગેરે ફરી પૂજા માટે ચડાવવાના નિષેધની વાત પાછી જો કરવામાં આવે તો પુનરુક્તિ દોષ આવીને ઊભો રહે છે. માટે ગ્રન્થકારને અહીં તે અર્થ બતાવવો ઈષ્ટ ન હોય.

એકવાર પૂજારૂપે ચડી ચૂકેલાં પુષ્પાદિ સારી સ્થિતિમાં હોય અને પ્રભુજીની શોભા માટે ફરી વાપરવામાં આવે તો વાંધો નથી, પણ પૂજાનું કર્તવ્ય અદા કરવા માટે તે પુષ્પાદિ ફરી પાછા વાપરવાના હોય નહીં, આ વાત તો સામાન્ય બુદ્ધિવાળો વ્યક્તિ પણ જાણતો હોય છે. તેથી ગ્રન્થકારનો અહીં આવી વાત જણાવવાનો આશય હોઈ શકે નહીં.

આટલી વાત ઉપરથી સ્પષ્ટ થાય છે કે આ.શ્રીઅભયશેખર-સૂરિજીએ કરેલો અર્થ બરાબર નથી, અને 'देवसत्कपुष्पादि' શબ્દનો અર્થ 'સંઘમંદિરના દેવદ્રવ્યથી લાવેલા પુષ્પ વગેરે' જ થાય. આમ 'न तु स्वगृहढौकित०' પંક્તિમાં ગૃહમંદિરના નૈવેદ્યાદિ દેવદ્રવ્યથી લાવેલાં અને સંઘમંદિરના દેવદ્રવ્યથી લાવેલાં પુષ્પાદિથી દેવપૂજાનો નિષેધ કર્યો હોવાથી દેવદ્રવ્યથી જિનપૂજા કરનારને દેવદ્રવ્યના ભક્ષણ/વિનાશનો દોષ લાગે છે તે વાત આ શાસ્ત્રપાઠથી સિદ્ધ થાય છે.

**શંકા :** આ શાસ્ત્રપાઠમાં ગૃહમંદિર કે સંઘમંદિરના દેવદ્રવ્યથી જિનપૂજા કરનારને 'પ્રાગુક્તદોષ' કહ્યો છે, અને પૂર્વે તો 'મુધાજનપ્રશંસા દોષ' બતાવ્યો છે. તો તમે દેવદ્રવ્ય ભક્ષણ/વિનાશનો દોષ કેમ બતાવો છો?

**સમાધાન :** જેમ પૂર્વે 'મુધાજનપ્રશંસા દોષ' બતાવ્યો છે, તેમ 'અનાદર અને અવજ્ઞાદિ દોષો' પણ બતાવ્યા છે. તેથી પ્રસ્તુતમાં પાઠના 'प्रागुक्तदोषात्' શબ્દથી 'અનાદર અને અવજ્ઞાદિ દોષો' લેવાના છે, નહીં કે 'મુધાજનપ્રશંસા દોષ.'

**શંકા :** આ.શ્રીઅભયશેખરસૂરિજીની 'देवसत्कपुष्पादि' શબ્દના અર્થઘટનની ગરબડ તો સમજાઈ, પણ 'ધા.વ.વિ.પૃ.૨૦૩' ઉપર 'प्रागुक्तदोषात्' શબ્દનો અર્થ તેઓશ્રી 'પૂર્વોક્ત મુધાજનપ્રશંસા દોષ' કરે છે. તો શું તે અર્થ પણ ભૂલ ભરેલો છે?

**સમાધાન :** હા જી. એ અર્થ પણ ભૂલ ભરેલો છે. તે આ રીતે- 'देवगृहे देवपूजाऽपि स्वद्रव्येणैव यथाशक्ति कार्या, न तु स्वगृहढौकितनैवेद्यादिविक्रयोत्थद्रव्येण देवसत्कपुष्पादिना वा, प्रागुक्तदोषात्।' આ પંક્તિમાં સંઘના મંદિરે દેવપૂજા સ્વદ્રવ્યથી જ શક્તિ મુજબ કરવાની કહી છે, ત્યાર બાદ પોતાના ગૃહમંદિરે ચડાવેલાં નૈવેદ્યાદિ દેવદ્રવ્યના વેચાણથી મેળવેલાં પુષ્પાદિ દ્રવ્ય અને દેવસત્કપુષ્પાદિ આ બન્નેથી દેવપૂજા કરવાનો નિષેધ કર્યો છે, અને પછી એ બન્નેથી દેવપૂજા કરવાના નિષેધના હેતુરૂપે 'પ્રાગુક્તદોષ' બતાવ્યો છે. અહીં ધ્યાન આપવા યોગ્ય બાબત એ છે કે 'પ્રાગુક્તદોષ' ગૃહમંદિરે ચડાવેલાં નૈવેદ્યાદિ દેવદ્રવ્યના વેચાણથી મેળવેલા પુષ્પાદિ દ્રવ્ય અને દેવસત્કપુષ્પાદિ બન્ને સાથે અન્વય પામે છે.

'ધા.વ.વિ.પૃ.૨૦૩' ઉપર આ.શ્રીઅભયશેખરસૂરિજી 'પ્રાગુક્તદોષ' તરીકે 'મુધાજનપ્રશંસા દોષ' લે છે. આ દોષનો તેઓશ્રીએ ગૃહમંદિરે ચડાવેલાં નૈવેદ્યાદિ દેવદ્રવ્યના વેચાણથી મેળવેલાં પુષ્પાદિ દ્રવ્ય સાથે અન્વય કરી બતાવવા પ્રયત્ન કર્યો છે. તે આ રીતે- '*પોતાના ઘરદેરાસરના નૈવેદ્ય વગેરે વેંચીને પ્રાપ્ત થયેલ દ્રવ્ય કે જે*

*દેવદ્રવ્ય છે, તેનાથી મોટા દેરાસરમાં ભગવાનની ભક્તિ કરે, તો, લોકોને તો એ ખબર ન હોવાથી પ્રશંસા કરે કે ''આ શ્રાવક કેવા ભક્તિવાળા છે, સ્વદ્રવ્યનો કેટલો સદ્વ્યય કરીને ભગવાનની સુંદર ભક્તિ કરે છે?'' ઈત્યાદિ, તો શ્રાવકને વૃથા પ્રશંસાદિથી એ દોષ લાગે તે સ્પષ્ટ છે'* પરંતુ તેમણે 'देवसत्कपुष्पादिना' કે જેનો અર્થ તેમના હિસાબે 'ભગવાનને ચડાવેલાં ફૂલ વગેરેથી' આવો થાય છે, તેની સાથે 'મુધાજનપ્રશંસા દોષ'નો અન્વય કરવાનું સદંતર ટાળ્યું છે. કેમકે તેમને ખબર છે કે ભગવાનને ચડાવેલા ફૂલ વગેરેથી ફરી પૂજા કરવામાં 'મુધાજનપ્રશંસા દોષ' બતાવી શકાય તેમ નથી. આમ 'प्रागुक्तदोष' શબ્દનો અર્થ 'મુધાજનપ્રશંસા' કરવામાં આવે તો તેનો અન્વય બન્ને સાથે ન થઈ શકતો હોવાથી તેનો અર્થ 'મુધાજનપ્રશંસા' થઈ શકે નહીં.

વળી આ.શ્રીઅભયશેખરસૂરિજી કહે છે તેમ, માનો કે 'પ્રાગુક્તદોષ' તરીકે 'મુધાજનપ્રશંસા દોષ' લાગતો હોત તો ગ્રન્થકારશ્રી ઘરદેરાસરે ચડાવેલાં નૈવેદ્યાદિ દેવદ્રવ્યના વેચાણથી પ્રાપ્ત થયેલા પુષ્પાદિ દ્રવ્યથી સંઘમંદિરમાં પૂજા કરવાનો નિષેધ ન ફરમાવત, પણ ''આ દ્રવ્ય મારું નથી, આ તો ઘરદેરાસરના દેવદ્રવ્યથી લાવેલું છે'' આવો ખુલાસો કરી ચડાવવાનું કહેત કે જેથી 'મુધાજનપ્રશંસા દોષ' ટાળી શકાય, પરંતુ તેમણે પૂજા કરવાનો નિષેધ કર્યો છે. આ વાત પરથી પણ સ્પષ્ટ થાય છે કે 'प्रागुक्तदोष' શબ્દનો અર્થ 'મુધાજનપ્રશંસા દોષ' કરવો ભૂલ ભરેલો છે, તેનો અર્થ તો પૂર્વોક્ત 'અનાદર-અવજ્ઞાદિ દોષ' થાય.

શંકા : 'प्रागुक्तदोष' શબ્દનો અર્થ 'અનાદર-અવજ્ઞાદિ દોષ' થાય તે કબૂલ, પરંતુ એનાથી દેવદ્રવ્ય ભક્ષણ/વિનાશનો કોઈ દોષ સિદ્ધ થતો નથી. તો તમે ગૃહમંદિર કે સંઘમંદિરના દેવદ્રવ્યથી પ્રભુપૂજા કરનારને દેવદ્રવ્ય ભક્ષણ/ વિનાશનો દોષ લાગે એવું શી રીતે કહી શકો?

**સમાધાન :** ત્યાં બતાવેલાં 'અનાદર-અવજ્ઞાદિ' દોષો દેવદ્રવ્યના ભક્ષણ/વિનાશને પણ સૂચવે છે. તે આ રીતે-'દ્રવ્યસપ્તતિકા ગ્રન્થ પૃ.૪૧, ગાથા-૧૨'ની

ટીકામાં ગ્રન્થકારે દેવદ્રવ્યના 'ભોગ' અને 'ઉપભોગ' દ્રવ્ય એમ બે વિભાગ બતાવ્યા છે. 'જે એકવાર ભોગવી શકાય તેવી વસ્તુને ભોગદ્રવ્ય કહેવાય.' જેમકે નૈવેદ્ય, ફૂલની માળા વગેરે, અને 'જે વારંવાર ભોગવી શકાય તેવી વસ્તુને ઉપભોગ દ્રવ્ય કહેવાય.' દા.ત. આભૂષણ, ઘર વગેરે. આ ભોગ અને ઉપભોગ દ્રવ્યને ચૈત્યાદિ યથોચિત સ્થાને વાપરવાના કહ્યાં છે. જો નૈવેદ્યાદિ ભોગ દેવદ્રવ્યને સ્વકાર્યમાં વાપરવામાં આવે તો તે દ્રવ્ય ખંડિત (ઓછું) થવારૂપ આશાતના દોષ લાગે છે, અને દ્રવ્ય ઓછું થવાથી તેનાથી થતી વિભૂષા, ભક્તિ અને ઉલ્લાસનો ભંગ પણ બતાવ્યો છે. પરમાત્માના આભૂષણો, મકાન વગેરે ઉપભોગ દેવદ્રવ્યને જો સ્વકાર્યમાં વાપરવામાં આવે તો ત્યાં વસ્તુ ઓછી થવારૂપ આશાતનાનો દોષ ન હોવા છતાં ત્યાં આજ્ઞાતિક્રમ, નિઃશૂકતા અને અવિનયાદિ દોષો બતાવ્યા છે[a], પરંતુ ગ્રન્થકારે તે સ્થળે દેવદ્રવ્યના ભક્ષણ કે વિનાશનો દોષ નથી બતાવ્યો. તો શું તે દોષ નથી બતાવ્યો, એટલાં માત્રથી ભોગ દેવદ્રવ્ય કે ઉપભોગ દેવદ્રવ્યને સ્વકાર્યમાં વાપરનાર વ્યક્તિને દેવદ્રવ્યના ભક્ષણ કે વિનાશનો દોષ નથી લાગતો, તેવું આપણે માનશું ખરા? ઉલ્લેખ નથી કર્યો માટે એ દોષ ન લાગે તેવો કોઈ નિયમ નથી. નિયમ તો 'જો તમે દેવદ્રવ્યને સ્વકાર્ય માટે વાપરો તો તમને દેવદ્રવ્ય ભક્ષણ/વિનાશનો દોષ લાગે' તેવો છે. પ્રસ્તુતમાં પ્રભુપૂજા કરવી એ શ્રાવકનું સ્વકાર્ય હોવાથી જો તેને માટે ગૃહમંદિર કે સંઘમંદિરનું દેવદ્રવ્ય વાપરવામાં આવે તો તેને અનાદર-અવજ્ઞાદિ દોષોની જેમ ગ્રન્થકારે

a. द्विविधं च देवद्रव्यं 'भवति' इति शेषः चकारात् गुरुद्रव्यादिकमपि ग्राह्यम्। कुतः? भोगोपभोगाभ्याम्। सकृद् भोगार्हं च वस्तु भोगः, नैवेद्य-स्रगादिकम्। पुनः पुनर्भोगार्हं वस्तु उपभोगः, भूषण-गृहादिकम्। तत्र द्विविधेऽपि द्रव्ये उचितेन वर्तितव्यं विधिव्यापारेण वर्तितव्यम्। भोगोपभोगद्रव्यं स्वस्वोचितस्थाने चैत्यादौ यथार्हदाज्ञं प्रयोक्तव्यं, प्रमोदातिशयसम्भवात्। अन्यथा अनुचितस्थाने व्यापारेण भक्तिभङ्गः आपद्येत इत्यर्थः। अत्रेदं तत्त्वम्-देवादिभोगद्रव्ये स्वकार्ये व्यापारिते सति न्यूनीभवनेन स्फुटं खण्डितद्रव्यरूपाशातना प्रतीयते। तथा सति तदुचितोपभोगव्याघातेन तज्जन्यविभूषाभक्त्युल्लासादिभङ्गोऽपि सम्भाव्यते। उपभोगद्रव्ये तु उक्तदोषाभावेऽपि आज्ञातिक्रम-निःशूकता-अविनयादिदोषसम्भवेन उभयभक्तिभङ्गः स्फुटं समुज्जृम्भते। (द्र.सप्ततिका श्लो.१२, टीका)

ન બતાવેલ દેવદ્રવ્ય ભક્ષણ/વિનાશનો દોષ પણ લાગશે જ.

**શંકા :** પ્રભુપૂજા કરવી એ તો દેવકાર્ય ગણાય. તેને સ્વકાર્ય શી રીતે કહી શકાય?

**સમાધાન :** દેવને લગતું કાર્ય એટલે દેવકાર્ય. પૂજા દેવની કરવાની છે માટે એ રીતે તેને દેવકાર્ય કહેવાય, પરંતુ પૂજા દેવ માટે નથી કરવાની, એ તો ભક્તે પોતાના માટે કરવાની છે. તેથી એ રીતે તેને દેવકાર્ય ન કહેવાય, પણ ભક્તનું સ્વકાર્ય કહેવાય[a]. આમ ભક્તે જ્યારે સ્વકાર્યરૂપ પ્રભુપૂજા કરવાની હોય ત્યારે તેમાં દેવદ્રવ્ય ન વપરાય, પણ સ્વદ્રવ્ય વાપરવું જોઈએ.જો તેમાં દેવદ્રવ્ય વાપરવામાં આવે તો દેવદ્રવ્યના વિનાશનો દોષ લાગે એ સ્પષ્ટ વાત છે. આથી જ દ્રવ્યસપ્તતિકાકારે 'સંઘમંદિરે દેવપૂજા સ્વદ્રવ્યથી જ કરવાની કહી છે અને ઘરમંદિર કે સંઘમંદિરના દેવદ્રવ્યથી લાવેલ પુષ્પાદિથી પૂજા કરવાની ના પાડી છે, જે વાત આપણે પૂર્વે જોઈ ગયા છીએ.

**શંકા :** જેમ પૂજા કરવી એ સ્વકાર્ય કહેવાય, તેમ જિનાલયનું બાંધકામ પણ ભક્તો દેવ માટે નથી કરાવતા, પણ પોતાની આરાધના માટે કરાવે છે. તેથી તેને પણ સ્વકાર્ય કહેવાય. તો પછી જિનાલય પણ ભક્તોએ સ્વદ્રવ્યથી જ બનાવવું જોઈએ. જો તે દેવદ્રવ્યના પૈસાથી બનાવવામાં આવે તો શું તેમને દેવદ્રવ્યના વિનાશનો દોષ ન લાગે?

**સમાધાન :** પ્રભુ કૃતકૃત્ય હોવાથી તેમને પૂજાની ય જરૂર નથી ને જિનાલયની ય જરૂર નથી. એમના આલંબનથી તરવા ભક્તોને આ બધી વસ્તુઓની જરૂર છે. તેથી ઉપલક દૃષ્ટિથી જોતા એવો પ્રશ્ન થાય કે 'જેમ પ્રભુપૂજા સ્વદ્રવ્યથી કરવાની છે તેમ જિનાલય પણ સ્વદ્રવ્યથી જ બનાવવું જોઈએ. દેવદ્રવ્યથી

---

a. દ્રવ્યસપ્તતિકા શ્લો.૧૨, પૃ.૪૬ ઉપર પુષ્ટાલંબને દેવદ્રવ્યના વાજિંત્ર ગુરુ કે સંઘની આગળ વગાડવામાં આવે તો ઘણું ભાડું ચૂકવી વાપરવાના કહ્યાં છે. અને ત્યાં આ વાતને પુષ્ટ કરવા આપેલ 'मुल्लं विणा जिणाणं उवगरणं चमर-छत्त-कलसाइं। जो वावरइ मूढो **णियकज्जे** सो हवइ दुहिओ।।' (*અર્થ-જે મૂઢ માણસ ચામર, છત્ર, કળશ વગેરે દેવદ્રવ્યના ઉપકરણો મૂલ્ય આપ્યા વિના* ***સ્વકાર્યમાં*** *વાપરે છે, તે દુઃખી થાય છે.*) આ શ્લોકમાં णियकज्जे શબ્દ લખી ગુરુના સામૈયા વગેરેને સ્વકાર્યરૂપે ગણાવ્યાં છે. જેમ શ્રાવકો દ્વારા કરાતું ગુરુનું સામૈયું સ્વકાર્ય ગણાય, તેમ શ્રાવકો દ્વારા કરાતી પરમાત્માની પૂજા પણ સ્વકાર્ય ગણાય.

બનાવવામાં તેના વિનાશનો દોષ કેમ ન લાગે?', પરંતુ જિનાલય બનાવવું અને પ્રભુપૂજા વચ્ચેનો ફરક ખબર હોય તેને આ પ્રશ્ન ન ઉદ્ભવે. 'જિનાલય બનાવવું' એ દેવદ્રવ્યનું ઈન્વેસ્ટમેન્ટ (રોકાણ) છે. દેવદ્રવ્યની રકમથી જિનાલય નિર્માણ કરવામાં રૂપિયા ખર્ચાઈ નથી જતા. માત્ર જંગમ મિલકત સ્થાવર મિલકતમાં રૂપાંતરિત થાય છે. વધુમાં એ સ્થાવર મિલકત (જિનાલય) આરાધકો માટે રોજનું આરાધનાનું ધામ બને છે, તથા દેવદ્રવ્યની નવી નવી આવકનો કાયમી સ્રોત પણ બને છે. આથી જિનાલય બનાવવા માટે વાપરેલાં દેવદ્રવ્યનો વિનાશ થતો ન હોવાથી ત્યાં દેવદ્રવ્યવિનાશનો દોષ ન લાગે. જ્યારે દેવદ્રવ્યથી લાવેલ પુષ્પાદિ પ્રભુપૂજાની સામગ્રી એ કાંઈ દેવદ્રવ્યનું ઈન્વેસ્ટમેન્ટ નથી. એ અસ્થાયી કાર્ય છે. દેવદ્રવ્યની સ્થાયી મિલકતરૂપ નથી. તેથી પ્રભુપૂજા માટે વાપરેલ દેવદ્રવ્ય ન્યૂન થતું હોવાથી ત્યાં તેના વિનાશનો દોષ લાગે. આમ દેવદ્રવ્યથી જિનાલયાદિ કાર્યો થઈ શકે, પણ પ્રભુપૂજા ન થઈ શકે.

**શંકા :** 'ધા.વ.વિ.પૃ.૨૧૨' ઉપર આ.શ્રીઅભયશેખસૂરિજી લખે છે કે *'નૂતન જિનાલય નિર્માણ દેવદ્રવ્યમાંથી થઈ શકે એવું જણાવતો એક પણ શાસ્ત્રપાઠ નથી. તેમ છતાં અનેક સ્થળોએ દેવદ્રવ્યમાંથી એ થાય છે અને બધા પૂજનીય આચાર્ય ભગવંતો એને માન્ય રાખે છે, જ્યારે દેવદ્રવ્યમાંથી જિનપૂજા થઈ શકવાનું તો ઠેર ઠેર શાસ્ત્રોમાં જણાવ્યું છે, એનો જ વિરોધ શા માટે?'* તો આનો તમારી પાસે જવાબ શું છે?

**સમાધાન :** 'નૂતન જિનાલય નિર્માણ દેવદ્રવ્યમાંથી થઈ શકે એવું જણાવતો એક પણ શાસ્ત્રપાઠ નથી' આ વાત ખોટી છે. કેમકે 'अक्खयफलबलि-वत्थाइसतिअं जं पुणो दविणजायं। तं निम्मल्लं वुच्चइ, जिणगिहकम्मंमि उवओगं।।१६४।।' આ સંબોધ પ્રકરણ ગ્રન્થના પાઠમાં નિર્માલ્ય દેવદ્રવ્યનો ઉપયોગ સામાન્યથી 'જિનાલયના કાર્યમાં' કહ્યો છે. ત્યાં 'જૂના જિનાલયના કાર્યમાં' એમ વિશેષથી વિધાન નથી લખ્યું, તેથી જૂના જિનાલયના જીર્ણોદ્ધાર કે નવા જિનાલયના નિર્માણ કાર્યમાં દેવદ્રવ્યનો

ઉપયોગ થઈ શકે છે તેવું આ પાઠથી જણાઈ આવે છે. વળી પ્રભુ આગળ રાખેલા ભંડારની આવકનું દેવદ્રવ્ય તથા ઉપધાન-સંઘમાળ-સ્વપ્ન-અંજનશલાકા-પ્રતિષ્ઠા-આરતિ-મંગળદીવો-પ્રભુજીને પ્રથમ પૂજાદિની ઉછામણીનું દેવદ્રવ્ય કે મંદિરના દ્વારોદ્ઘાટનના ચડાવા વગેરેનું દેવદ્રવ્ય નિર્માલ્ય દેવદ્રવ્ય સાથે બિલકુલ સામ્ય ધરાવતું હોવાથી નિર્માલ્ય દેવદ્રવ્યની જે ગતિ થાય તેવી આ બધા દેવદ્રવ્યની પણ થાય, તે વાત આપણે પૂર્વે પૃ.૫ થી ૭ ઉપર જોઈ ગયા છીએ. તેથી આ બધા દેવદ્રવ્યથી પણ જીર્ણોદ્ધારની જેમ નૂતન જિનાલય બનાવવામાં કોઈ બાધ નથી. તેથી 'શાસ્ત્રોમાં ક્યાંય દેવદ્રવ્યથી નૂતન જિનાલય બનાવવાની વાત જ નથી, છતાં પૂ.આચાર્ય ભગવંતો એને માન્ય રાખે છે' આ વાત જ વજૂદ વગરની છે.

હવે *'દેવદ્રવ્યથી જિનપૂજા થઈ શકવાનું શાસ્ત્રમાં ઠેર ઠેર જણાવ્યું છે છતાં એનો વિરોધ શા માટે?'* આવું જે આ.શ્રીઅભયશેખરસૂરિજી લખે છે, તેમાં પણ તેમની પાસે 'દેવદ્રવ્ય અને જિનપૂજા' પુસ્તકના પૃ.૧-૨[a] ઉપર બતાવેલા ત્રણ પાઠો તથા 'ધા.વ.વિ.' પુસ્તકના પૃ.૧૯૫ થી ૧૯૮ ઉપર બતાવેલા તેના જેવા જ બીજા કેટલાક પાઠો સિવાય કશું નથી. આમાંના એકે ય શાસ્ત્રપાઠથી તેમણે જે દેવદ્રવ્યને નિશાન બનાવ્યું છે તે દેવદ્રવ્યથી જિનપૂજા થઈ શકવાની વાત સિદ્ધ થઈ શકતી નથી. જે વાત આપણે આ પુસ્તકના પૃ.૨ થી ૧૪ સુધીમાં વિસ્તારથી જોઈ ગયા છીએ. એ પાઠોમાં દેવદ્રવ્યથી પૂજા, મહાપૂજા, મહોત્સવાદિ થઈ શકવાનું જે જણાવ્યું છે, તે પૂજા દેવદ્રવ્ય (જિનમૂર્તિ સાધારણરૂપ દેવદ્રવ્ય) અને કલ્પિત દેવદ્રવ્ય (જિનમંદિર સાધારણરૂપ દેવદ્રવ્ય) કે જે સંકલ્પિત દેવદ્રવ્યો છે, તેનાથી યથાયોગ્ય થઈ શકે છે એમ સમજવાનું છે. પણ નિર્માલ્ય દેવદ્રવ્ય તથા સ્વપ્નાદિ દેવદ્રવ્ય કે જે સમર્પિત દેવદ્રવ્ય ગણાય છે, તેનાથી આ બધા કાર્યો થઈ શકવાની વાત નથી. સામો પક્ષ જ્યારે ગમે તે દેવદ્રવ્યથી જિનપૂજાદિ કરવાની વિપરીત વાતને પ્રચારતો હોય ત્યારે વિરોધ કરવાના શોખથી નહીં પણ શાસ્ત્રસાપેક્ષ સત્ય વાતને અસ્ખલિત રાખવા માટે અમારે વિરોધ કરવો

a. 'દેવદ્રવ્ય અને જિનપૂજા' પુસ્તકના પેજ નં. સંવત ૨૦૫૧માં છપાયેલા પુસ્તક પ્રમાણેના છે.

આવશ્યક બને છે.

**શંકા :** તમે દ્રવ્યસપ્તતિકા ગ્રન્થના પાઠને આધારે એમ કહો છો કે 'દેવગૃહમાં દેવપૂજા દેવદ્રવ્યથી નહીં, પણ સ્વદ્રવ્યથી જ યથાશક્તિ કરવી જોઈએ', પરંતુ એ જ પાઠમાં ઉપર નિર્માલ્ય દેવદ્રવ્યથી જિનપૂજા કરવાનું વિધાન કર્યું છે, તેનું શું?

**સમાધાન :** હા, દ્રવ્યસપ્તતિકાના એ પાઠમાં પોતાના ગૃહમંદિરમાં ધરેલાં ચોખા, સોપારી, નૈવેદ્ય વગેરે નિર્માલ્ય દેવદ્રવ્યને વેંચીને લાવેલા પુષ્પ-ભોગાદિને સંઘમંદિરે ચડાવવાની વાત કરી છે. વળી આગળ 'ગૃહમંદિરનો માલિક જો માળીને ફૂલનો પગાર ચૂકવવાની શક્તિ ધરાવતો ન હોય તો તે માળીને ગૃહમંદિરે ચડાવેલું નૈવેદ્યાદિ નિર્માલ્ય દેવદ્રવ્ય ફૂલોના પગાર પેટે આપી શકે છે' તેવી વાત પણ આવે છે, પરંતુ આ વાતો અપવાદ અવસ્થાની છે.

**શંકા :** તમે શેના આધારે કહો છો કે આ વાત અપવાદ અવસ્થાની છે?

**સમાધાન :** અમે આ પાઠવાળો આખો અધિકાર પૃ.૧૬-૧૮ ઉપર અર્થ સાથે બતાવ્યો છે. ત્યાં તમે 'मुख्यवृत्त्या मासदेयं पृथगेव कार्यम्, गृहचैत्यनैवेद्य-चोक्षादिकं तु देवगृहे मोच्यम्, अन्यथा गृहचैत्यद्रव्येणैव गृहचैत्यं पूजितं स्यात्, न तु स्वद्रव्येण। तथा चाऽनादराऽवज्ञाऽऽदिदोषः।' આ પંક્તિ ઉપર ધ્યાન આપો. અહીં મુખ્યમાર્ગે (=ઉત્સર્ગમાર્ગે) ગૃહમંદિરના પ્રભુને પૂજવાના ફૂલ માટે માળીને પગાર જુદો જ આપવાનો કહ્યો છે, જ્યારે ગૃહ ચૈત્યના નૈવેદ્ય, ચોખા વગેરે નિર્માલ્ય દેવદ્રવ્યને સંઘમંદિરે મૂકવાની વાત કરી છે. જો તેમ ન કરતા તે માળીને પગાર પેટે આપવામાં આવે તો ગૃહચૈત્યના દેવદ્રવ્યથી ગૃહચૈત્ય પૂજાયેલું થાય, પણ સ્વદ્રવ્યથી પૂજાયેલું ન થાય. તેમ થતા અનાદર, અવજ્ઞાદિ[a] દોષ લાગે છે તેમ બતાવ્યું છે. આનો અર્થ એ થયો કે ઉત્સર્ગમાર્ગે માળીને ફૂલ માટે સ્વદ્રવ્ય આપવાનું છે અને નૈવેદ્યાદિ નિર્માલ્ય દેવદ્રવ્ય તો સ્વદ્રવ્ય આપવાનું સામર્થ્ય ન હોય ત્યારે અપવાદે

a. દેવદ્રવ્યના ભક્ષણ/વિનાશનો દોષ પણ લાગે છે તે વાત આપણે પૃ.૨૨-૨૩ ઉપર સિદ્ધ કરી ગયા છીએ.

આપવાનું છે.

વળી 'देवगृहे देवपूजाऽपि स्वद्रव्येणैव यथाशक्ति कार्या, न तु स्वगृहढौकितनैवेद्यादिविक्रयोत्थद्रव्येण देवसत्कपुष्पादिना वा, प्रागुक्तदोषात्।' તથા છેલ્લે 'तत्राऽपि स्वतश्चैत्यद्रव्योत्पत्त्यऽसम्भवे तत् पूजायां व्यापार्यम्, नान्यथा।' આ પંક્તિ પણ જુઓ. અહીં સંઘમંદિરે દેવપૂજા સ્વદ્રવ્યથી જ કરવાની કહી છે, અને ગૃહમંદિરે ચડાવેલાં નૈવેદ્યાદિ નિર્માલ્ય દેવદ્રવ્યને વેંચીને મેળવેલાં પુષ્પાદિ દ્રવ્યથી કે સંઘમંદિરના દેવદ્રવ્યથી લાવેલાં પુષ્પાદિથી પ્રભુપૂજા કરવાનો નિષેધ કર્યો છે. કેમકે પૂર્વોક્ત અનાદર, અવજ્ઞાદિ દોષ લાગે છે. આનો અર્થ એ થયો કે ઉત્સર્ગમાર્ગે ગૃહમંદિરના નિર્માલ્ય દેવદ્રવ્યને કે સંઘમંદિરના દેવદ્રવ્યને વેંચીને લાવેલા પુષ્પાદિથી સંઘમંદિરે પ્રભુપૂજા ન થઈ શકે. પરંતુ જ્યારે સ્વદ્રવ્ય તો નહીં પણ ચૈત્યદ્રવ્ય (જિનભક્તિ સાધારણરૂપ દેવદ્રવ્ય)ની ઉપજ થવી પણ શક્ય ન હોય ત્યારે અપવાદે ગૃહમંદિરના નિર્માલ્ય દેવદ્રવ્યને કે સંઘમંદિરના દેવદ્રવ્યને વેંચીને લાવેલાં પુષ્પાદિથી સંઘમંદિરે પ્રભુપૂજા કરવાનું વિધાન છે.

આમ, દ્રવ્યસપ્તતિકા ગ્રન્થના આ અધિકારની શરૂઆતમાં ગૃહમંદિરે ધરેલાં ચોખા, સોપારી, નૈવેદ્ય વગેરે નિર્માલ્ય દેવદ્રવ્યને વેંચીને લાવેલાં પુષ્પ-ભોગાદિને સંઘમંદિરે ચડાવવાની જે વાત કરી છે તે તથા ગૃહમંદિરે ચડાવવાના ફૂલ માટે ગૃહમંદિરનું નૈવેદ્યાદિ નિર્માલ્ય દેવદ્રવ્ય માળીને પગાર પેટે આપવાની જે વાત કરી છે તે અપવાદે છે.

શંકા : 'દેવદ્રવ્ય અને જિનપૂજા' પુસ્તકના પૃ.૬ ઉપર આ.શ્રીઅભયશેખરસૂરિજી દ્રવ્યસપ્તતિકા ગ્રન્થના આ અધિકારની શરુમાં આપેલી स्वगृहचैत्यढौकित-चोक्षपूगीफलनैवेद्यादिविक्रयोत्थं पुष्पभोगादि स्वगृहचैत्ये न व्यापार्यम्, नाऽपि चैत्ये स्वयमारोप्यम्, किन्तु सम्यक्स्वरूपमुक्त्वाऽर्चकादेः पार्श्वात् तद्योगाभावे सर्वेषां स्फुटं स्वरूपमुक्त्वा स्वयमारोपयेत्। अन्यथा मुधाजनप्रशंसादिदोषः।'

આ પંક્તિને લઈને કહી રહ્યાં છે કે *''જો દેવદ્રવ્ય બનેલી ચીજથી પૂજા*

*કરવામાં દેવદ્રવ્યભક્ષણનો દોષ લાગતો હોત તો (વૃથાપ્રશંસા દોષ ટાળવા 'આ મારું નથી...' વગેરે) કહેલી રીતે લોકમાં જાહેરાત કરવા છતાં પણ એ ચીજ દેવદ્રવ્ય મટી જતી ન હોવાથી દેવદ્રવ્યભક્ષણનો દોષ તો ઊભો જ રહેત. અને તો પછી, તેવી જાહેરાત કરીને પણ એ ચીજ ભગવાનને ચડાવવાની શાસ્ત્રકાર અનુજ્ઞા ન આપત.*

*સંઘમંદિરમાં જ્યાં સંઘ દ્વારા જ યોગ્ય રીતે દેવદ્રવ્યમાંથી કેસર-સુખડ વગેરેની વ્યવસ્થા થઈ હોય ત્યાં કોઈ શ્રાવક એ કેસર-સુખડ વગેરેથી પ્રભુપૂજા કરે તો ત્યાં સંઘ જાણતો જ હોય છે કે આ કેસર-સુખડ વગેરે દેવદ્રવ્યનું છે, એ શ્રાવકનું પોતાનું નથી. તેથી એની વૃથા પ્રશંસા થવાના દોષની સંભાવના રહેતી નથી. તો જેમ ગૃહમંદિરવાળા શ્રાવકને આ દોષ ન રહે એ રીતે પૂજા કરવાની અનુજ્ઞા છે એમ અન્યશ્રાવકને પણ શા માટે નહીં?''*

**સમાધાન :** સૌ પ્રથમ તો આ.શ્રીઅભયશેખરસૂરિજી દ્રવ્યસપ્તતિકાના અધિકારની જે પંક્તિને આગળ કરીને શાસ્ત્રકારો તરફથી દેવદ્રવ્યથી પ્રભુપૂજા કરવાની અનુજ્ઞા મળ્યાની વાત કરી રહ્યા છે, તે પંક્તિ અપવાદ અવસ્થા માટેની છે, જે આપણે પૂર્વે વિચારી ગયા. બાકી ઉત્સર્ગ માર્ગે શાસ્ત્રકારોએ દેવદ્રવ્યથી પ્રભુપૂજા કરવાની છૂટ આપી જ નથી. અપવાદે દેવદ્રવ્યની પુષ્પાદિ સામગ્રીથી પ્રભુપૂજા કરવામાં આવે ત્યારે 'આ સામગ્રી મારી નથી' તેવી જાહેરાત કરવાથી તે સામગ્રી દેવદ્રવ્યની મટી જાય છે, એવું તો અમે પણ નથી કહેતા. તે સામગ્રી દેવદ્રવ્યની જ છે. પરંતુ ત્યારે તે સામગ્રીથી પ્રભુપૂજા કરવામાં આવે તો દેવદ્રવ્યભક્ષણનો દોષ નથી લાગતો. કેમકે પ્રભુ અપૂજ રહે તેવી અવસ્થામાં અપવાદે શાસ્ત્રકારોએ દેવદ્રવ્યથી પૂજા કરવાની છૂટ આપી છે. બાકી વિના અપવાદે જો દેવદ્રવ્યથી પ્રભુપૂજા કરવામાં આવે તો જાહેરાત કરો કે ન કરો દેવદ્રવ્યભક્ષણ/વિનાશનો દોષ અવશ્ય લાગે છે.

હવે શાસ્ત્રકારો જ્યારે પ્રભુ અપૂજ રહે તેવી અપવાદની અવસ્થા સિવાય ક્યાંય દેવદ્રવ્યથી પૂજા કરવાની છૂટ આપતા જ ન હોય, ત્યારે

આચાર્યશ્રી કહે છે તેવી 'સંઘમંદિરમાં જ્યાં સંઘ દ્વારા જ યોગ્ય રીતે દેવદ્રવ્યમાંથી કેસર-સુખડ વગેરેની વ્યવસ્થા થઈ હોય...' વાળી અયોગ્ય વાત કરી જ શી રીતે શકાય? શું શ્રીસંઘ આ રીતે શાસ્ત્રનિરપેક્ષ બની બધા પૂજા કરી શકે તે માટે દેવદ્રવ્યમાંથી કેસર-સુખડ વગેરેની વ્યવસ્થા કરવાનો વિચાર સુદ્ધાં કરે ખરો? વિના અપવાદે તો વૃથાપ્રશંસા દોષ ટાળનાર ગૃહમંદિરવાળા શ્રાવકને પણ દેવદ્રવ્યથી પ્રભુપૂજા કરવાની અનુજ્ઞા નથી ને અન્ય શ્રાવકને પણ અનુજ્ઞા નથી.

ટૂંકમાં (i) ઉત્સર્ગમાર્ગે દેવદ્રવ્યથી પ્રભુપૂજા કરી ન શકાય. જો કરવામાં આવે તો દેવદ્રવ્યભક્ષણ/વિનાશનો દોષ લાગે. અને (ii) અપવાદમાર્ગે પ્રભુ અપૂજ ન રહે તે માટે દેવદ્રવ્યથી પૂજા કરી શકાય, પરંતુ ત્યાં જો ગૃહમંદિરના દેવદ્રવ્યથી પુષ્પાદિ સામગ્રી લાવી હોય તો વૃથાપ્રશંસા દોષ ટાળવા ખુલાસો કરવો જરૂરી છે.

અહીં એ ધ્યાનમાં રાખવું કે 'ધા.વ.વિ.પૃ.૨૦૭' ઉપર આ.શ્રી-અભયશેખસૂરિજી 'यत्र च ग्रामादौ आदानादिद्रव्यागमोपायो नास्ति तत्राक्षतबल्यादिद्रव्येणैव प्रतिमाः पूज्यमानाः सन्ति[a]' (શ્રાદ્ધવિધિ, પૃ.૪૪) આવો પાઠ મૂકી એમ કહી રહ્યા છે કે *'જ્યાં આદાનાદિ પૂજા દ્રવ્યની પ્રાપ્તિ સંભવિત હોય ત્યાં એ દ્રવ્યથી પૂજા કરવામાં કોઈ દોષ નથી. જ્યાં એનો સંભવ ન હોય ત્યાં નિર્માલ્ય દ્રવ્યના વેચાણથી પ્રાપ્ત થયેલાં દ્રવ્યથી પૂજા થઈ શકે છે. વળી કલ્પિત દ્રવ્ય તો દેવસંબંધી સર્વકાર્યોમાં વાપરી શકાય છે. એમાં તો કોઈને શંકા જ નથી. આમ દેવદ્રવ્યના જે ત્રણ પ્રકાર કહેવાય છે એમાંનું કોઈ દેવદ્રવ્ય એવું રહેતું નથી કે જેમાંથી જિનપૂજા વગેરે ન જ થઈ શકે. એટલે જ ઉપરોક્ત અનેક ગ્રન્થોના ગ્રન્થકારોએ સામાન્યથી જ દેવદ્રવ્યમાંથી જિનપૂજા, જીર્ણોદ્ધાર વગેરે કાર્યો કરવાનું એકમતે વિધાન કર્યું છે. વળી આમાંનાં કોઈ પણ શાસ્ત્રમાં દેવદ્રવ્યનો જિનપૂજામાં ઉપયોગ કરવાનું જે જણાવ્યું છે તે અપવાદિકપદે કારણિક રીતે જણાવ્યું નથી, પણ*

a. *જે ગામ વગેરેમાં આદાન આદિ જિનભક્તિ સાધારણની આવકનો ઉપાય નથી, ત્યાં અક્ષત-બલિ વગેરેના (નિર્માલ્ય દેવદ્રવ્યના વેચાણથી પ્રાપ્ત થયેલા) દ્રવ્યથી જ પ્રતિમાઓ પૂજાય છે.*

*જીર્ણોદ્ધારની સાથે સાથે જ મુખ્યપદે જ (ઉત્સર્ગપદે જ) એનાથી જિનપૂજા કરવાનું વિધાન કર્યું છે એ પણ નોંધનીય છે.'*

અહીં જોવાનું એ છે કે આચાર્યશ્રી ''કોઈ પણ શાસ્ત્રમાં દેવદ્રવ્યનો જિનપૂજામાં ઉપયોગ કરવાનું જે જણાવ્યું છે તે અપવાદિકપદે કારણિક રીતે જણાવ્યું નથી.'' આમ જે કહે છે તે અયુક્ત છે. કેમકે

(i) 'यत्र च ग्रामादौ आदानादि0' આ ઉપરોક્ત પાઠમાં પણ આદાનાદિ (ભાડા વગેરેની) જિનભક્તિ સાધારણની આવક ન હોય તો અપવાદે નિર્માલ્ય દેવદ્રવ્યથી પ્રતિમા પૂજવાની વાત છે.

(ii) 'तत्राऽपि स्वतश्चैत्यद्रव्योत्पत्त्यसम्भवे तत् पूजायां व्यापार्यम्, नान्यथा।' (દ્ર.સપ્તતિકા, શ્લો.૧૨, પૃ.૪૩) અહીં પણ જણાવે છે કે સંઘમંદિરે જિનભક્તિ સાધારણની ઉપજ થવી શક્ય ન હોય તો અપવાદે ગૃહમંદિર કે સંઘમંદિરનું નિર્માલ્ય દેવદ્રવ્ય પૂજામાં વાપરવું, અન્યથા નહીં.

(iii) 'मुख्यवृत्त्या मासदेयं पृथगेव कार्यम्, गृहचैत्यनैवेद्यचोक्षादिकं तु देवगृहे मोंच्यम्।' (દ્ર.સપ્તતિકા, શ્લો.૧૨ પૃ.૪૨) અહીં મુખ્યમાર્ગે= ઉત્સર્ગમાર્ગે ગૃહચૈત્યને પૂજવા માળીને ફૂલોનો પગાર પોતાના પૈસે અલગ આપવાનો કહ્યો છે અને ઘરમંદિરનું નૈવેદ્ય, ચોખા વગેરે નિર્માલ્ય દ્રવ્ય સંઘમંદિરે મૂકી આવવાનું જણાવ્યું છે. અર્થાત્ માળીને ફૂલોના પગાર પેટે નિર્માલ્ય દેવદ્રવ્ય આપવું હોય તો તે સ્વધન આપવાના અસામર્થ્યવાળી અપવાદની અવસ્થામાં જ આપી શકાય.

આ ત્રણે પાઠો જોવાથી સ્પષ્ટ થાય છે કે નિર્માલ્ય દેવદ્રવ્યથી અપવાદે જ જિનપૂજા થઈ શકે. જ્યારે આચાર્યશ્રી 'અપવાદિકપદે કારણિક રીતે જણાવ્યું નથી' એમ કહે છે. શું આટલાં શાસ્ત્રો વાંચ્યા પછી પણ તેમને 'આ અપવાદ કહેવાય' તેની સમજ નહીં પડતી હોય? અહો આશ્ચર્ય! જિનભક્તિસાધારણ કે સ્વદ્રવ્યની અવિદ્યમાનતાવાળા કારણ-સંયોગોમાં નિર્માલ્ય દેવદ્રવ્યથી જિનપૂજા કરવાનું કહેતા આ વિધાનો જોતા નિર્માલ્ય દેવદ્રવ્યથી જિનપૂજા કરવી એ કારણિક-આપવાદિક ન ગણાય તો બીજું શું

ગણાય? શું તેમનો ક્ષયોપશમ એટલો મંદ છે કે આ શાસ્ત્રપાઠોમાં 'અપવાદ' આવો શબ્દ લખ્યો હોય તો જ તેમને આ વિધાનો આપવાદિક છે તેવી ખબર પડે?

વળી 'सति हि देवद्रव्ये प्रत्यहं0' (શ્રાદ્ધવિધિ પૃ.૫૮) વગેરે પાઠોનો આશરો લઈ તેઓ ''આ પાઠોમાં જીર્ણોદ્ધારની સાથે સાથે મુખ્યપદે (ઉત્સર્ગપદે) જ દેવદ્રવ્યથી જિનપૂજા કરવાનું વિધાન કર્યું છે'' એમ કહે છે તથા 'દેવદ્રવ્ય અને જિનપૂજા' પુસ્તકના પૃ.૧૩ ઉપર *''એક દેરાસરમાં કંઈક સમારકામની આવશ્યકતા ઊભી થઈ છે. ૨૫000 રૂ/.નો ખર્ચ છે. શ્રાવકની ફરજ શું? પહેલા નંબરે પોતે સ્વદ્રવ્યથી એ લાભ લેવો...એ શક્ય ન હોય તો સંઘમાં ટીપ કરી એ કામ કરાવવું...એ પણ શક્ય ન બને તો ત્રીજા નંબરે દેવદ્રવ્યમાંથી એ જીર્ણોદ્ધારનું કામ કરાવવું. આ વાત બરાબર છે ને? આમાં દેવદ્રવ્યમાંથી જીર્ણોદ્ધાર કરવાની વાત ત્રીજા નંબરે હોવા છતાં, જો 'દેવદ્રવ્યનો ઉપયોગ શું?' એવો પ્રશ્ન પૂછાય તો એના જવાબમાં જીર્ણોદ્ધાર ઉત્સર્ગમાર્ગે જ કહેવાય છે, અપવાદિક રૂપે નહીં. આના પરથી સ્પષ્ટ છે કે શ્રાવકના કર્તવ્ય તરીકે પૂજા-જીર્ણોદ્ધાર વગેરેની વાત હોય એ એક જુદો અધિકાર છે. ને દેવદ્રવ્યના ઉપયોગ તરીકે પૂજા-જીર્ણોદ્ધાર વગેરેની વાત હોય એ એક જુદો અધિકાર છે.''* આમ કહી તેઓ ''દેવદ્રવ્યનો ઉપયોગ જિનપૂજામાં ઉત્સર્ગમાર્ગે થઈ શકે છે'' એમ જે કહે છે, તે બાબતમાં કહેવાનું કે 'सति हि देवद्रव्ये प्रत्यहं0' વગેરે પાઠોમાં 'નિર્માલ્ય દેવદ્રવ્ય હોય તો જીર્ણોદ્ધાર, જિનપૂજા, મહાપૂજાદિ કાર્યો થઈ શકે' એમ નથી કહ્યું, પરંતુ સામાન્યથી 'દેવદ્રવ્ય' શબ્દ મૂકી 'નિર્માલ્ય દેવદ્રવ્ય, પૂજા દેવદ્રવ્ય અને કલ્પિત દેવદ્રવ્ય હોય તો જીર્ણોદ્ધાર, જિનપૂજા, મહાપૂજાદિ કાર્યો સુપેરે થઈ શકે છે' એમ કહ્યું છે. અર્થાત્ ત્યાં આ ત્રણ દેવદ્રવ્યો પૈકી જ્યાં જે દેવદ્રવ્યથી જીર્ણોદ્ધાર, જિનપૂજા, મહાપૂજા વગેરે જે કાર્યો કરવા ઘટતા હોય તે કાર્યો સુપેરે થઈ શકે તે માટે ત્રણે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી ખૂબ જરૂરી છે, તે સમજાવ્યું છે. જો કોઈપણ દેવદ્રવ્યથી ઉત્સર્ગ માર્ગે જિનપૂજાદિ કાર્યો કરવા

યુક્ત ગણાતા હોત તો સંબોધ પ્રકરણકારે ગાથા ૧૬૪-૧૬૫[a]માં નિર્માલ્ય દેવદ્રવ્યને કેસર, સુખડ, પુષ્પાદિથી થતી જિનપૂજા માટે વાપરવાનો નિષેધ ન ફરમાવ્યો હોત. નિષેધ ફરમાવ્યો છે એ જ બતાવે છે કે ઉત્સર્ગ માર્ગે નિર્માલ્ય દેવદ્રવ્યથી જિનપૂજા થઈ શકે નહીં, અને આગળ જે 'यत्र च ग्रामादौ आदानादिद्रव्यागमोपायो नास्ति तत्राक्षतबल्यादिद्रव्येणैव प्रतिमाः पूज्यमानाः सन्ति' વગેરે પાઠો બતાવ્યા, તેનાથી જણાય છે કે જિનભક્તિ સાધારણરૂપ દેવદ્રવ્યની ઉપજ અશક્ય હોય તેવા કારણ-સંયોગોમાં અપવાદે પ્રભુ અપૂજ ન રહી જાય તે માટે નિર્માલ્ય દેવદ્રવ્યથી જિનપૂજા થઈ શકે છે. વળી સંબોધપ્રકરણ ગ્રન્થમાં દેવદ્રવ્યના ત્રણ વિભાગ તથા તેમનો વપરાશ ક્યાં થાય અને ક્યાં ન થાય એ જે બતાવ્યું છે, તે આ.શ્રી-અભયશેખરસૂરિજી કહે છે તેમ શ્રાવકના કર્તવ્યની રૂએ નહીં પણ દેવદ્રવ્યની ઉપયોગિતાની રૂએ જ બતાવ્યું છે. તેથી દેવદ્રવ્યના ઉપયોગ તરીકે પણ ઉત્સર્ગમાર્ગે નિર્માલ્ય દેવદ્રવ્યથી જિનપૂજા થઈ શકે નહીં. આમ તેઓશ્રી ઉત્સર્ગમાર્ગે જે ત્રણે પ્રકારના દેવદ્રવ્યથી જિનપૂજા થઈ શકવાનું પુરવાર કરવા માંગે છે, તે વાત સાવ પાયા વિહોણી છે.[b]

**શંકા :** પ્રભુભક્તિરૂપે અર્પણ થઈ ચૂકેલાં નિર્માલ્યાદિ દેવદ્રવ્યથી જિનપૂજા અપવાદે જ થઈ શકે, એ વાત તો બેસી ગઈ. પણ 'પ્રભુ અપૂજ રહે તેવી અપવાદની અવસ્થામાં જ તે દેવદ્રવ્યથી પૂજા થઈ શકે, પરંતુ શ્રાવકની સ્વકર્તવ્યરૂપ પૂજા ન થઈ શકે' આવું તમે શેના આધારે કહી શકો?

**સમાધાન :** (i) વિ.સં.૧૯૯૦ અને ૨૦૧૪ના સંમેલનમાં તે તે સમુદાયના વડીલ

---

a. अक्खयफलबलिवत्थाइसंतिअं जं पुणो दविणजायं। तं निम्मलं वुच्चइ, जिणगिहकम्मंमि उवओगं।।१६४।। दव्वंतरनिम्मवियं निम्मल्लं पि हु विभुषणाइहिं। तं पुण जिणसंसग्गि ठविज्ज णण्णत्थ तं भयणा।।१६५।।

b. સ્વપ્નદ્રવ્ય, ઉપધાન-સંઘની માળનું દ્રવ્ય, પ્રભુજી આગળ મૂકેલા ભંડારની આવકનું દ્રવ્ય વગેરે બીજા કેટલાક દેવદ્રવ્યો પણ નિર્માલ્ય દેવદ્રવ્યની જેમ પ્રભુજીની ભક્તિરૂપે અર્પણ થઈ ચૂકેલ 'સમર્પિત દેવદ્રવ્ય' હોવાથી તેઓ નિર્માલ્ય દેવદ્રવ્યને તુલ્ય ગણાય. તેથી તેમનો ઉપયોગ પણ પ્રભુપૂજાર્થે ઉત્સર્ગ માર્ગે ન થઈ શકે. આ અંગે પૃ.૨ થી ૧૪ ઉપર વિસ્તારથી કરેલી વિચારણા જોવી.

આચાર્ય ભગવંતોએ જેમાં સંમતિ આપી છે તેવી આ કલમ જુઓ- *''શ્રાવકોએ પોતાના દ્રવ્યથી પ્રભુની પૂજા વગેરેનો લાભ લેવો જ જોઈએ. પરંતુ કોઈ સ્થળે અન્ય સામગ્રીના અભાવે **પ્રભુની પૂજા આદિમાં વાંધો આવતો જણાય** તો દેવદ્રવ્યમાંથી પ્રભુની પૂજા આદિનો પ્રબંધ કરી લેવો પરંતુ **પ્રભુની પૂજા આદિ તો જરૂર થવી જ જોઈએ.**''* અહીં 'પ્રભુની પૂજા આદિમાં વાંધો આવતો જણાય' 'પ્રભુની પૂજા આદિ તો જરૂર થવી જ જોઈએ' આમ જણાવે છે, પણ 'શ્રાવકની પૂજા રહી જતી હોય તો'કે 'શ્રાવક વિશેષ પ્રકારે પૂજા કરવાની ભાવના ધરાવતો હોય તો' એમ નથી જણાવતા.

પૂ.ઉપા.**શ્રીધર્મસાગરજી ગણિવર** આ બન્ને સંમેલનના નિયમને ધ્યાનમાં લઈ **'ધર્મદ્રવ્ય વ્યવસ્થા'** પુસ્તકના પૃ.૧૧ ઉપર લખી રહ્યાં છે કે *'જિનેશ્વર ભગવાનની ભક્તિ પૂજા તો શ્રાવકે પોતાના દ્રવ્યથી જ કરવી જોઈએ, પણ **જ્યાં શ્રાવકોના ઘર ન હોય, અથવા તીર્થભૂમિમાં જ્યાં શ્રાવકોના ઘર શક્તિસંપન્ન ન હોય ત્યાં દેવદ્રવ્યથી પણ પ્રભુપૂજા કરાવવી જોઈએ. પ્રતિમાજી અપૂજ તો ન જ રહેવા જોઈએ.** જ્યાં શ્રાવક ખર્ચ કરવા શક્તિશાળી ન હોય ત્યાં જૈનેતર પૂજારીનો પગાર, કેસર, ચંદન, અગરબત્તી આદિનો ખર્ચ દેવદ્રવ્યમાંથી કરી શકાય. પણ એટલું તો ચોક્કસ ધ્યાન રાખવું કે શ્રાવકના કામમાં તો આ દ્રવ્ય વપરાય નહીં.'*

આ વાતો પરથી જણાય છે કે પ્રભુ અપૂજ રહે તેવી અપવાદની અવસ્થામાં જ દેવદ્રવ્યથી પૂજા થઈ શકે, અન્યથા નહીં.

(ii) અગાઉ શ્રાદ્ધવિધિનો 'यत्र च ग्रामादौ आदानादिद्रव्यागमोपायो नास्ति तत्राक्षतबल्यादिद्रव्येणैव प्रतिमाः पूज्यमानाः सन्ति' પાઠ જે આપણે જોઈ ગયા, તેમાં 'જ્યાં જિનભક્તિ સાધારણરૂપ દેવદ્રવ્યની ઉપજ કરવી અશક્ય હોય ત્યાં નિર્માલ્ય દેવદ્રવ્યથી **પ્રતિમાઓ પૂજાય છે'** એમ કહ્યું છે, પણ 'શ્રાવકો નિર્માલ્ય દેવદ્રવ્યથી પોતાનું પૂજાનું કર્તવ્ય અદા કરે છે' એમ નથી કહ્યું. આનાથી પણ જણાય છે કે પ્રતિમા અપૂજ રહે તેવું હોય તો જ દેવદ્રવ્યથી પૂજા થઈ શકે, અન્યથા નહીં.

(iii) श्राद्धदिनकृत्य અને श्राद्धविधि ગ્રન્થમાં 'अयं च चैत्यगमनपूजा-स्नात्रादिविधिः सर्वोऽपि ऋद्धिप्राप्तमाश्रित्योक्तस्तस्यैवैतद्योगसंभवात्। अनृद्धिप्राप्तस्तु श्राद्धः स्वगृहे सामायिकं कृत्वा केनाऽपि सह ऋणविवादाद्यभावे ईर्याद्युपयुक्तः साधुवत् चैत्यं याति नैषेधिकीत्र-यादिभावपूजानुयायिविधिना। स च पुष्पादिसामग्र्यभावाद् द्रव्यपूजा-यामशक्तः सामायिकं पारयित्वा कायेन यदि किञ्चिद् पुष्पग्रथनादि कर्तव्यं स्यात् तत् करोति।[a]' (श्राद्धविधि પૃ.૪૯) આવો પાઠ આવે છે. આ પાઠમાં 'પૂજા, સ્નાત્રાદિ વિધિ ઋદ્ધિમાન શ્રાવકને આશ્રયીને છે, કેમકે તેને જ આ પૂજાદિનો યોગ સંભવે છે' એમ 'જ' કાર સાથે બતાવ્યું છે. જ્યારે નિર્ધન શ્રાવક પાસે પુષ્પાદિ પૂજાની સામગ્રી ન હોવાથી તે દ્રવ્યપૂજામાં અશક્ત હોવાના કારણે તેને કોકના ફૂલ ગૂંથી આપવાનું કહ્યું છે, પણ દેવદ્રવ્યથી પૂજા કરવાની છૂટ નથી આપી. એ જ બતાવે છે કે નિર્ધન શ્રાવકથી પણ પૂજાનું કર્તવ્ય અદા કરવા દેવદ્રવ્ય ઉપયોગમાં લઈ શકાતું નથી, પણ પ્રભુ અપૂજ ન રહે તેટલા પૂરતું જ તે પૂજાર્થે વાપરી શકાય છે.

**શંકા :** આ.શ્રીઅભયશેખરસૂરિજીનું કહેવું છે કે આ શાસ્ત્રપાઠમાં પુષ્પાદિ સામગ્રીનો સદંતર અભાવ હોવાથી નિર્ધન શ્રાવકને અન્ય કાર્ય કરવાનું કહ્યું છે, સ્વદ્રવ્યનો અભાવ હોવા માત્રથી નહીં. અર્થાત્ સ્વદ્રવ્ય-પરદ્રવ્ય કે દેવદ્રવ્ય; કોઈ પણ દ્રવ્યથી પ્રાપ્ત થનાર પુષ્પાદિ સામગ્રીનો અભાવ હોવાથી ફૂલ ગૂંથવા વગેરે અન્ય કાર્ય કરવાનું કહ્યું છે.

**સમાધાન :** આચાર્યશ્રીના કહેવા મુજબ સ્વદ્રવ્ય કે પરદ્રવ્યની વાત તો દૂર, દેવદ્રવ્યથી પ્રાપ્ત થતા પુષ્પાદિનો પણ અભાવ છે માટે નિર્ધન શ્રાવકે ફૂલ ગૂંથવાની વાત છે. બાકી જો દેવદ્રવ્યથી પ્રાપ્ત થતા પુષ્પાદિ હાજર હોય તો

a. અર્થ : *આ (પૂર્વોક્ત) ચૈત્યગમન, પૂજા, સ્નાત્રાદિ સર્વ પણ વિધિ ઋદ્ધિવાળા શ્રાવકને આશ્રયીને કીધી. કેમકે તેને જ આ ચૈત્યગમન, પૂજાદિનો યોગ સંભવતો હોય છે. નિર્ધન શ્રાવક તો પોતાના ઘરે સામાયિક લઈને કોઈની પણ સાથે ઋણસંબંધી વિવાદ વગેરે ન હોય તો ઈર્યાસમિતિમાં ઉપયુક્ત બની સાધુની જેમ ત્રણ નિસીહિ વગેરે ભાવપૂજાનુસારી વિધિપૂર્વક મંદિરે જાય. અને તેની પાસે પુષ્પાદિ સામગ્રી ન હોવાથી દ્રવ્યપૂજામાં અશક્ત એવો તે, સામાયિક પારીને પોતાની કાયાથી થઈ શકે એવા જો કોકનાં ફૂલ ગૂંથવા વગેરે કાંઈ કાર્યો હોય તો તે કરે.*

તેનાથી શ્રાવકે પૂજાનું કર્તવ્ય અદા કરવામાં કોઈ બાધ નથી. પરંતુ શ્રાદ્ધવિધિ ગ્રન્થનો આ શાસ્ત્રપાઠ જોતા આચાર્યશ્રીની વાત જરાય બંધબેસતી નથી. કેમકે જો દેવદ્રવ્યના પુષ્પાદિથી શ્રાવક પોતાનું પૂજાનું કર્તવ્ય અદા કરી શકતો હોત તો આ શાસ્ત્રપાઠમાં વર્ણવેલી સ્થિતિ મુજબ નિર્ધન શ્રાવક પાસે પુષ્પાદિ સામગ્રી ન હોવાનો સવાલ જ ઊભો ન થાત. એવી તો કેવી પરિસ્થિતિ ઊભી થાય કે જેમાં ઋદ્ધિમાન શ્રાવકોની વિદ્યમાનતા હોય, તેઓ ફૂલની માળા ગૂંથી શકાય એટલાં બધા ફૂલો પણ લાવતા હોય (આટલાં બધા ફૂલો લાવતા હોય એટલે બીજી ફળાદિ સામગ્રી તો લાવતા જ હોય તે સમજી શકાય છે.) છતાં દેવદ્રવ્યમાં એક કાણી કોડી પણ ન ઉપજતી હોય કે જેથી દેવદ્રવ્યના પુષ્પાદિની વ્યવસ્થા કરવી સંઘ માટે અશક્ય બનતી હોય? તેથી દેવદ્રવ્યના પુષ્પાદિનો અભાવ છે માટે નહીં, પણ વાસ્તવિકતાએ સંઘ પાસે દેવદ્રવ્ય હોવા છતાં દેવદ્રવ્યના પુષ્પાદિ પ્રભુ અપૂજ રહે તેવી અપવાદની પરિસ્થિતિ સિવાય પૂજા માટે ચાલી શકતા નથી માટે તથા નિર્ધન શ્રાવક પાસે પુષ્પાદિ લાવવા ધન નથી માટે પુષ્પાદિનો અભાવ છે.

વળી બીજી રીતે વિચારીએ તો નિર્ધન શ્રાવકને પુષ્પાદિ પૂજાની સામગ્રીનો અભાવ જે બતાવ્યો છે, તે શું તેની પાસે ઋદ્ધિનો અભાવ છે માટે? કે પછી સંઘ પાસે પણ દેવદ્રવ્યનો અભાવ છે માટે? જો સંઘ પાસે પણ દેવદ્રવ્ય નથી માટે પુષ્પાદિ સામગ્રીનો અભાવ છે તેવી વાત હોત, તો આ શાસ્ત્રપાઠમાં 'આ ચૈત્યગમન, પૂજા, સ્નાત્રાદિ વિધિ સર્વ પણ ઋદ્ધિવાળા શ્રાવકને આશ્રયીને કીધી (નિર્ધન શ્રાવકને આશ્રયીને નહીં). કેમકે **ઋદ્ધિમાન શ્રાવકને જ આ પૂજાદિનો યોગ સંભવતો હોય છે**' આવો હેતુ ન બતાવત, પણ 'આ ચૈત્યગમન, પૂજા, સ્નાત્રાદિ વિધિ સર્વ પણ ઋદ્ધિવાળા શ્રાવકને આશ્રયીને કીધી (નિર્ધન શ્રાવકને આશ્રયીને નહીં). કેમકે **નિર્ધન શ્રાવક પાસે સ્વદ્રવ્ય તથા સંઘ પાસે દેવદ્રવ્ય વિદ્યમાન નથી**' આવો હેતુ બતાવત. કેમકે જો સંઘ પાસે દેવદ્રવ્ય હોય તો નિર્ધન શ્રાવકને પૂજાદિનો યોગ થવામાં આ.શ્રીઅભયશેખરસૂરિજીના મતે કાંઈ અટકતું જ નથી. છતાં તેવો હેતુ ન

બતાવતા 'ઋદ્ધિમાન શ્રાવકને જ આ પૂજાદિનો યોગ સંભવતો હોવાથી' આવો હેતુ બતાવ્યો છે, તેથી જણાય છે કે પ્રભુ અપૂજ રહે તેવી અપવાદની પરિસ્થિતિ સિવાય નિર્ધન શ્રાવકનું પૂજાનું કર્તવ્ય અદા કરાવવા શ્રીસંઘને પણ દેવદ્રવ્યની પુષ્પાદિ સામગ્રીની વ્યવસ્થા કરી આપવાનો કટુવિપાકી અધિકાર પ્રાપ્ત થતો નથી, અને નિર્ધન શ્રાવકોએ પણ દેવદ્રવ્યની પુષ્પાદિ સામગ્રીથી પૂજા કરી 'ભાવ આવશે' એવા ભ્રમમાં રહી પાપના ભાગી બનવા જેવું નથી.

**શંકા :** ઉત્સર્ગમાર્ગે દેવદ્રવ્યથી પૂજા ન થાય એ એકદમ સ્પષ્ટ થયું. પરંતુ શ્રાદ્ધ-વિધિમાં ઋદ્ધિમાન શ્રાવકને જ પૂજાદિનો યોગ કહ્યો છે તથા દ્રવ્યસપ્તતિકાના પાઠમાં પણ દેવગૃહમાં દેવપૂજા સ્વદ્રવ્યથી જ યથાશક્તિ કરવાની કહી છે. તેથી દેવદ્રવ્યની જેમ પરદ્રવ્યથી પણ પૂજા કરવાની તો ના જ થઈ ને?

**સમાધાન :** સૌ પ્રથમ તો દેવગૃહમાં દેવપૂજા સ્વદ્રવ્યથી જ કરવાની જે વાત છે, તેમાં દ્રવ્યસપ્તતિકાકારે જકારના વ્યવચ્છેદ્ય તરીકે ગૃહમંદિરનું દેવદ્રવ્ય અને સંઘમંદિરનું દેવદ્રવ્ય બતાવ્યું છે[a], નહીં કે પરદ્રવ્ય. જે વાત આપણે પૃ.૧૯ ઉપર જોઈ ગયા. અર્થાત્ તેમણે દેવદ્રવ્યથી પૂજા કરવાનો નિષેધ ફરમાવ્યો છે, પરદ્રવ્યથી પૂજા કરવાનો નહીં. આથી જણાય છે કે પ્રભુ અપૂજ રહે તેવી અપવાદની પરિસ્થિતિ સિવાય દેવદ્રવ્યથી પૂજા કરનારને દેવદ્રવ્યના વિનાશથી જનિત ગેરલાભ જ થાય છે, જ્યારે પરદ્રવ્યથી પૂજા કરનારને યત્કિંચિત્ પણ લાભ થતો નથી અથવા ગેરલાભ થાય છે તેવું નથી.

હવે 'પરદ્રવ્યથી પૂજા કરનારને પણ જો યત્કિંચિત્ લાભ થતો હોય તો શ્રાદ્ધવિધિ આદિ ગ્રન્થોમાં ઋદ્ધિમાન શ્રાવકોને જ પૂજાદિનો યોગ કેમ બતાવ્યો? ત્યાં પરદ્રવ્યથી પૂજા કરવાનો પણ ઉપદેશ આપવો જોઈતો હતો ને?' આવો પ્રશ્ન થાય, પરંતુ શાસ્ત્રકારો હંમેશા આદર્શ માર્ગ બતાવે. સ્વદ્રવ્યથી પ્રભુપૂજા કરવી એ આદર્શ માર્ગ હોવાથી શાસ્ત્રકારોએ તેનું

a. देवगृहे देवपूजाऽपि स्वद्रव्येणैव यथाशक्ति कार्या, **न तु स्वगृहढौकितनैवेद्यादि-विक्रयोत्थद्रव्येण देवसत्कपुष्पादिना वा,** प्रागुक्तदोषात्। (દ્ર. સપ્તતિકા શ્લો.૧૨, પૃ.૪૨)

નિરૂપણ કર્યું. પછી એ પ્રશ્ન ઊભો રહે કે 'જે નિર્ધન છે, જેની પાસે પૂજા કરવા માટે સ્વદ્રવ્ય નથી, એ પૂજા કરે કે ન કરે? એને તરવા માટેનું આલંબન શું?' ત્યારે શાસ્ત્રકારોએ એને તરવા માટે કોકની ફૂલની માળા ગૂંથી આપવી, દેરાસરનો કાજો લેવો વગેરે ઉપાયો બતાવ્યા, કે જેને પામીને નિર્ધન શ્રાવક પણ લાભ પામી શકે. પરંતુ 'પરદ્રવ્યથી પૂજા કરવી' આવો ઉપદેશ ન આપ્યો. કેમકે તેવો ઉપદેશ આપવાથી ઉતરતો માર્ગ પકડે એવા જીવોની સ્વદ્રવ્યથી પૂજા કરવાની મનોદશા ભૂંસાતી જાય. હા! એટલું ખરું કે ભાવનાસંપન્ન ઋદ્ધિમાન શ્રાવકો સામેથી એમ કહેતા હોય કે ''અમે લાવેલી આ પુષ્પાદિ સામગ્રીથી બીજા આરાધકો પણ પ્રભુભક્તિ કરે અને અમને લાભ આપે.'' તો તાદશ સામગ્રીથી નિર્ધન શ્રાવકો પ્રભુપૂજા કરે એમાં તેમને લાભ ન થવાનું કોઈ કારણ નથી. પરંતુ પરદ્રવ્ય વાપરનારના હૈયામાં ખચકાટ હોવો જોઈએ કે ''મારું સામર્થ્ય ન હોવાથી મારે પરકીય દ્રવ્ય પૂજામાં વાપરવું પડે છે.'' આવો ખચકાટ પણ એટલા માટે કે સ્વદ્રવ્યથી પૂજા કરનારને વિશેષ પ્રકારની ભાવવૃદ્ધિ, લક્ષ્મીનો સદ્વ્યય, શાસન પ્રભાવના વગેરે અનેક લાભો પ્રાપ્ત થાય છે. જ્યારે પરદ્રવ્યથી પૂજા કરનાર આ લાભોથી વંચિત રહી જાય છે. આ બધું જે સમજતો હોય તે શ્રાવક તક મળે તો પોતાના જ દ્રવ્યથી પૂજા કરવાનું ચૂકે ખરો? આવી ભાવનાવાળા જીવો પરદ્રવ્યથી પણ પૂજા કરે તો લાભ પામી શકે છે.

શંકા : બીજા કોઈ એવા શાસ્ત્રવચનો ખરા કે જેનાથી પરદ્રવ્યથી પૂજા કરનારને લાભ થાય છે તેવું ફલિત થતું હોય?

સમાધાન : છે ને. જેમકે- (i) દ્રવ્યસપ્તતિકા ગ્રન્થમાં 'स्थापनाचार्य-जपमालादिकं च ध्यानादिधर्मवृद्धये प्राय: श्राद्धार्पणार्थं गुरुभिर्व्यवह्रियते, अनिश्रित-ज्ञानोपकरणत्वात्[a]।' (શ્લો.૧૨, પૃ.૪૮) આવો પાઠ આવે છે. જેમાં ગુરુભગવંતો તેમની પાસે રહેલી જપમાળા શ્રાવકોને ધ્યાનાદિધર્મની વૃદ્ધિને માટે ગણવા આપે તેવી વાત છે. જો પરદ્રવ્ય વાપરવાથી લાભ થતો જ ન

a. અર્થ : *સ્થાપનાચાર્ય, નવકારવાળી વગેરેને ધ્યાનાદિ ધર્મની વૃદ્ધિને માટે મોટા ભાગે શ્રાવકને આપવાનો વ્યવહાર ગુરુભગવંતો કરે છે. કેમકે તે નિશ્રા કર્યા વિનાના જ્ઞાનોપકરણો હોવાથી.*

હોય તો અહીં ગુરુ દ્વારા શ્રાવકને અપાતી માળા સ્વદ્રવ્ય નહીં, પણ પરદ્રવ્ય જ છે. તો તે ગણવાથી ધ્યાનાદિ ધર્મની વૃદ્ધિ શી રીતે સંભવે? જ્યારે પાઠમાં તો 'ધ્યાનાદિધર્મની વૃદ્ધિ માટે' એમ લાભની જ વાત કહી છે. તેથી જણાય છે કે પરદ્રવ્યથી પૂજાદિ આરાધના કરનારને લાભ થઈ શકે છે.

(ii) પૂ.ભાવચંદ્રસૂરિકૃત **શ્રીશાંતિનાથચરિત્ર**માં **'મંગલકલશ'** રાજાના પૂર્વભવની વાત આવે છે. ત્યાં કહ્યું છે કે 'भो राजन्! यद्भवता सोमचन्द्रभवे परद्रव्येण पुण्यमुपार्जितं तत्प्रभावाद् भाटकेन राजसुता परिणीता' (**અર્થ:** *હે રાજા! તેં સોમચન્દ્રના ભવમાં પરદ્રવ્યથી પુણ્ય ઉપાર્જન કર્યું. તેના પ્રભાવથી તારે ભાડે રાજપુત્રી પરણવાની થઈ.)* અહીં દીવા જેવું સ્પષ્ટ જણાય છે કે પરદ્રવ્યથી આરાધના કરનારને પુણ્યનો લાભ થઈ શકે છે.

પૂ. **રૂપવિજય** કૃત **'મંગલકલશ રાસ'** ઢાળ-૩૨ગાથા ૧૧ જુઓ-

**પારકા દ્રવ્યને હો તું વાવરતો માહરા લાલ,**
**પુન્ય ઉપાર્જન હો તું હિ જ કરતો માહરા લાલ**
**તે વ્યવસાયે હો હુઉ જવ ભૂપતિ માહરા લાલ,**
**ધર્મ પ્રભાવે હો ગઈ તુઝ દુર્મતિ માહરા લાલ (૧૧(૬૪૫))**

(iii) શ્રાદ્ધવિધિ અને ધર્મસંગ્રહ ગ્રન્થની વૃત્તિમાં 'प्रतिवर्षं प्रतिमासं वा चैत्येऽगरूत्क्षेपणदीपार्थपुम्भिकाकियद्दीपघृतचन्दनखण्डादेः शालायां मुखवस्त्रजपमालाप्रोञ्छनकचरवलकाद्यर्थं कियद्वस्त्रसूत्रकम्बलोर्णादेश्च मोचनम्, वर्षासु श्राद्धादीनामुपवेशनार्थं कियत्पट्टिकादेः कारणम्।' (ધર્મસંગ્રહ અધિ.૨, શ્લો.૨૨, પૃ.૮૭) આવો પાઠ છે. જેમાં શ્રાવકે દર મહિને કે વર્ષે મંદિરમાં અગરુનો ધૂપ કરવો, દીવા માટે રૂની પુણીઓ, દીવાનું ઘી અને સુખડના ટુકડા વગેરે પૂજાની સામગ્રી આપવાની કહી છે, ઉપાશ્રયમાં મુહપત્તિ માટે વસ્ત્ર, નવકારવાળી માટે સૂતર અને દંડાસણ તથા ચરવળા આદિ માટે ગરમ ઊન વગેરે મૂકવાનું કહ્યું છે, તથા વર્ષાઋતુમાં શ્રાવકાદિને બેસવા માટે પાટ-પાટલા કરાવવાની વાત કહી છે. શ્રાદ્ધવિધિ આદિ ગ્રન્થોમાં આવા બીજા પણ અનેક પાઠો આવે છે, જેમાં દેરાસરે કેસર ઘસવાનો ઓરસીયો મૂકવો, મંદિરમાં ઉપયોગી નવા ધોતિયા-ચંદરવા-

અંગલૂંછણા-કેસર-સુખડ વગેરે પ્રતિવર્ષ મૂકવા[a], તીર્થયાત્રાએ ગયા હોઈએ ત્યાં પહેરામણી-અંગલૂંછણા-દીવાનું ઘી-ધોતિયા-સુખડ-કેસર-ફૂલદાણી -કળશ-ધૂપિયું-ચામર-થાળ-વાજિંત્રો[b], વગેરે અનેક વસ્તુઓ મૂકવાની કહી છે.

ઉપરોક્ત પાઠોમાં દેરાસર તથા ઉપાશ્રયમાં જે જે વસ્તુઓ મૂકવાની કહી છે, તે કેવળ પડી રાખવા માટે નહીં, પણ યથાવસર અન્ય આરાધકો પણ તેનો વપરાશ કરી સ્વકલ્યાણ સાધે અને તેમાં પોતાને નિમિત્ત બનવારૂપે લાભ થાય તે માટે મૂકવાની છે. જો પૂજા કે સામાયિકાદિ આરાધનામાં પરદ્રવ્યના વપરાશથી લાભ ન થતાં નુકસાન થતું હોય, તો શાસ્ત્રકારો બીજાને નુકસાનકારી એવો આ બધી સામગ્રી મૂકવાનો માર્ગ શા માટે બતાવે? શું બીજાને નુકસાનના ખાડામાં ઊતારી પોતે લાભ ખાટવો આવો માર્ગ હોઈ શકે ખરો? શાસ્ત્રકારો તો સ્વ-પર ઉભયને કલ્યાણકર એવો માર્ગ બતાવતા હોય છે. તેથી આ શાસ્ત્રપાઠો ઉપરથી જણાય છે કે કોકે મૂકેલી આરાધનાની સામગ્રી વાપરનાર શ્રાવક પરદ્રવ્ય વાપરવા છતાં ગેરલાભ નહીં પણ યથાયોગ્ય લાભનો ભાગી બને છે.

(iv) સંબોધ પ્રકરણ ગ્રન્થમાં દેવદ્રવ્યના ત્રણ પ્રકાર પાડેલા છે. એમાં 'પૂજા દેવદ્રવ્ય' (જિનમૂર્તિ સાધારણ) એવો એક પ્રકાર બતાવ્યો છે. પરમાત્માના દેહની પૂજા માટે દાનરૂપે મળેલું દ્રવ્ય પૂજા દેવદ્રવ્ય છે. કેસર, પુષ્પ, દૂધ વગેરે અષ્ટપ્રકારી પૂજાની સામગ્રી લાવી જિનભક્તિ કરવા તથા આંગી માટે આ દ્રવ્ય વપરાય છે. જેથી ધનના અભાવ વગેરે કારણે કોઈ શ્રાવક જિનપૂજાથી વંચિત ન રહી જાય. સંબોધ પ્રકરણકારે દેવદ્રવ્યનો આ ભાંગો બતાવ્યો છે તેથી જણાય છે કે પરદ્રવ્યથી પૂજા કરનારને લાભ થઈ શકે છે. આજે આ વ્યવસ્થા અષ્ટપ્રકારી પૂજાના ચડાવા વગેરે સ્વરૂપમાં જોવા મળે છે. કેસરાદિથી પૂજા કરી આરાધકો કલ્યાણ સાધે તેમાં અનેક વ્યક્તિ લાભ લેવા માંગતા હોય ત્યારે આ ચડાવા બોલવામાં આવે છે. ટૂંકમાં પૂજાની

a. શ્રાદ્ધવિધિ પ્રકાશ-૫, શ્લો.૧૩, પૃ.૧૧૯ b. શ્રાદ્ધવિધિ પ્રકાશ-૫, શ્લો.૧૩, પૃ.૧૧૮

સામગ્રીનો લાભ લેવાની વ્યવસ્થા પૂર્વે પણ હતી અને હાલ પણ છે. આ આપત્કાલિન વ્યવસ્થા નથી.

આવી અનેક વાતો પરથી ફલિત થાય છે કે પરદ્રવ્યથી પૂજા કરનારને પણ યથાયોગ્ય લાભ થાય છે, અને લાભ થતો હોવાથી જ પરમારાધ્યપાદ પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ** પણ પરદ્રવ્યથી કરાતી પૂજાનો નિષેધ નથી કર્યો. (જુઓ 'ચારગતિના કારણો' પૃ.૧૪૭[a]) આ તો સ્વદ્રવ્યથી પૂજા કરવામાં વિશેષ લાભ થતો હોવાથી આદર્શ વાતનો ઉપદેશ આપવામાં આવે છે, 'પરદ્રવ્યથી પણ પૂજા કરાય' આવો ઉપદેશ આપવામાં આવે તો લોભને વશ જીવોની સ્વદ્રવ્યથી પૂજા કરવાની મનોદશા ભૂંસાતી જાય. તેથી ઉપદેશ તો સ્વદ્રવ્યવાળા આદર્શ માર્ગનો આપવો જ હિતકર બની રહે છે.

હવે 'પરદ્રવ્યથી પણ પૂજા કરાય' આવો ઉપદેશ આપવામાં પણ જો ઉપરોક્ત ભયસ્થાન હોય ત્યારે સ્વદ્રવ્યથી પૂજા કરવાના ઉપદેશ ઉપર ભાર મૂકવાને બદલે જેમાં એક પણ શાસ્ત્રપાઠ સમ ખાવા પૂરતો ય મળતો નથી તેવો દુર્ગતિમાં ધકેલી દેનાર દેવદ્રવ્યથી પૂજા કરવાનો ઉપદેશ આપીને આ.શ્રીઅભયશેખરસૂરિજી એનાથી ભાવવૃદ્ધિ થવાનું કહે છે, આ કેવી કારમી દશા છે.

---

a. સ૦ બીજાના દ્રવ્યથી પૂજા કરનારને સારો ભાવ આવે જ નહિ?

બીજાના દ્રવ્યથી જિનપૂજા કરનારને માટે સારો ભાવ આવવાનું કારણ કયું? પોતાની પાસે જિનપૂજા માટે ખર્ચી શકાય-એ પ્રમાણેનું દ્રવ્ય નથી અને જિનપૂજાથી વંચિત રહેવું-એ ગમતું નથી, એ માટે જો એ પારકા દ્રવ્યથી જિનપૂજા કરતો હોય, તો એને 'પૂજામાં પારકું દ્રવ્ય વાપરવું પડે છે અને પોતાનું દ્રવ્ય વાપરી શકતો નથી'-એ ખટકે છે, એમ નક્કી થાય છે, એટલે એની ઈચ્છા તો પોતાના દ્રવ્યથી જ પૂજા કરવાની થઈને? શક્તિ નથી, એ પૂરતો જ એ પારકા દ્રવ્યથી પૂજા કરે છે ને? તક મળે, તો પોતાના જ દ્રવ્યથી પૂજા કરવાનું, એ ચૂકે નહિ ને? આવી **મનોવૃત્તિ હોય તો સારો ભાવ આવી શકે**, કારણ કે જેને પરિગ્રહની મૂર્ચ્છા ઉતારીને પૂજાનું સાધન આપ્યું, તેની એ અનુમોદના કરતો જ હોય. પણ વિચારવા જેવી વાત તો એ છે કે, આજે જે લોકો પોતાના દ્રવ્યનો વ્યય કર્યા વિના જ પૂજા કરે છે, તેઓ શું એવા ગરીબડા છે કે, પૂજા માટે કાંઈ ખર્ચ કરી શકે જ નહિ?

ટૂંકમાં આટલી વાતનો સાર એ છે કે -

★ પૂજા સ્વદ્રવ્યથી કરવામાં આવે તો ભાવવૃદ્ધિ વિશેષ પ્રકારે થાય છે અને સન્માર્ગે ધનનું વપન થવા સાથે શાસન પ્રભાવના થાય છે, તેથી તે આદર્શ માર્ગ છે.

★ કેસર ઘસવું વગેરેનો સમય ન હોય, પરંતુ જેટલું જિનભક્તિ સાધારણનું દ્રવ્ય પોતાનાથી પૂજામાં વપરાયું હોય તેટલું ધન સ્વદ્રવ્યથી પૂજા કરવાની ભાવનાથી જિનભક્તિ સાધારણના ભંડારમાં પૂરવામાં આવે તો તેનાથી પણ ભાવની વૃદ્ધિ થાય અને સન્માર્ગે ધનનું વપન થતું હોવાથી તે માર્ગ પણ સારો છે.

★ ઋદ્ધિમંત શ્રાવકો લાભ લેવાની ભાવનાથી કેસરાદિની વ્યવસ્થા કરે, ત્યારે તે પરદ્રવ્યથી પૂજા કરનાર શ્રાવક પરદ્રવ્ય વાપરવું પડે છે તેની ખટક અને 'ક્યારે હું સ્વદ્રવ્યથી પૂજા કરીશ!' એવા આદર્શ સાથે જો પૂજા કરતો હોય તો તેને પણ ભાવવૃદ્ધિ થવાથી યથાયોગ્ય લાભ થાય, નુકસાન નહીં.

★ વ્યક્તિ પાસે પૂજા માટે સ્વદ્રવ્ય નથી અને અન્ય શ્રાવકો પૂજાની સામગ્રીનો લાભ લેવા પ્રવર્ત્યા નથી. તો તે વ્યક્તિ બીજા પાસેથી પૂજાસામગ્રીની અપેક્ષા ન રાખે, પણ કોકના ફૂલ ગૂંથી આપવા, દેરાસરનો કાજો કાઢવો, પાણી ભરવું વગેરે કાર્યો કરી દ્રવ્યસ્તવમાં કાયયોગને સફળ કરે.

★ પ્રભુ અપૂજ રહે તેવી અપવાદની પરિસ્થિતિ સિવાય જેમાં એક પણ શાસ્ત્રપાઠનો ટેકો તો નહીં ઉપરથી નિષેધ મળે છે, તેવો દેવદ્રવ્યથી પૂજા કરવાનો વિચાર સુદ્ધા ન કરાય, ત્યાં પૂજા કરવાની તો વાત જ ક્યાં ઊભી રહે?

શંકા : 'દેવદ્રવ્ય અને જિનપૂજા' પુસ્તકના પૃ.૧૭ ઉપર આ.શ્રીઅભયશેખરસૂરિજી લખે છે કે *"૫૦ ફૂલની કિંમત ૨૫ રૂ/. હોય તો તેટલાં ફૂલની માળા બનાવવાના માળી ૩૦ રૂ/. લે. નિર્ધન શ્રાવકે ગૂંથેલી ૫૦ ફૂલની માળા શ્રીમંત શ્રાવક ચડાવે તો ૨૫ રૂ/. ના ખર્ચમાં ૩૦ રૂ/.ની વસ્તુ ચડાવેલી થાય. તેથી શ્રીમંત શ્રાવકે ૫ રૂ/.ના પરદ્રવ્યથી પૂજા કરી કહેવાય. જો આ રીતે*

*શ્રીમંત શ્રાવક પણ પરદ્રવ્યથી પૂજા કરી શકે, તો નિર્ધન શ્રાવક શા માટે નહીં?''* તો શું આ યુક્તિ બરાબર છે?

**સમાધાન :** નિર્ધન શ્રાવક કેવી રીતે પરદ્રવ્યથી પૂજા કરે તો તેને લાભ થાય તે આપણે ઉપર જોઈ ગયા. પરંતુ આચાર્યશ્રીએ જે યુક્તિ આપી પરદ્રવ્યથી પૂજા સિદ્ધ કરી છે તે અત્યંત હાસ્યાસ્પદ છે. કેમ કે તેઓશ્રી કોકની પાસે પોતાને માટે કામ કરાવવું અને કોકને તેની ગરજે કામ આપી તેને ધર્મમાં સહાય કરવી તેની વચ્ચેનો ભેદ નથી સમજી શક્યા. માળી પાસે ૨૫ રૂ|.ના ફૂલ ગૂંથાવી માળા બનાવરાવવી, એ પોતાના માટે કામ કરાવ્યું કહેવાય. તેથી ત્યાં ૫ રૂ|. મહેનતાણારૂપે માળીને અધિક આપવાના રહે. જ્યારે નિર્ધન શ્રાવક પાસે પૂજા માટેનું દ્રવ્ય નથી, તેથી તે ફૂલની માળા ગૂંથી પ્રભુભક્તિનો લાભ લેવા માંગે છે અને ઋદ્ધિમાન શ્રાવક તેને ફૂલ ગૂંથવા આપી પ્રભુભક્તિમાં સહાય કરે છે. તેથી ત્યાં ઋદ્ધિમાન શ્રાવક ઉપર નિર્ધન શ્રાવકનું ૫ રૂ|.નું ઋણ ચડતું નથી. માટે નિર્ધન શ્રાવકે ગૂંથેલી ફૂલની માળા ઋદ્ધિમાન શ્રાવક પ્રભુને ચડાવે તો તેણે પરદ્રવ્યથી પૂજા કરી કહેવાય જ નહીં. કોઈ વ્યક્તિ લાભ લેવાની ભાવનાથી કોકનું કામ કરી આપે, છતાં તેનું પૈસાનું મીટર ચડવા લાગે આવી મૂલવણી તો મની માઈન્ડેડ આ.શ્રીઅભયશેખરસૂરિજી જ કરી શકે. આવા દાખલા આપી પરદ્રવ્યથી પૂજા સિદ્ધ કરવી તે બિલકુલ યુક્તિસંગત નથી.

**શંકા :** દ્રવ્યસપ્તતિકાની ''દેવગૃહમાં (સંઘમંદિરમાં) દેવપૂજા સ્વદ્રવ્યથી જ કરવી, પણ ગૃહમંદિર કે સંઘમંદિરના દેવદ્રવ્યથી ન કરવી[a]'' આ વાત જણાવી તમે એમ કહો છો કે 'દેવદ્રવ્યથી શ્રાવક પોતાનું પૂજાનું કર્તવ્ય અદા ન કરી શકે.' પરંતુ 'દેવદ્રવ્ય અને જિનપૂજા' પુસ્તકના પૃ.૫ ઉપર આ.શ્રીઅભયશેખરસૂરિજીએ જણાવ્યું છે કે *''દ્રવ્યસપ્તતિકાની આ વાત ગૃહમંદિરવાળા શ્રાવકના અધિકારમાં આવે છે.''* 'ધા.વ.વિ.' પૃ.૨૦૩ ઉપર પણ જણાવ્યું

a. देवगृहे देवपूजाऽपि स्वद्रव्येणैव यथाशक्ति कार्या, न तु स्वगृहढौकितनैवेद्यादि-विक्रयोत्थद्रव्येण देवसत्कपुष्पादिना वा। (દ્રવ્યસપ્તતિકા શ્લો.૧૨, પૃ.૪૨) देवसत्कपुष्पादि શબ્દનો અર્થ 'સંઘમંદિરનું દેવદ્રવ્ય' શી રીતે થાય તે માટે પૃ.૧૯ ઉપર જુઓ.

*છે કે ''આ પાઠ સ્વદ્રવ્યથી જ પૂજા કરવાનું જે વિધાન કરે છે તે ગૃહમંદિરવાળા શ્રાવકોને મોટા દેરાસરમાં કરવાની પૂજા અંગે છે, પણ સામાન્યથી બધા શ્રાવકો સંઘમંદિર આદિમાં જે પૂજા કરે છે એને અંગે નથી.''* તો દ્રવ્યસપ્તતિકાના પાઠથી દરેક શ્રાવકને દેવદ્રવ્યથી પૂજાનો નિષેધ તમે શી રીતે કરી શકો?

**સમાધાન :** સૌ પ્રથમ તો આ.શ્રીઅભયશેખરસૂરિજી આ વાતમાં કેવી બેધારી રીતે ચાલે છે તે આપણે જોઈએ. એક બાજું તેઓશ્રી સૂચવે છે કે ''દ્રવ્યસપ્તતિકામાં આવતી 'દેવગૃહમાં દેવપૂજા સ્વદ્રવ્યથી જ કરવી પણ દેવદ્રવ્યથી નહીં' આ વાત તે ગ્રન્થનો આખો અધિકાર જોતા ગૃહમંદિરવાળા શ્રાવકને લગતી જણાય છે. અર્થાત્ તે વાત જેમને ગૃહમંદિર નથી તેમને લાગુ ન પડી શકે.''

જ્યારે બીજી બાજું એ જ અધિકારમાં ગૃહમંદિરવાળા શ્રાવક માટે એવી વાત આવે છે કે ''પોતાના ગૃહમંદિરે ધરેલાં ચોખા, સોપારી, નૈવેદ્ય વગેરે દેવદ્રવ્યના વેચાણથી મેળવેલા પુષ્પ-ભોગાદિને 'આ પુષ્પાદિ મારા નથી પણ ગૃહમંદિરે ચડાવેલાં ચોખા વગેરે દેવદ્રવ્યના વેચાણથી લાવેલાં છે' એમ ખુલાસો કરી સંઘમંદિરે ચડાવવા. નહીં તો મુધાજનપ્રશંસા દોષ લાગે[a].'' આ વાતને લઈને 'દેવદ્રવ્ય અને જિનપૂજા' પુસ્તકના પૃ.૬ ઉપર તેઓશ્રી જણાવે છે કે *''જેમ ગૃહમંદિરવાળા શ્રાવકને આ દોષ (મુધાજનપ્રશંસા દોષ) ન રહે એ રીતે (દેવદ્રવ્યથી) પૂજા કરવાની અનુજ્ઞા છે એમ અન્ય શ્રાવકને શા માટે નહીં?''*

આચાર્યશ્રીના મતે જો ગૃહમંદિરવાળા શ્રાવક માટે આવતી ''દેવગૃહમાં દેવપૂજા સ્વદ્રવ્યથી જ કરવી પણ દેવદ્રવ્યથી નહીં'' આ વાત ગૃહમંદિર વિનાના શ્રાવકને લાગુ ન પડી શકે, તો ગૃહમંદિરવાળા શ્રાવક માટે જ કહેવાયેલી ''પોતાના ગૃહમંદિરે ચડાવેલાં ચોખા વગેરેના વેચાણથી

a. स्वगृहढौकितचोक्षपूगीफलनैवेद्यादिविक्रयोत्थं पुष्पभोगादि स्वगृहचैत्ये न व्यापार्यं, नाऽपि चैत्ये स्वयमारोप्यं, किन्तु सम्यक्स्वरूपमुक्त्वाऽर्चकादेः पार्श्वात् तद्योगाभावे सर्वेषां स्फुटं स्वरूपमुक्त्वा स्वयमारोपयेत्। अन्यथा मुधाजनप्रशंसादिदोषः। (દ્રવ્યસપ્તતિકા શ્લો.૧૨, પૃ.૪૨)

લાવેલાં પુષ્પાદિને 'આ દેવદ્રવ્યના છે' તેવો ખુલાસો કરી સંઘમંદિરે ચડાવવા'' વાળી વાતથી ગૃહમંદિર વિનાના શ્રાવકને દેવદ્રવ્યથી પૂજા કરવાની અનુજ્ઞા પણ શી રીતે મળી શકે? એક જગ્યાએ તેઓશ્રી ગૃહમંદિર વિનાના શ્રાવકોને બાકાત કરે છે અને બીજી જગ્યાએ તેઓશ્રી તેમને લેવાની વાત કરે છે. આમ બેધારી નીતિ અપનાવે છે.

ખરું જોઈએ તો આચાર્યશ્રી જેવી રીતે ગૃહમંદિરવાળા શ્રાવકની જેમ અન્ય શ્રાવકને પણ દેવદ્રવ્યથી પૂજા કરવાની અનુજ્ઞા બતાવે છે, તેવી રીતે તેમણે ગૃહમંદિરવાળા શ્રાવકની જેમ અન્ય શ્રાવકને પણ દેવદ્રવ્યથી પૂજા કરવાનો નિષેધ સ્વીકારવો જોઈએ. કેમકે 'પોતાના ગૃહમંદિરે ચડાવેલાં ચોખા વગેરે દેવદ્રવ્યના વેચાણથી લાવેલાં પુષ્પાદિને 'મુધાજનપ્રશંસા દોષ' ન લાગે તેમ ખુલાસો કરી સંઘમંદિરે ચડાવવા' વાળી વાત અપવાદ માર્ગે છે (જુઓ પૃ.૨૬ થી ૨૮), અને પ્રભુ અપૂજ રહે તેવી અપવાદની અવસ્થામાં ગૃહમંદિરવાળા કે વિનાના કોઈ પણ શ્રાવકને દેવદ્રવ્યથી પૂજા કરવાની અનુજ્ઞા છે જ. તથા 'દેવગૃહે દેવપૂજા સ્વદ્રવ્યથી જ યથાશક્તિ કરવી પણ ગૃહમંદિર કે સંઘમંદિરના દેવદ્રવ્યથી નહીં' વાળી વાત ઉત્સર્ગ માર્ગે છે, અને પ્રભુ અપૂજ ન રહેતા હોય તેવી ઉત્સર્ગની પરિસ્થિતિમાં કોઈ પણ શ્રાવકોને ગૃહમંદિર કે સંઘમંદિરના દેવદ્રવ્યથી પૂજા કરવાની અનુજ્ઞા નથી જ.

**શંકા :** આ તો તમે આ.શ્રીઅભયશેખરસૂરિજીની બેધારી નીતિ બતાવી સમાધાન આપ્યું, પરંતુ વાસ્તવિકતાએ શું 'દેવગૃહમાં દેવપૂજા સ્વદ્રવ્યથી જ...' વાળો પાઠ કેવળ ગૃહમંદિરવાળા માટે નથી?

**સમાધાન :** ના. એ પાઠ કેવળ ગૃહમંદિરવાળા માટે નથી. તે આ રીતે-

(i) જો એ પાઠ કેવળ ગૃહમંદિરવાળા માટે હોત તો ત્યાં 'દેવગૃહમાં દેવપૂજા સ્વદ્રવ્યથી જ યથાશક્તિ કરવી, પણ ગૃહમંદિરના દેવદ્રવ્યથી નહીં' આટલા અર્થને બતાવતો 'देवगृहे देवपूजाऽपि स्वद्रव्यणैव यथाशक्ति कार्या, न तु **स्वगृहढौकितनैवेद्यादिविक्रयोत्थद्रव्येण**' સુધીનો જ પાઠ બતાવ્યો હોત, પરંતુ સંઘમંદિરના દેવદ્રવ્યથી પૂજાના નિષેધને સૂચવતા 'देवसत्कपुष्पादिना

વા' પદને ન મૂકત. કેમકે પૂજાર્થે સંઘમંદિરનું દેવદ્રવ્ય દરેક શ્રાવક માટે સમાનપણે નિષેધ્ય હોવાથી સંઘમંદિરના દેવદ્રવ્યને ફક્ત ગૃહમંદિરવાળા શ્રાવક માટે જ નિષેધવાનું કોઈ પ્રયોજન નથી. પાઠમાં મૂકેલાં 'देवसत्कपुष्पादिना वा' પદથી જ જણાય છે કે 'દેવગૃહમાં દેવપૂજા સ્વદ્રવ્યથી જ....' વાળો પાઠ કેવળ ગૃહમંદિરવાળા શ્રાવક માટે નથી, પણ બધા જ શ્રાવકો માટે છે.

(ii) આ. શ્રીઅભયશેખરસૂરિજી જેને ગૃહમંદિરવાળા માટેનો અધિકાર ગણાવે છે તેમાં 'देवगृहे देवपूजाऽपि...देवसत्कपुष्पादिना वा, प्रागुक्तदोषात्' પંક્તિ પછી તરત જ 'तथा देवगृहाऽऽगतं नैवेद्याक्षतादि स्ववस्तुवत् मूषकादेः सम्यग् रक्षणीयं, सम्यग् मूल्यादियुक्त्या च विक्रेयम्' આવી પંક્તિ આવે છે. તેમાં સંઘમંદિરે આવેલાં નૈવેદ્ય, ચોખા વગેરેનું પોતાની વસ્તુની જેમ ઉંદર વગેરેથી રક્ષણ કરવાનું તથા સારું મૂલ્ય ઉપજે તેવી યુક્તિથી વેંચવાનું કહ્યું છે. 'આ બધાં વિધાન કેવળ ગૃહમંદિરવાળા શ્રાવક માટે જ છે' એવું શું તેઓશ્રી કહી શકશે? સંઘમંદિરે આવેલા નૈવેદ્યાદિનું રક્ષણ તથા વેચાણનું કર્તવ્ય ફક્ત ગૃહમંદિરવાળા શ્રાવકનું નહીં પણ બધા શ્રાવકોનું બની રહે છે. તેથી આ આખો અધિકાર કેવળ ગૃહમંદિરવાળા શ્રાવકને ઉદ્દેશીને નથી, પણ તેમાંનો જેટલો અંશ ગૃહમંદિરવાળા શ્રાવકોને લાગુ પડે તેવો હોય, તેટલો તેમના માટે છે ને બાકીનો અંશ બધા શ્રાવકો માટે છે. આમ 'દેવગૃહમાં દેવપૂજા સ્વદ્રવ્યથી જ યથાશક્તિ કરવી પણ ગૃહમંદિર કે સંઘમંદિરના દેવદ્રવ્યથી નહીં' આ અંશ બધા શ્રાવકો માટે હોવાથી તે વાતને કેવળ ગૃહમંદિરવાળા શ્રાવકો માટે ન ગણાવી શકાય. અર્થાત્ આચાર્યશ્રી તે વાતને ફક્ત ગૃહમંદિરવાળા શ્રાવકો માટે ગણાવી અન્ય શ્રાવકોને દેવદ્રવ્યથી પૂજા માટેની છૂટ આપવા માંગે છે, તે બિલકુલ અનુચિત છે.

શંકા: તા. ૧૪-૧૨-૩૮ના જૈન પ્રવચનની "**સિદ્ધાન્તની બે બાજુ**-દરેક સિદ્ધાન્તની બે બાજુ હોય છે. સિદ્ધાન્તની એક બાજુ પકડાય નહીં." આવી પૂજ્યપાદ આ.ભ.શ્રી **રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની લીટીઓ ટાંકીને

'ધા.વ.વિ..પૃ.૨૦૧' ઉપર આ.શ્રી અભયશેખરસૂરિજી કહે છે કે *''પ્રસ્તુતમાં 'જિનપૂજા સ્વદ્રવ્યથી જ કરવી જોઈએ' એ એક બાજુ છે, માત્ર એને પકડી ન લેવાય. એને પકડી લેવામાં એકાન્તવાદી બની જવાય''* તો તમે શા માટે એકાન્ત કરો છો?

**સમાધાન** : અમે એકાન્ત કરતા જ નથી. પરંતુ એટલું ખરું કે અમે આ.શ્રી-અભયશેખરસૂરિજી જેવો અભૂતપૂર્વ અનેકાન્ત પણ બતાવતા નથી. અમે 'પ્રભુ અપૂજ રહે તેવી સ્થિતિમાં અપેક્ષાએ દેવદ્રવ્યથી પૂજા થઈ શકે છે, અને અપેક્ષાએ પ્રભુ પૂજાતા હોય તેવી સ્થિતિમાં દેવદ્રવ્યથી પૂજા ન થઈ શકે' આવો શાસ્ત્રસાપેક્ષ અનેકાન્ત માનીએ છીએ. પરંતુ આ કાળમાં પ્રભુ અપૂજ રહે એવી કોઈ પરિસ્થિતિ ન જણાતી હોવાથી લોકોને દેવદ્રવ્ય વિનાશના દોષથી બચાવી આદર્શ માર્ગે ચાલતા કરવા 'જિનપૂજા સ્વદ્રવ્યથી જ કરવી જોઈએ, દેવદ્રવ્યથી નહીં' આ પાસાનો હિતકારી ઉપદેશ આપીએ છીએ. બાકી પ્રભુ અપૂજ રહે તેવી આફતવાળી અવસ્થામાં 'यत्र च ग्रामादौ आदानादिद्रव्यागमोपायो नास्ति तत्राक्षतबल्यादिद्रव्येणैव प्रतिमाः पूज्यमानाः सन्ति' (શ્રાદ્ધવિધિ પૃ.૪૪) આવા પાઠોને આશ્રયીને દેવદ્રવ્યથી પૂજા કરવાનું કહેવામાં આવે તો પણ કોઈ બાધ નથી. આ.શ્રી-અભયશેખરસૂરિજી તો તેમના અભૂતપૂર્વ અનેકાન્તને આશ્રયી પ્રભુ અપૂજ રહે તેવી પરિસ્થિતિ છે કે પૂજાય તેવી પરિસ્થિતિ છે તેની દરકાર કર્યા વિના 'દેવદ્રવ્યથી પ્રભુપૂજા થઈ શકે છે' આવો શાસ્ત્રનિરપેક્ષ ઉપદેશ આપવા તૈયાર થયા છે. અહો મુખરતા!!!

ખરેખર તો દરેક સિદ્ધાન્તની બે બાજુ હોય છે તેમાં ના નથી. પરંતુ ફક્ત તે બન્ને બાજુની ખબર હોવી તેટલું પર્યાપ્ત નથી. કયા અવસરે બન્ને પૈકી કઈ બાજુ હિતકર થશે તે ઓળખી તેનો ઉપદેશ આપતા આવડવો તેમાં જ ખરી ગીતાર્થતા છે. અનવસરે બોલાયેલી સિદ્ધાન્તની બીજી બાજુ લોકોને અહિતકર હોવાથી તે રજૂ કરનારને 'અનેકાન્તનું અજીર્ણ થયું છે' તેમ કહેવાય. આવા વક્તાઓને અનેકાન્ત ફળતો નથી પણ ફૂટી નીકળે છે.

સિદ્ધાન્તની બે બાજુની (અનેકાન્તની) રૂએ સંસાર અપેક્ષાએ નિત્ય અને અપેક્ષાએ અનિત્ય હોવા છતાં શું લોક સમક્ષ છૂટથી તેની નિત્યતાનો ઉપદેશ આપવો હિતકર નીવડે ખરો?

શંકા : 'દેવદ્રવ્ય અને જિનપૂજા' પુસ્તકના પૃ.૧૭ થી ૨૦ ઉપર પૂ.આ.શ્રી ભુવનભાનુસૂ.મ.સા.નું દિવ્યદર્શન માસિકમાં આવેલું **"ભગવાન તો મોક્ષમાં જઈ બેઠા છે. કૃતકૃત્ય થઈ ગયા છે...એમને તારી પૂજાની કોઈ જરૂર જ નથી...તારા પોતાના કલ્યાણ માટે પ્રભુની પૂજા છે...તો એ દેવદ્રવ્યમાંથી થાય કે તારા પોતાના દ્રવ્યમાંથી?"** આ લખાણ બતાવી આ.શ્રી-અભયશેખરસૂરિજીએ તેની સ્યાદ્વાદથી ઘટમાનતા કરી છે, તે અંગે તમારું શું કહેવું છે?

**સમાધાન :** આચાર્યશ્રીએ આ વાતમાં અમારી સામે ત્રણ મુદ્દા મૂક્યા છે –

(i) *તેમનું કહેવું છે કે 'પૂ.આ.શ્રીભુવનભાનુસૂ.મ.સા.એ 'અપેક્ષાએ સ્વદ્રવ્યથી પૂજા થાય અને અપેક્ષાએ દેવદ્રવ્યથી પણ પૂજા થઈ શકે' આવો સ્યાદ્વાદ હૃદયમાં રાખી એકનયદેશનારૂપે ઉપરોક્ત વાત કરી છે. અર્થાત્ શ્રાવકો પ્રભુચરણે સ્વદ્રવ્ય સમર્પિત કરવા ઉલ્લસિત થાય અને એ દ્વારા આત્મહિત સાધે તે દષ્ટિકોણ (નય) ને ધ્યાનમાં લઈ પૂ.આ.શ્રીભુવનભાનુસૂ.મ.સા.એ દિવ્યદર્શનમાં "ભગવાનને કાંઈ પૂજાની જરૂર નથી..." વગેરે એક નય દેશનારૂપે નિરૂપણ કર્યું છે, જે આજે પણ અમને માન્ય છે ને અવસરે અમે એ નિરૂપણ કરીએ પણ છીએ જ. પણ દેવદ્રવ્યના ઉપયોગના નિરૂપણનો અવસર હોય ત્યારે એ અપેક્ષાએ દેવદ્રવ્યથી પણ જિનભક્તિ થઈ જ શકે છે, એવી જે અન્ય નયદેશના છે એનો નિષેધ પૂજ્યશ્રીને અભિપ્રેત ન હોવાથી એવા ભારપૂર્વકના નિરૂપણમાં કશું જ વાંધાજનક નથી. સામો પક્ષ આ અન્ય નયનો નિષેધ કરે છે, માટે એમની દેશના શાસ્ત્રાનુસારી નથી.*

(ii) *જો ભગવાનને પૂજાની જરૂર નથી માટે દેવદ્રવ્યથી પૂજા થઈ ન જ શકે તો નૂતન જિનાલય-જીર્ણોદ્ધારની પણ ભગવાનને જરૂર ન હોવાથી દેવદ્રવ્યથી તે પણ નહીં થઈ શકે. આમ દેવદ્રવ્યનો કશો ઉપયોગ જ રહેશે નહીં, જે*

*ઉચિત નથી. માટે આવો એકાન્ત પકડવો યોગ્ય નથી. જીર્ણોદ્ધાર પણ પ્રભુભક્તિ જ છે, એટલે એ જો દેવદ્રવ્યથી થઈ શકે તો પૂજા પણ પ્રભુભક્તિ હોવાથી તે દેવદ્રવ્યથી શા માટે ન થઈ શકે?*

(iii) *ઉપદેશમાળા વગેરે શાસ્ત્રોમાં થોડામાંથી થોડું દઈને ગુરુભક્તિ કરવાનું કહ્યું છે. છેવટે એક મુહપત્તિ વહોરાવીને પણ ગુરુભક્તિ કરવાનું કહ્યું છે. આ વાતો શ્રાવકે સ્વદ્રવ્યથી ગુરુભક્તિ કરવી જ જોઈએ એ જણાવનાર હોવા છતાં વૈયાવચ્ચખાતાની રકમના ઉપયોગ તરીકે સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ કરવાનું ઉત્સર્ગપદે જ વિધાન કર્યું છે. એમ પ્રભુપૂજા સ્વદ્રવ્યથી કરવી જ જોઈએ, પણ દેવદ્રવ્યની રકમના ઉપયોગ તરીકે તેમાંથી પ્રભુપૂજા ઉત્સર્ગપદે થઈ શકે છે.*

હવે આ ત્રણે મુદ્દાની આપણે સમીક્ષા કરીએ-

(i) આ.શ્રીઅભયશેખરસૂરિજીએ પૂ.આ.શ્રીભુવનભાનુસૂ.મ.સા.ની દિવ્ય-દર્શનની વાતને એકનયદેશનારૂપે કહીને 'તે અમને આજે પણ માન્ય છે' એમ જે કહ્યું તે સારી વાત છે, પરંતુ તેમણે પૂ.આ.શ્રીભુવન-ભાનુસૂ.મ.સા.વતી અન્યનયદેશનારૂપે 'દેવદ્રવ્યના ઉપયોગના નિરૂપણનો અવસર હોય ત્યારે અપેક્ષાએ દેવદ્રવ્યથી જિનપૂજા થઈ જ શકે છે' આવું જે કહ્યું તે બિલકુલ અયુક્ત છે. કેમકે પૂજા અને કલ્પિત સિવાયનું જે દેવદ્રવ્ય તેઓશ્રી જિનપૂજામાં વાપરી શકાય એમ કહે છે, તેનો સંબોધ પ્રકરણકારે જિનપૂજામાં વાપરવાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે અને તેનો ઉપયોગ જીર્ણોદ્ધારાદિ કાર્યોમાં તથા પ્રભુજીના સુવર્ણાદિના આભૂષણો બનાવવામાં બતાવ્યો છે. અર્થાત્ ઉપયોગિતાની રૂએ તે દેવદ્રવ્યથી જિનપૂજા થઈ શકતી નથી. વળી 'सति हि देवद्रव्ये प्रत्यहं0' વગેરે શાસ્ત્રપાઠોના આધારે તેઓશ્રી તાદશ દેવદ્રવ્યથી પૂજા કરવાનું કહેતા હોય તો તે માટે અમે પૃ.૨ થી ૧૪ ઉપર વિસ્તારથી ખુલાસો આપી ચૂક્યા છીએ કે તે પાઠો દરેક પ્રકારના દેવદ્રવ્યથી જિનપૂજાદિ કરવાનું નથી સૂચવતા, પરંતુ સંબોધ પ્રકરણ ગ્રન્થમાં બતાવ્યા પ્રમાણે જે દેવદ્રવ્યથી જે જીર્ણોદ્ધાર, પૂજા, મહાપૂજાદિ કાર્યો કરવા ઘટતા

હોય તે કાર્યો સુપેરે થઈ શકે તે માટે દરેક દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી આવશ્યક છે તેમ સૂચવે છે. જો તે પાઠોનું 'દરેક પ્રકારના દેવદ્રવ્યથી પૂજા, મહાપૂજાદિ થઈ શકે છે' આવું અર્થઘટન કરવામાં આવે તો સંબોધ પ્રકરણમાં બતાવેલી દેવદ્રવ્યના ત્રણ વિભાગોની વ્યવસ્થા સાથે વિરોધ આવે છે. આશ્ચર્ય તો એ થાય છે કે 'પૂ.આ.શ્રીભુવનભાનુસૂ.મ.સા.એ સ્યાદ્વાદને કેવો યથાર્થરૂપે પિછાણ્યો હતો' એમ કહી 'દેવદ્રવ્યના ઉપયોગના નિરૂપણનો અવસર હોય ત્યારે અપેક્ષાએ દેવદ્રવ્યથી જિનપૂજા થઈ જ શકે છે' આવી શાસ્ત્રવિરુદ્ધ વાતને અન્યનયદેશનારૂપે તેમના નામે કરી આ.શ્રીઅભયશેખરસૂરિજીને તેમના વડીલની કીર્તિને કલુષિત કરવાનું કેમ સૂઝતું હશે?!!! શાસ્ત્રકારો સ્યાદ્વાદને આપણા કરતા સવાયો જાણતા હતા. તેથી તેમની વિરુદ્ધમાં જઈ આવો ઉટપટાંગ સ્યાદ્વાદ ઘટાવનાર તેમણે સ્યાદ્વાદને અયોગ્ય રીતે રજૂ કરનાર સાવદ્યાચાર્ય[a] (કમલપ્રભાચાર્ય)ની શી દશા થઈ તે ખાસ ધ્યાનમાં લેવું જોઈએ. અમે તેમના શાસ્ત્રવિરુદ્ધ એવા આ અન્ય નયમાં 'હા એ હા' નથી કરતા, પણ નિષેધ કરીએ છીએ માટે જ ઉપરથી અમારી દેશના શાસ્ત્રાનુસારી છે.[b]

(ii) પૃ.૨૪-૨૫ ઉપર કહેવાઈ ગયું કે પ્રભુ કૃતકૃત્ય હોવાથી તેમને પૂજા કે જિનાલયની જરૂર નથી, પરંતુ જિનાલય બનાવવું અને પ્રભુપૂજા કરવી તે બન્ને વચ્ચે ઘણો ફરક છે. જિનાલય બનાવવું-જીર્ણોદ્ધાર કરવો એ દેવદ્રવ્યનું ઈન્વેસ્ટમેન્ટ (રોકાણ) હોવાથી તેમાં રૂપિયા ખર્ચાઈ નથી જતા. માત્ર જંગમ મિલકત સ્થાવર મિલકતમાં રૂપાંતરિત થાય છે. વધુમાં એ સ્થાવર મિલકત (જિનાલય) આરાધકો માટે આરાધનાનું ધામ બને છે, તથા દેવદ્રવ્યની નવી નવી આવકનો કાયમી સ્રોત પણ બને છે. આથી જિનાલય બનાવવા માટે વાપરેલાં દેવદ્રવ્યનો વિનાશ થતો ન હોવાથી દેવદ્રવ્યથી જિનાલય

---

a. अन्नं परिहारगमलभमाणेणं अंगीकाऊणं दीहसंसारं भणियं च सावज्जायरिएणं जहा णं उस्सग्गाववायेहिं आगमो ठिओ। तुब्भे ण याणह, एगंतो मिच्छत्तं, जिणाणमाणामणेगंता। (મહાનિશીથ-૨૯)

b. પૂ.આ.શ્રીભુવનભાનુ સૂ.મ.સા. વગેરે મહાત્માઓનાં બીજા લખાણો પૃ.૧૦-૧૧ ઉપર જુઓ.

બનાવવારૂપ પ્રભુભક્તિ કરવામાં બાધ નથી. તેથી અમને એકાન્ત પકડનારા કહી 'દેવદ્રવ્યનો કશો ઉપયોગ જ રહેશે નહીં' આવી ચિંતા પણ આચાર્યશ્રીએ કરવાની જરૂર નથી. જ્યારે દેવદ્રવ્યથી લાવેલી પુષ્પાદિ પૂજાની સામગ્રી એ કાંઈ દેવદ્રવ્યનું ઈન્વેસ્ટમેન્ટ નથી. એ અસ્થાયી કાર્ય છે. તેથી પૂજા કરવી એ પ્રભુભક્તિનું કાર્ય હોવા છતાં દેવદ્રવ્યથી તે કરવામાં દેવદ્રવ્યના વિનાશનો દોષ લાગતો હોવાથી પ્રભુપૂજા દેવદ્રવ્યથી ન થઈ શકે.

(iii) આચાર્યશ્રી ફરમાવે છે કે 'ઉપદેશમાળા વગેરે ગ્રન્થોના પાઠો સ્વદ્રવ્યથી ગુરુભક્તિ કરવી જ જોઈએ એ જણાવનાર હોવા છતાં વૈયાવચ્ચખાતાની રકમના ઉપયોગ તરીકે સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ કરવાનું ઉત્સર્ગપદે જ વિધાન કર્યું છે', પરંતુ અમારું કહેવું છે કે 'દેવદ્રવ્યની રકમના ઉપયોગ તરીકે તેમાંથી પ્રભુપૂજા ઉત્સર્ગપદે થઈ શકે છે' આવું કોઈ શાસ્ત્રનું વિધાન તેઓશ્રી અમને બતાવી શકશે ખરા? વિધાન તો દૂર રહ્યું, કોઈ શાસ્ત્રપાઠ ઉપરથી અન્યશાસ્ત્રપાઠને વિરોધ ન આવે એ રીતે ફલિત કરી આપે તો પણ ભયો ભયો.

ટૂંકમાં, આવા સ્યાદ્વાદીઓથી ખૂબ ચેતતા રહેવા જેવું છે. કેમકે કોઈ પણ શાસ્ત્રપાઠમાં ઉત્સર્ગપદે દેવદ્રવ્યથી પૂજા કરવાનું વિધાન છે જ નહીં. ઊલટું પ્રભુ અપૂજ રહે તેવી અવસ્થામાં અપવાદે જ દેવદ્રવ્યથી પૂજા કરવાનું વિધાન મળે છે.

શંકા : 'દેવદ્રવ્ય અને જિનપૂજા' પુસ્તકના પૃ.૧૪ ઉપર કહ્યું છે કે *''સ્વદ્રવ્યથી પૂજા કરવી એ આદર્શ છે, પણ શક્તિ-ભાવના ન પહોંચતા જેઓ આ આદર્શને આંબી શકતા નથી એ બધા માટે કોઈ વ્યવસ્થા પણ જોઈએ ને! શું એ બધાને પૂજા નહીં કરનારા સ્થાનકવાસી બનાવી દેવા છે? એટલે બધા પ્રભુભક્તિ કરતા રહે એ માટે દેવદ્રવ્ય વગેરેની વ્યવસ્થા દર્શાવી છે. શક્તિની જેમ ભાવના પણ જોવી જોઈએ. સવારના પ્રતિક્રમણમાં તપચિંતવણીના કાઉસ્સગ્ગમાં શક્તિ અને ભાવના બન્ને જોવાના છે અને આખરે નિર્ણય*

*ભાવના પ્રમાણે થાય છે.''* શું આ વાત વિચારવા જેવી નથી?

**સમાધાન :** વિચારવા જેવી તો દૂર, કચરામાં ફેંકી દેવા જેવી આ વાત છે. આ.શ્રી.અભયશેખરસૂરિજીનું કહેવું છે કે 'તપચિંતવણીના કાઉસ્સગ્ગમાં જેમ શક્તિ હોય છતાં ભાવના ન હોય તો તપમાં નીચે ઊતરવાની રજા મળે છે, તેવી રીતે સ્વદ્રવ્યથી પૂજા કરવાની શક્તિ હોય પણ ભાવના ન હોય તો દેવદ્રવ્યથી પૂજા કેમ ન કરાવવી?' પરંતુ તપચિંતવણીના કાઉસ્સગ્ગમાં શક્તિ હોય છતાં ભાવના ન હોય તો તપમાં નીચે ઊતરવાની રજા મળે, પણ ક્યાં સુધી? એની પણ એક હદ તો હોય ને? 'છ' મહિનાના ઉપવાસથી લઈને ઊતરતા ઊતરતા સાઢપોરસી, પોરસી, છેલ્લામાં છેલ્લે નવકારશી સુધી ઊતરે તે બરાબર, પણ શાસ્ત્રાજ્ઞા વિરુદ્ધ એવા રાત્રિભોજનની રજા મળે? ન મળે ને...એમ જિનપૂજા માટે પણ સ્વદ્રવ્યથી કરવાની શક્તિ હોય છતાં ભાવના ન થતી હોય તો અષ્ટપ્રકારી પૂજાને બદલે ઓછી-વત્તી પૂજા કરે. છેવટે તપચિંતવણીમાં નવકારશીનો તપ કરે એમ અહીં થોડુંક તો સ્વદ્રવ્ય વાપરે ને? શું અહીં રાત્રિભોજનની જેમ શાસ્ત્રાજ્ઞાવિરુદ્ધ એવી દેવદ્રવ્યથી પૂજા કરવાની અનુમતિ આપી શકાય? ન અપાય ને...ગાંઠનું થોડું પણ ધન વપરાય એની ઘણી કિંમત છે. આથી જેને ભાવના ન જાગતી હોય તેવા વ્યક્તિની ભાવના જાગૃત કરવા યત્ન કરવો જોઈએ. અને જ્યાં સુધી વ્યક્તિને સ્વદ્રવ્ય વાપરવાની ભાવના ન જાગે ત્યાં સુધી તેણે પોતાના લોભ પ્રત્યે મનમાં કચવાટ રાખવાપૂર્વક પ્રભુજીના દર્શન કરવા, પ્રભુજીને અંગલૂંછણા કરવા, દેરાસરનો કાજો લેવો વગેરે કાર્યો કરી પોતાના તનને સફળ બનાવવા યત્ન કરવો જોઈએ, પરંતુ પૂર્વે આપણે વિસ્તારથી જોઈ ગયા તે મુજબ દેવદ્રવ્યથી સ્વકીય પૂજાનું કર્તવ્ય અદા કરવારૂપ ઉન્માર્ગ સેવવાનો તો વિચાર સુદ્ધા ન કરવો જોઈએ.

વળી આચાર્યશ્રી *'શ્રાવકો પૂજા ન કરવાથી સ્થાનકવાસી બની જશે'* આવો કાલ્પનિક ભય બતાવી રહ્યા છે, પરંતુ 'શ્રાવકો દેવદ્રવ્યથી પૂજા કરવાથી દેવદ્રવ્યના ભક્ષક/વિનાશક બની જશે' આ વાસ્તવિક ભય તેમને

દેખાતો નથી. આ વાતમાં તેમણે સાચે જ પોતાનું **'અભયશેખર'** નામ સાર્થક કર્યું છે. આચાર્યશ્રીને શ્રાવકોનો લોભ તોડાવી તેમને સ્વદ્રવ્યથી પૂજા કરતા કરવામાં જેટલો રસ છે, તેનાથી વધુ રસ તેમને દેવદ્રવ્યથી પૂજા કરતા કરવામાં જણાય છે. તેઓશ્રી 'બધા પ્રભુભક્તિ કરતા રહે એ માટે દેવદ્રવ્ય વગેરેની વ્યવસ્થા દર્શાવી છે' એમ કહે છે, તો બતાવે કે કયા શાસ્ત્રમાં આવી વ્યવસ્થા બતાવી છે? પૂજા દેવદ્રવ્ય (જિનમૂર્તિ સાધારણ) અને કલ્પિત દેવદ્રવ્ય (જિનમંદિર સાધારણ) સિવાયના દેવદ્રવ્યથી બધા પ્રભુભક્તિ કરી શકે આવી વાત કોઈ શાસ્ત્રમાં આવતી નથી. પૂજામાં રસ હોવા છતાં નિર્ધન શ્રાવકો સ્વદ્રવ્યના અભાવમાં પૂજા નથી કરી શકતા, પણ માળા ગૂંથવી, પ્રભુજીને અંગલૂંછણાં કરવાં, દેરાસરનો કાજો લેવો, છેવટે પ્રભુજીના દર્શન કરવા વગેરે કાર્ય કરે છે, તેઓ પૂજા ન કરવા માત્રથી 'હિંસા...હિંસા... ' કરી મંદિરને કે પૂજાને ઉત્થાપનારા સ્થાનકવાસી થોડા બની જાય? સ્થાનકવાસી તો એ બને કે જે 'મંદિર, પૂજા, મહાપૂજા, વરઘોડા વગેરે હિંસક હોવાથી ત્યાજ્ય છે', 'સ્થાપના નિક્ષેપો પૂજ્ય નથી' વગેરે માન્યતા ધરાવતા હોય.

**શંકા :** આ.શ્રીઅભયશેખરસૂરિજીનું કહેવું છે કે *''સંઘોમાં સાધારણ ખાતામાં તૂટ રહેતી હોવાથી પૂજારીઓને પૂરતો પગાર આપવામાં હાથ ટૂંકો પડે છે. પછી સારા માણસો મળતા નથી. તેથી અનેકવિધ આશાતનાઓ અને ક્યારેક ચોરી પણ થાય. 'જૈનોના મંદિરોમાં આમ લાખો રૂપિયાની ઊપજ થાય, પણ પૂજારીઓને પગાર ટૂંકો આપી તેઓ શોષણ કરે છે' આવા સમાચાર ક્યારેક છાપાઓમાં આવવાથી શાસન અપભ્રાજના થાય. તેથી પગારમાં પર્યાપ્ત રકમ આપવામાં ખૂટતી રકમ દેવદ્રવ્યમાંથી પૂરવામાં આવે તો આ બધા દોષોથી બચી જવાય.*

*વળી જિનભક્તિ સાધારણમાં પણ કાયમનો તોટો રહેતો હોય છે, તેથી સંઘોમાં કેસર-સુખડ હલકી કક્ષાના અને ક્યારેક બોગસ પણ આવે છે. વરખ એવા આવે કે પ્રતિમાજી ઉપરથી નીકળે જ નહીં અને પ્રતિમાની આહ્લાદકતા જ ખલાસ કરી નાંખે. જો શુદ્ધ દ્રવ્યોને લાવવા ખૂટતા પૈસા*

*દેવદ્રવ્યમાંથી આપવામાં આવે તો પરમાત્માની ભક્તિ ઉત્તમ કક્ષાની થઈ શકે.*

*વિશિષ્ટ પર્વના દિવસોમાં પ્રભુજીને અંગરચના જ ન હોય કે સાવ સામાન્ય આંગી હોય તેના કરતા જરૂર મુજબના પૈસા દેવદ્રવ્યના વાપરી ભવ્ય અંગરચના થાય તો રોજ ન આવનારા પણ દર્શન કરી પાવન થાય અને રોજ આવનારા પણ શુદ્ધ અધ્યવસાયો પામી સમ્યગ્દર્શનને નિર્મળ કરી શકે.*

*એ સિવાય દેવદ્રવ્ય વાપરીએ તો દેરાસરમાં લાઈટને બદલે શુદ્ધ ઘીના દીવા થઈ શકે. કેટલાક ઠેકાણે ટ્રસ્ટીઓ બીજે જીર્ણોદ્ધારમાં દેવદ્રવ્યના પૈસા આપે એમ ન હોય પણ પોતાના સંઘમાં વાપરવા તૈયાર હોય. તો પછી ખોટી યુનિટ ટ્રસ્ટ કે બેંક વગેરેમાં રકમ પડી રહે અને ઘોર આરંભ-સમારંભ થાય તેના કરતા દેવદ્રવ્ય પ્રભુભક્તિના કાર્યમાં વાપરવું જોઈએ, જે શાસ્ત્રસિદ્ધ છે.[a]* '' તો આ અંગે તમારું શું કહેવું છે?

**સમાધાન :** આ.શ્રીઅભયશેખરસૂરિજીના ઉપરોક્ત મુદ્દાઓ વાંચતા એવું લાગે છે કે તેમને પૂજારીના શોષણની, શાસન અપભ્રાજનાની, પરમાત્માની ભક્તિમાં વપરાતા હલકા દ્રવ્યોની, દેરાસરમાં લાઈટ વપરાય છે તેની અને દેવદ્રવ્ય બેંક વગેરેમાં મૂકવાથી થતા ઘોર આરંભ-સમારંભની ચિંતા બેહદ સતાવે છે. પરંતુ આ ચિંતાઓને દૂર કરવા માટે તેમણે દેવદ્રવ્યનો ઉપયોગ કરવાનો જે રસ્તો બતાવ્યો છે તે માતા ખૂબ પીડાતી હોય તો તેનું ગળું દબાવી નાંખી તેની પીડાને દૂર કરવા જેવો છે.

ઉપરોક્ત દૂષણો દૂર થાય તે અમને પણ ઈષ્ટ છે, પણ તે દેવદ્રવ્યના ભોગે નહીં. કેમકે પૂજારીનો પગાર, કેસર, સુખડ, ઘી આદિ માટે દેવદ્રવ્ય વાપરી ન શકાય, તે આપણે પૂર્વે પૂરવાર કરી ચૂક્યા છીએ. પૂજારીનો ઉચિત પગાર, શુદ્ધ કેસર-સુખડ-વરખ, લાઈટને બદલે શુદ્ધ ઘીના દીવા વગેરે માટે જિનભક્તિ સાધારણખાતાના પૈસાની તૂટ પડતી હોય તો 'સીદાતા ખાતામાં

a. જુઓ 'દેવદ્રવ્ય અને જિનપૂજા' પૃ. ૧૦ થી ૧૨

વાપરેલું ધન વિશેષ લાભ માટે થાય છે[a] આવો ઉપદેશ આપી તે ખાતામાં આવક ઊભી કરવી એ યોગ્ય રસ્તો છે, પણ દેવદ્રવ્ય ઉપર તરાપ ન મરાય. આજે સાધર્મિક ભક્તિની મહત્તા સમજાવીને કે જીવદયાનો ઉપદેશ આપીને સંઘોમાં દરવર્ષે કરોડો રૂપિયાની ઉપજ કરાવી શકાય છે, તેમ જિનભક્તિની મહત્તા સમજાવાય તો તેને લગતા ખાતામાં પણ સારી એવી ઉપજ થઈ શકે છે, જે અનેક સંઘોમાં થતી જોવા પણ મળે છે. પરંતુ આચાર્યશ્રીને આ રીતે ઉપજ થાય તેમાં રસ નથી, તેમને તો શાસન અપભ્રાજનાદિનો ખોટો હાઉ ઊભો કરી પૂજારીના પગાર, કેસર, સુખડાદિમાં દેવદ્રવ્ય વપરાતું થાય તેમાં રસ છે.

વળી, ક્યારેક છાપાઓમાં 'લાખો રૂપિયાની ઉપજવાળાં જૈન મંદિરોમાં ટૂંકો પગાર આપી પૂજારીનું શોષણ થાય છે' આવા શાસન અપભ્રાજના થાય તેવા સમાચાર આવે છે, માટે પૂજારીને પગારમાં પર્યાપ્ત રકમ પૂરી પાડવા દેવદ્રવ્ય વાપરવું જોઈએ એવું આચાર્યશ્રીનું કહેવું છે. પરંતુ છાપાઓમાં તો પરમાત્માના વરઘોડા, દૂધનો પક્ષાલ, સાધર્મિકભક્તિ વગેરેની ટીકા કરતા અયુક્ત લેખો પણ આવતા હોય છે, તો શું વરઘોડાદિ પણ બંધ કરી દેવાના? આચાર્યશ્રીએ છાપા વાંચવા કરતા કોક ગીતાર્થની નિશ્રામાં શાસ્ત્રો વાંચવા પર પ્રાધાન્ય આપવા જેવું છે, અને શાસ્ત્રસાપેક્ષપણે યથાશક્ય શાસન અપભ્રાજના ટાળવા યત્ન કરવા જેવો છે.

બીજું આચાર્યશ્રી જાહેર કરે કે 'જૈનમંદિરોમાં પૂજારીનું શોષણ થયાના સમાચાર કયા છાપામાં અને ક્યારે છપાયા છે? છપાયા છે તો તે કોક જૈનમંદિરની ઘટનારૂપે છપાયા છે કે સમગ્ર જૈન મંદિરોની પરિસ્થિતિના બયાનરૂપે છપાયા છે?' બાકી રાજકારણીઓની એવી આદત હોય છે કે તેઓ ખૂણે-ખાંચરે બનેલી ઘટનાને એટલી બધી ઉપસાવે કે ભોળા લોકો ભરમાઈ જાય અને પેલો એ ઘટનાના ઓઠા હેઠળ પોતાની ઈષ્ટ વાત દાખલ કરી દે.

કેટલેક ઠેકાણે ટ્રસ્ટીઓ બીજે જીર્ણોદ્ધારમાં દેવદ્રવ્યના પૈસા આપે

a. सप्तक्षेत्र्यां हि यत्सीदत् क्षेत्रं स्यात्तदुपष्टम्भे भूयान् लाभो दृश्यते। (શ્રાદ્ધવિધિ પૃ.૬૨)

એમ ન હોય, પણ પોતાના સંઘમાં વાપરવા તૈયાર હોય ત્યાં આચાર્યશ્રીનું કહેવું છે કે 'તે પૈસા બેંક વગેરેમાં મૂકવાથી ઘોર આરંભ-સમારંભ થાય, તેના કરતા પૂજારીના પગાર, કેસર, સુખડ, આંગી વગેરેમાં વપરાવવા જોઈએ, જે શાસ્ત્રસિદ્ધ છે.' પરંતુ અમારું કહેવું છે કે આવું કયા શાસ્ત્રમાં આવે છે તે પૂર્વે બતાવેલા સંબોધ પ્રકરણાદિના અન્ય શાસ્ત્રપાઠોને વિરોધ ન આવે તે રીતે તેઓશ્રી સિદ્ધ કરી આપે. કેમકે 'દેવદ્રવ્ય અને જિનપૂજા' પુસ્તકના પૃ.૨ ઉપર તેઓશ્રી જ કહે છે કે *'શ્રી જૈન શાસ્ત્રોમાં પૂર્વાપર વિરોધ સંભવતો નથી.'* બાકી ટ્રસ્ટીઓ બીજે જીર્ણોદ્ધારમાં દેવદ્રવ્યના પૈસા નથી વાપરતા માટે પ્રભુભક્તિમાં વપરાવી નાંખવા, આવું હોય તો કાલે ઉઠીને કોક એમ પણ કહેશે કે 'ટ્રસ્ટીઓ ગ્રન્થ પ્રકાશનાદિ માટે બીજે જ્ઞાનખાતાના પૈસા નથી ફાળવતા, માટે સંઘની પાઠશાળામાં બાળકોના અભ્યાસ માટે તે વાપરી નાંખો.' સંઘના ટ્રસ્ટીઓ દેવદ્રવ્યના પૈસા સુયોગ્ય ઠેકાણે ન ફાળવતા મમત્વથી બેંકમાં ભેગા કર્યા કરે તે સારું નથી જ. પરંતુ આ દોષને કાઢવા તે પૈસા શાસ્ત્રથી વિરુદ્ધ જઈ પ્રભુભક્તિમાં વાપરવાનો દોષ સેવીએ તો બકરું કાઢતા ઊંટ પેસ્યા બરાબર થાય.

જરા કલ્પના તો કરો કે આ.શ્રીઅભયશેખરસૂરિજી કહે છે તેમ જો દેવદ્રવ્ય પ્રભુભક્તિમાં વાપરવાની છૂટ આપવામાં આવે તો ટ્રસ્ટીઓ અને નિશ્રાદાતા ગુરુભગવંતોની કેવી મનઃસ્થિતિ થશે-ટ્રસ્ટીઓને થશે કે 'અમારા કાર્યકાળ દરમ્યાન વધુમાં વધુ ધામધૂમ કરી દઈએ' તેથી તેમની નજર દેવદ્રવ્યને બચાવવા તરફ નહીં, પણ ખર્ચી નાંખવા તરફ રહેશે. ગુરુ ભ.ને પણ થશે કે 'મારી નિશ્રામાં થયેલ પ્રતિષ્ઠા-વરઘોડા વગેરેની આવક મારી નિશ્રામાં જ ઠાઠમાઠથી પ્રસંગો કરવામાં વપરાવી જોઈએ.' આમ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનું મન જ કોઈને નહીં થાય. બધા દેવદ્રવ્યના ભોગે પોતાની બોલબાલા કરવામાં પડી જશે, તેથી જીર્ણોદ્ધારાદિ આવશ્યક કાર્યો સીદાવા લાગશે.

એ સિવાય આચાર્યશ્રી કહે છે કે 'ક્યારેક વિશિષ્ટ પર્વના દિવસોમાં પરમાત્માને અંગરચના જ ન હોય કે સામાન્ય હોય ત્યારે દેવદ્રવ્યના પૈસા વાપરી ભવ્ય અંગરચના થાય તો દર્શન કરનારનું સમ્યગ્દર્શન નિર્મળ થાય.' પરંતુ 'દેવદ્રવ્યથી બનેલ આંગીના દર્શન કરનારનું સમ્યગ્દર્શન આચાર્યશ્રીની સ્વપ્નસૃષ્ટિમાં નિર્મળ થશે ત્યારે થશે, પણ દેવદ્રવ્ય આંગીમાં વાપરનારનું, તેના અનુમોદકનું કે તેના ઉપદેશકનું સમ્યગ્દર્શન તો અત્યારે જ બળીને ખાખ થઈ જશે. સમ્યગ્દર્શનની નિર્મળતા પરમાત્માની આજ્ઞા ઉપર પગ મૂકીને નહીં, પણ પરમાત્માની આજ્ઞાના પાલનથી થતી હોય છે. દેવદ્રવ્ય પરમાત્માની અંગરચનામાં વાપરવાની આજ્ઞા કોઈ શાસ્ત્રમાં નથી, ઉપરથી તેનો નિષેધ છે.

**શંકા :** *આ.શ્રીઅભયશેખરસૂરિજી ફરમાવે છે કે 'સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઈએ' આ વિધાનનો અર્થ 'દેવદ્રવ્ય ભિન્ન દ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઈએ, પણ દેવદ્રવ્યથી નહીં'એવો કરવામાં આવે તો કેસર-સુખડ વગેરે સામગ્રીના ચડાવાથી ઉત્પન્ન થયેલ દ્રવ્ય પણ 'આ દેવની ભક્તિ માટે જ વાપરવું' આવી અવધારણ બુદ્ધિવાળું થવાથી દેવદ્રવ્ય બની જાય છે. માટે તેનાથી જિનપૂજા કરવાનો નિષેધ પણ સામાપક્ષને લાગુ પડી જશે.*[a]

**સમાધાન :** આચાર્યશ્રીએ 'સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઈએ' આ વિધાનનું અમારા પક્ષ વતી 'દેવદ્રવ્ય ભિન્ન દ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઈએ, પણ દેવદ્રવ્યથી નહીં' આવું મૂર્ખતાભર્યું અર્થઘટન કરવાનો પ્રયાસ કર્યો છે, એ જ તેમની શાસ્ત્રપંક્તિઓના અર્થઘટનની અનાવડતને સૂચવે છે. ઉપરોક્ત અર્થઘટનમાં દેવદ્રવ્ય ભિન્ન દ્રવ્ય તરીકે જીવદયા-અનુકંપાનું દ્રવ્ય, ગુરુવૈયાવચ્ચદ્રવ્ય વગેરે પણ પકડાય. શું અમારો કે એમનો પક્ષ આ દ્રવ્યોથી જિનપૂજા કરવામાં માને છે? સામાપક્ષની માન્યતા શું છે તે વ્યવસ્થિત

a. જુઓ 'ધા.વ.વિ.પૃ.૨૦૬-૨૦૭.

જાણ્યા વિના તેમણે આવા અર્થઘટનનું સાહસ જ ન કરવું જોઈએ.

અમે 'સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઈએ' આ ઔત્સર્ગિક વિધાનનું અર્થઘટન 'દેવદ્રવ્ય ભિન્ન દ્રવ્યથી જિનપૂજા કરવી જોઈએ, પણ દેવદ્રવ્યથી નહીં' આવું નથી કરતા, પણ 'સ્વદ્રવ્યથી ભિન્ન એવા દેવદ્રવ્યથી જિનપૂજા ન કરવી જોઈએ' આવું કરીએ છીએ. વળી નિષેધ પામેલા આ દેવદ્રવ્યમાં જિનભક્તિ સાધારણરૂપ (=પૂજા અને કલ્પિત) દેવદ્રવ્યનો સમાવેશ નથી થતો. કેમકે જે દ્રવ્યસપ્તતિકા ગ્રન્થમાં 'સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઈએ (પણ ગૃહમંદિર કે સંઘમંદિરના દેવદ્રવ્યથી નહીં)[a]' આ વિધાન કર્યું છે, તે જ ગ્રન્થમાં આગળ 'સંઘમંદિરે જ્યારે જિનભક્તિ સાધારણરૂપ દેવદ્રવ્ય (=ચૈત્યદ્રવ્ય)ની ઉપજ થવી અશક્ય હોય ત્યારે ગૃહમંદિર કે સંઘમંદિરનું દેવદ્રવ્ય પૂજામાં વાપરવું, અન્યથા નહીં[b]' આમ જિનભક્તિ સાધારણરૂપ દેવદ્રવ્યથી ગૃહમંદિર અને સંઘમંદિરના દેવદ્રવ્યને જુદું પાડ્યું છે, અને તેનો અપવાદે[c] જિનપૂજામાં વપરાશ કરવાનું વિધાન કર્યું છે. તથા સંબોધ પ્રકરણ ગ્રન્થમાં પણ જિનપૂજા માટે પૂજા અને કલ્પિત દેવદ્રવ્યનો અર્થાત્ જિનભક્તિ સાધારણનો નિષેધ નથી કર્યો. ટૂંકમાં 'સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઈએ' અહીં 'જ'કારથી જિનભક્તિ સાધારણ સિવાયના દેવદ્રવ્યનો પૂજાર્થે નિષેધ કર્યો હોવાથી અમે આ વિધાનનું અર્થઘટન 'સ્વદ્રવ્યથી ભિન્ન એવા જિનભક્તિ સાધારણ સિવાયના દેવદ્રવ્યથી જિનપૂજા ન કરવી જોઈએ' આવું કરીએ છીએ, અને આ અર્થઘટન મુજબ કેસર-સુખડ વગેરે સામગ્રીના ચડાવાથી ઉત્પન્ન થયેલ

---

a. देवगृहे देवपूजाऽपि स्वद्रव्येणैव यथाशक्ति कार्या, न तु स्वगृहढौकितनैवेद्यादि-विक्रयोत्थद्रव्येण देवसत्कपुष्पादिना वा। (દ્રવ્યસપ્તતિકા શ્લો.૧૨ પૃ.૪૨, શ્રાદ્ધવિધિ પૃ.૬૧)

b. જુઓ દ્રવ્યસપ્તતિકા શ્લો.૧૨, પૃ.૪૩

c. આ અપવાદ પ્રભુ અપૂજ રહેતા હોય તેવી અવસ્થા માટેનો છે. તે માટે પૃ.૩૩ થી ૩૬ જુઓ.

દ્રવ્ય અવધારણ બુદ્ધિવાળું જિનભક્તિ સાધારણરૂપ દેવદ્રવ્ય બનવા છતાં તેનાથી લાવેલા કેસર-સુખડાદિથી પૂજા કરવામાં આવે તો તેનો નિષેધ અમારા પક્ષને લાગુ નહીં પડી શકે.

છેલ્લે આ વાતનું સમાપન કરતા જણાવવાનું કે

(i) સ્વદ્રવ્યથી પૂજા કરવી એને અમે ઉત્સર્ગ માર્ગ કહીએ છીએ.

(ii) સ્વદ્રવ્ય કે જિનભક્તિ સાધારણ દ્રવ્યના અભાવના કારણે પ્રભુ અપૂજ રહે તેવી સ્થિતિમાં દેવદ્રવ્યથી પૂજા કરવી તેને અપવાદ માર્ગ કહીએ છીએ. અને

(iii) પોતાનું પૂજાનું કર્તવ્ય અદા કરવા જિનભક્તિ સાધારણ સિવાયના દેવદ્રવ્યથી પ્રભુપૂજા કરવી તેને ઉન્માર્ગ કહીએ છીએ.

સૌ કોઈ ઉન્માર્ગનો ત્યાગ કરી સન્માર્ગે ચાલે એજ અભિલાષા...

**शुभं भवतु सकलश्रीसङ्घस्य...**

સમાધિસિદ્ધ મહાપુરુષ પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

..... સમાધિસ્મૃતિ રજત વર્ષ .....

25 Years

વિ.સં. ૨૦૪૭-૨૦૭૨
અ.વ. ૧૪